વર્ષ : ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૦ અંક : ૨ કિંમતઃ રૂા. ૧૫/-

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभविद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते

CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR



ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે જીસેટ કોલેજ સંકુલમાં ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ સહિતના શિક્ષણ સુધારાઓના અમલીકરણ માટેની ચિંતન બેઠકમાં ચાવિમંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સાથે ગુજરાતનાં ઉચ્ચશિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.બી.જી.પટેલ, ચાવિમંડળના માનદમંત્રી પ્રિ.આર.પી.પટેલ સહિતના મહાનુભાવો જોડાયા હતા.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીઝેડ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટના સાતમા વાર્ષિકોત્સવ સમારંભને અમેરિકાના આહોઆના ચેરમેન શ્રી તરૂણ એસ. પટેલ સંબોધતા જણાય છે. મંચ પર સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને માનદમંત્રી પ્રિ.આર.પી.પટેલ તથા કોલેજના આચાર્ય ડૉ.અતુલ બંસલ સહિતના મહાનુભાવો દૃશ્યમાન છે.



# વિ – વિદ્યાનગર
## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન


ફેબ્રુઆરી, ૨૦૧૦
વર્ષ : ૧૨ અંક : ૨
(સળંગ અંક ૪૬૧)



***તંત્રી***
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

***પરામર્શન***
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

***સંપાદન***
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

***સંપાદન-સહાય***
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

***પ્રકાશક***
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

***આવરણ***
અજિત પટેલ

***મુદ્રક***
આણંદ પ્રેસ, ગામડી

***ચારુતર વિદ્યામંડળ***
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

***સ્થાપના વર્ષ***
૧૯૪૫

*कर्मण्येवाऽधिकारस्ते*

***અધ્યક્ષ***
ડૉ. સી.એલ. પટેલ

***માનદ મંત્રી***
પ્રિ. આર.પી.પટેલ

***માનદ સહમંત્રીઓ***
પ્રિ. એસ.એમ. પટેલ
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ • ડૉ. એસ.જી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

*પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે.*


*અંકની છૂટક કિંમત રૂા. ૧૫/- • રવાનગી ખર્ચ રૂા. ૧૦/*

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.


*વિ-વિદ્યાનગર*

**હવે વેબસાઈટ પર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.


**આ માસની કાવ્યકણિકા**

પોષ-શિશિરની રજાઈ ઓઢી
અમે એક થરથરતા, સાજન!

• *રાજેન્દ્ર શુક્લ*


# *વિ-વિદ્યાનગર*

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ફેબ્રુઆરી, ૨૦૧૦

વર્ષ : ૧૨ અંક : ૨

(સળંગ અંક ૪૬૧)


*ज्ञानं सतां मान-मदादिनाशनं*
*केषाञ्चिदेतन्मदमानकारणम् ।*
*स्थानं विविक्तं दयतिनां विमुक्तये*
*कामानुराणामति कामकारणम् ॥*

સજ્જનોનું જ્ઞાન તેમનાં માન, મદ વગેરેનો નાશ કરે છે.
કેટલાક લોકોને આ જ જ્ઞાન મદ અને અભિમાનનું કારણ બને છે.
એકાંતસ્થાન યોગીઓ માટે મુક્તિનું કારણ છે, જ્યારે કામીજનો
માટે તે કામાવેશ માટેનું નિમિત્ત બને છે.

(સંકલિત)


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ઉચ્ચ શિક્ષણમાં આમૂલ પરિવર્તન★ હરિ દેસાઇ
॥ આપણો વારસો અને વૈભવ ॥
॥ પદ્ય વિભાગ ॥ નરસિંહ મહેતા, પ્રહ્લાદ પારેખ, ભોગીલાલ ગાંધી, મીઠો ભગત / 1
॥ ગદ્ય વિભાગ ॥ ચૌલાનું અંતિમ નૃત્ય ★ કનૈયાલાલ મુનશી / 2
॥ નવાં કાવ્યો ॥ જિતુ પુરોહિત, વિશાલ જોશી'સ્નેહ', સુધીર પટેલ, હર્ષદ સોલંકી, નીલેશ પટેલ, સાહિલ, આબિદ ભટ્ટ, અલ્પેશ પી.પાઠક / 3
॥ અનુવાદિત કાવ્યો ॥ દિલીપ ચિત્રે ★ હેમાંગ દેસાઇ / 5
॥ નવલિકા ॥ રામ-લખમણ ★ પ્રભુદાસ પટેલ / 6
॥ લઘુકથા ॥ નનામો પત્ર ★ ફિલિપ ક્લાર્ક, સૂરજમુખી ★ હરીશ મહુવાકર / 8
॥ સામ્પ્રત ॥ મારી માતૃભાષા, મારી ત્વચા ★ ભદ્રાયુ વછરાજાની / 9
॥ વ્યક્તિ વિશેષ ॥ ભાવનગરમાં સરદાર પટેલ : હુમલાનું પૂર્વયોજિત કાવતરું ★ ગંભીરસિંહ ગોહિલ / 11
॥ સંવાદ ॥ શાંત કોલાહલના સર્જક રાજેન્દ્ર શાહ સાથે ★ ટીના દોશી / 14
॥ અંજલિ ॥ રાજેન્દ્ર શાહની ગીતકવિતા ★ ભગીરથ બ્રહ્મભટ્ટ / 17
॥ ગ્રંથપરિચય ॥ આંબેડકર અને 'અમારો બાપ અને અમે' ★ સિલાસ પટેલિયા / 18
॥ચેતના ॥ જલવાયુ પરિવર્તન:સાંપ્રતનો પડકાર ★ કે.એન.જોષીપુરા / 20
॥ ચિંતન ॥ આતંકવાદ ★ મધુભાઇ ઠાકર / 23
॥ રંગભૂમિ ॥ स्वातंत्र्योत्तर नाटकों में सम-सामयिक समस्याएँ ★ दिनेश रबारी / 24
॥ કલાવિશ્વ ॥ અતુલ ડોડિયા : કેન્વાસનો કવિ ★ કનુ પટેલ / 27
॥ સંસ્થાવિશેષ ॥ આઇઆઇટી છોડી આઇસ્ટારને વહાલું કર્યું ★ પારુલ દોશી / 28
॥ પ્રસંગપરાગ ॥ ★ સુધીર મુખરજી / 30
॥ રમત-જગત ॥ ૨૦૦૯માં રમતગમતનું અવનવું★ પી.ડી.શર્મા / 31
॥ વિદ્યાવૃત્ત ॥ / 34

// અધ્યક્ષસ્થાનેથી //

## સ્વનિર્ભર સંસ્થાઓનો શુભારંભ

વર્ષ ૧૯૯૦ પછી રાજ્ય તેમજ ભારતની સરકારોએ પોતાની જવાબદારી હવે પછી પ્રાથમિક શિક્ષણ પૂરતી જ રહેશે અને ઉચ્ચશિક્ષણની જવાબદારી સમાજ ઉપાડે એવું નક્કી કર્યું. આ તબક્કે ચારુતર વિદ્યામંડળ જેવી સંસ્થા માટે સમયની માગ પ્રમાણે શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે કઇ રીતે આગળ વધવું એનો એક પડકાર ઊભો થયો. ૧૯૯૪માં તો સારીય દુનિયામાં વૈશ્વિકીકરણનો વાયરો ફૂંકાયો. પૂજ્ય ભાઇકાકા અને પૂજ્ય ભીખાભાઇ સાહેબના સમયમાં તાલીમપ્રાપ્ત નાગરિકો તૈયાર કરીને રાજ્યસ્તરે વ્યવસ્થાશક્તિમાં ઉપયોગી થાય એવા પ્રયાસો થયા. ડૉ.એચ.એમ.પટેલ સાહેબના સમયમાં તાલીમપ્રાપ્ત નાગરિકોને રાષ્ટ્રીય સ્તરે વ્યવસ્થાશક્તિમાં કામે લગાડવા પર ભાર મૂકાયો. એ પછી જ્યારે વૈશ્વિકીકરણની વાતો શરૂ થઇ ત્યારે જે કોઇ શિક્ષિત નાગરિક હોય તે વૈશ્વિકસ્તરે ઉપયોગી થાય તેવું જ્ઞાન પ્રદાન કરતી શિક્ષણ સંસ્થાઓ અને અભ્યાસક્રમો સ્થાપવાનું શરૂ કરવું અનિવાર્ય બન્યું.

૧૯૪૬ પછી શરૂઆતનાં વર્ષોમાં લાખોમાં વાતો થાય એટલે આપણને સંતોષ થાય. ૧૯૯૩ સુધી નવી સંસ્થાઓ સ્થાપવા માટે લાખોના ખર્ચ થતા, તે માટેના પ્રયાસમાં દાતાઓનો સહકાર મળતો. ૧૯૯૪ પછી જે કોઇ નવી નવી સંસ્થાઓ ઊભી કરવામાં આવી તેમાં કરોડો રૂપિયાનું રોકાણ જરૂરી બન્યું અને કરોડો રૂપિયા મેળવવામાં દાતાઓનો સહકાર મળવા માંડ્યો. એ જ રીતે રાજ્ય અને ભારત સરકારની વિચારધારા પ્રમાણે સ્વનિર્ભર સંસ્થાઓ સ્થાપવા તથા નવા નવા અભ્યાસક્રમો શરૂ કરવાની દિશા પકડાઇ.

આવા નવા અભ્યાસક્રમનું શિક્ષણ આપવા માટે પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ કોલેજ તથા નવી એન્જિનિયરિંગ કોલેજ શરૂ કરવાનો વિચાર કર્યો. નવી સાયન્સ કોલેજ શરૂ કરવા માટે શ્રી નટુભાઇ વી.પટેલ(કરમસદ)ના ટ્રસ્ટ તરફથી મદદ મળી અને નવી એન્જિનિયરિંગ કોલેજ માટે ગોરધનભાઇ હાથીભાઇ પટેલ(કરમસદ) તરફથી મદદ પ્રાપ્ત થઇ. આ નવી સ્વનિર્ભર એનવીપાસ (જૂન ૧૯૯૬) અને જીસેટ કોલેજ (૧૯૯૬) શરૂ કરવા અને તેમાં પરંપરાગતને બદલે નવા અભ્યાસક્રમો આરંભવા માટે સરદાર પટેલ યુનિવર્સિટી, યુ.જી.સી. અને ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશનની મંજૂરી પણ પ્રાપ્ત થઇ. આજે આ બન્ને કોલેજો દેશની 'એ' ગ્રેડની શ્રેષ્ઠ કોલેજોમાં સ્થાન પ્રાપ્ત કરી ચુકી છે એ બાબતનો સંતોષ જરૂર અનુભવાય.

૧૯ જાન્યુઆરી ૨૦૧૦

સી.એલ.પટેલ

## *ઉચ્ચ શિક્ષણમાં આમૂલ પરિવર્તન*

ગુજરાત ગુણવત્તાસભર શિક્ષણની દિશા પકડવામાં છે. નવી પેઢી તૈયાર કરવા માટે શિક્ષણ જ મુખ્ય માધ્યમ છે એ વાત સર્વવિદિત છે. હમણાં ચારુતર વિદ્યામંડળના નેતૃત્વમાં રાજ્ય સરકારને અભિપ્રેત એવી ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ(સીબીસીએસ) સહિતની વ્યવસ્થાને આગામી જૂનથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં અમલી બનાવવાની દિશામાં વલ્લભ વિદ્યાનગરે પહેલ કરી. રાજ્યભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં શિક્ષણ સુધારા અને અત્યાધુનિક શિક્ષણ વ્યવસ્થાના અમલીકરણ સંદર્ભે યુજીસીએ ચીંધેલા માર્ગે આગળ વધીને આદર્શ મોડેલ અમલી બનાવવાના નક્કર સંકલ્પની શરૂઆત થઇ. રાજ્ય સરકારનાં ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની સીવીએમ મુખ્યાલય ખાતે બેઠક થઇ. સમગ્ર ગુજરાત માટે નવતર શિક્ષણ વ્યવસ્થા માટેનું મોડેલ તૈયાર કરીને જૂન-૨૦૧૦થી એને અમલી બનાવવાનું ચિંતન શરૂ થયું. આ બેઠકમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.બી.જી.પટેલ પણ ઉપસ્થિત હતા.

પ્રથમ તબક્કામાં સીવીએમના નિમંત્રણથી જીસેટ સેમિનાર હોલમાં આ સંદર્ભે સકારાત્મક ભૂમિકા તૈયાર કરવા માટે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના સંચાલકો અને કેળવણીકારો તથા તજ્જ્ઞ શિક્ષણવિદોનું સહચિંતન યોજાયું. વાતાવરણ તૈયાર થયું. સંમતિ સધાઇ. ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી રવિ અને તેમની ટીમે સમગ્ર ગુજરાતના શિક્ષણતંત્રમાં આમૂલ પરિવર્તન આણવા માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો પરિચય કરાવ્યો. સપ્તધારાથી લઇને સીબીસીએસના અમલ માટેની સજ્જતાનું ચિંતન થયું. અમલ પૂર્વે સીબીસીએસને અનુરૂપ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાના સંકલ્પની પ્રગતિની પણ વાત થઇ. રાજ્ય સરકાર અને શૈક્ષણિક સંકુલો સંયુક્ત રીતે કાંઇક નવી વ્યવસ્થાને અમલી બનાવવા તૈયાર હોય ત્યારે કશુંજ અશક્ય નથી રહેતું. શિક્ષણના આ મહાયજ્ઞમાં ચારુતર વિદ્યામંડળ સ્વાભાવિક રીતે સામેલ હોય જ કારણ એની સ્થાપનાથી લઇને આજ સુધીનો ઘટનાક્રમ આ વાતની સાક્ષી પૂરે છે.

ગુજરાત અને શિક્ષણની વાત આવે ત્યારે રાજ્યના સૌથી મોટા શિક્ષણસંકુલ તરીકે ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરનું નામ કાને પડવું સ્વાભાવિક છે. છેક ૧૯૪૬માં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી ભાઇકાકા અને ભીખાભાઇ સાહેબે ચારુતર વિદ્યામંડળના માધ્યમથી ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાનગરની સ્થાપના કરીને નવો ચીલો પાડ્યો. એમના અનુગામી અને સંનિષ્ઠ સનદી અધિકારી એવા ડૉ.એચ.એમ.પટેલે શિક્ષણયજ્ઞને સુપેરે આગળ ધપાવ્યો. ૧૯૯૪થી આ શિક્ષણયજ્ઞને આગળ ધપાવવાની જવાબદારી ડૉ.સી.એલ.પટેલના શિરે આવી. તેમણે વૈશ્વિકસ્તરના અનેક અભ્યાસક્રમો સાથે ગુણવત્તાસભર શિક્ષણમાં અગ્રેસર રહેવા માટે નવી સંસ્થાઓ ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના કરીને ભાઇકાકા, ભીખાભાઇ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલે આદરેલા પ્રયાસોને નવી દિશા બક્ષી. આધુનિક શિક્ષણના શિલ્પી ગણાતા ડૉ.સી.એલ.પટેલે ગુણવત્તાસભર શિક્ષણના રાજ્ય સરકારના સંકલ્પને આવકાર્યો એટલે સ્વાભાવિક હતું કે અન્ય શિક્ષણ સંચાલકો અને શિક્ષણવિદો માટે પણ એ દિશામાં આગેકૂચ કરવાની સકારાત્મક પ્રેરણા મળે.

બીજા તબક્કામાં સરદાર પટેલ યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અપેક્ષિત સુધારાઓ અને ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમનો રાજમાર્ગ ઘડવા માટે રાજ્યસ્તરની એકદિવસીય કાર્યશાળાનું પણ આયોજન આદર્યું. સમગ્ર રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓ સાથે બેસીને રાજ્ય સરકાર આ અંગે નીતિવિષયક નિર્ણય લેવાની ઇચ્છાશક્તિ ધરાવે ત્યારે સ્વાભાવિકપણે એવું અનુભવાય કે ગુજરાત કોઇપણ બાબતમાં પ્રથમ ક્રમે રહેવા કૃતસંકલ્પ છે. આવતા દિવસોમાં પણ ગુજરાત શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં અગ્રસ્થાને રહેશે એ નિશ્ચિત જણાય છે. ગુજરાતની યુવાપેઢી દુનિયાભરમાં પોતાનું નામ રોશન કરતી રહેશે અને નવી સિદ્ધિઓ સર કરશે એ માટે રાજ્યના સ્વર્ણિમ વર્ષના સંકલ્પો સાકાર કરવા માટેનો રોડમેપ વલ્લભ વિદ્યાનગર પૂરો પાડે એ બાબત ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો ભાઇકાકા અને ભીખાભાઇ સાહેબ તથા સંવર્ધક ડૉ.એચ.એમ.પટેલના આત્માને શાતાની અનુભૂતિ કરાવનાર જરૂર બની રહેશે.

• *હરિ દેસાઇ*

*// આપણો વારસો અને વૈભવ //*

(પદ્ય વિભાગ)

## *રાત રહે જ્યાહરે*

***-નરસિંહ મહેતા***

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી
સાધુ પુરુષને સૂઈ ન રહેવું ;
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ
એક તું એક તું એમ કહેવું.

જોગિયા હોય તેણે જોગ સંભાળવા
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.

સુકવિ હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા
દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું
કંથ કહે તેય તો ચિત્ત ધરવું.

આપણે આપણા ધર્મ સંભાળવા
કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં
ફરી નવ અવતરે નર ને નારી.

## *મૂળિયાં આવે યાદ*

***-પ્રહ્‌લાદ પારેખ***

મને તો મૂળિયાં આવે યાદ.
ફૂલ, પાન, ફળની સુંદરતા
કરું ન જરીયે બાદ.
પરંતુ મૂળિયાં આવે યાદ... મને.

રહે ઝાડ ને પુષ્પો મલકી
અને રહે ફળ રસથી છલકી
ભોંય તણી ભીરત એ કાજે
ખોડ્યા જેણે પાદ... મને.

રહે અન્ય અજવાળાં માણી
લેતા રે જગહેત લહાણી
એ કાજે કાયમની જેણે
સ્વીકારી છે રાત... મને.

ફૂલ તણું હું ગાઉં ગાણું
ફળ કેરા રસનેયે માણું
રહે મૂળિયાં કરમાં મારા
હૈયા કેરો હાર.... મને.

## *દિલનો દીવો*

***-ભોગીલાલ ગાંધી***

તું તારા દિલનો દીવો થા ને,
ઓ રે ઓ રે ઓ...ભાયા.

રખે કદી તું ઉછીનાં લેતો,
પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે તો
ઊડી જશે પડછાયા... તું.

કોડિયું તારું કાચી માટીનું,
તેલ-દિવેટ છુપાયાં;
નાનીશી સળી અડી ન અડી
પ્રગટશે રંગમાયા... તું.

આભમાં સૂરજ, ચંદ્ર ને તારા,
મોટા મોટા તેજ રાયા;
આતમનો તારો દીવો પેટવવા
તું વિણ સર્વ પરાયા...તું.

## *મોરલીની અસર*

***-મીઠો ભગત***

સાંભળ સૈયર વાતડી ઉત્તમ આસો માસ,
શરદપૂનમની રાતડી ચંદ્ર ચડ્યો આકાશ.

એવામાં હરિ આવિયા વૃન્દાવનને ચોક,
મોરલીમાં વેદ વજાડિયા તે સુણિયા ત્રિલોક.

અષ્ટકુળ પરવત ડોલિયા, ડોલ્યા નવકુળ નાગ,
મોર બપૈયા બોલિયા, સાંભળતાં તે રાગ.

જાતાં ને વળતાં થંભિયાં નદીઓ કેરાં નીર,
વચ્છ ને બાળ વલંભિયાં પીતાં પીતાં ખીર.

બગ મૃગ શ્રવણ ધરી રહ્યાં તરણ ન વંદે ગાય,
ઠારોઠાર ઠરી રહ્યાં મુખ ચારો મુખમાંહ્ય.

પવન રહ્યો મુરઝાઈને મુનિવર મૂક્યાં ધ્યાન,
વળી રહ્યાં વિલંભાઈ વહેતાં ગગન વિમાન.

મોહી મોરલીના તાનમાં વ્યાકુળ થઈ વ્રજનાર,
એકે એક નિશાનમાં હીંડે હારોહાર.

*(ગદ્ય વિભાગ)*

## *ચૌલાનું અંતિમ નૃત્ય*

*કનૈયાલાલ મુનશી*

સાંજના આરતીનો સમય થાય છે. સભામંડપ ઝાકઝમાળ શોભે છે. સેંકડો મણિમય સ્તંભોમાંથી હજારો દીવાઓનાં તેજ પાછાં મારે છે. નીચે ખૂણેખૂણે સુવર્ણની દીવીઓ બળે છે. બહાર સભામંડપમાં રાજાઓની બેઠક છે. જમણે હાથે ભીમદેવ મહારાજ બેઠા છે. કચ્છ અને સોરઠના ધણી અને સામંતો ખુશમિજાજમાં બેઠા છે.

શંખ વાગે છે ને બધા ઊભા થાય છે. ગગન સર્વજ્ઞ, પાવડીએ ચઢી, ચીનાંશુક પર વ્યાઘ્રચર્મ ઓઢી, કાળી જટાને જરા ક્ષોભથી પંપાળતા આવે છે. એ બધાનાં 'નમઃશિવાય' ઝીલતાં મંદિરમાં જઇને પલવાર ધ્યાન કરે છે, બીલી ચઢાવે છે ને ઘંટ વગાડે છે. રત્નજડિત આરતી, જે કાશ્મીરના રાજવીએ ભગવાનના ચરણમાં મોકલી હતી તે, ગગન સર્વજ્ઞ હાથમાં લે છે. બધા આરતી સાથે ગાય છે. પ્રભાસ આખું, પૂર્વે હતું તેમ, સોમનાથમય બને છે. બધા એક અવાજે 'જય સોમનાથ'ની ગર્જનાથી ગગન ગજવે છે.

બધા શાંત થાય છે. ગગન સર્વજ્ઞ પોતાને સ્થાને બેસી આજ્ઞા કરે છે : 'નૃત્ય થવા દો !'...ઝાંઝર ખખડે છે, મૃદંગનો અવાજ આવે છે, નર્તકી સભામંડપમાં આવે છે. હીરા, મોતી અને રત્નોથી ઝળકતી દિવ્ય કો દેદીપ્યમાન અપ્સરા. મૃદંગના ઠેકાની સાથે પગ ઊપડતો જાય છે. કંપાયમાન સ્વરે નર્તકી પોતે પણ ગાય છે, છેક ધીમેથી, ભાગ્યે જ કોઇ સાંભળી શકે એમ. તે ગર્ભદ્વાર આગળ જાય છે, કર જોડે છે, નમન કરે છે, સાષ્ટાંગ પ્રણામ કરે છે. પછી તે શિવની પૂજા નૃત્ય ને અભિનયથી કરે છે.

અભિસારિકા સમી નર્તકી પૂજા કરે છે. પછી તે શિવને વીનવે છે,તેના અંગમાંથી લાલિત્યની સરિતા વહે છે. તેનું કરુણ ગીત આસ્તે વાજતાં નૂપુરો ગાય છે. તે શંકર રીઝવવા મથે છે-તે હસાવવા પ્રયત્ન કરે છે. તે ક્ષમા યાચે છે. નિરાશ થયેલી તે પાછી પડે છે. લથડતે પગે તે પાછી આવે છે. ભીમદેવ મહારાજ ગાંડા જેવા, ફાટે ડોળે, હાલવાને, અશક્ત આ આકૃતિ, આ નૃત્ય, આ અભિનય જોઇ રહે છે. ગગન સર્વજ્ઞની આંખોમાં ભય વ્યાપી રહે છે.

નર્તકી શંકર રીઝવવાનો છેલ્લો પ્રયત્ન કરે છે. નિરાશાની મૂર્તિ સમી તે જાણે આક્રંદ કરતી હોય તેવું નૃત્ય કરે છે. રુદન તેના ઝાંઝરમાંથી નીતરે છે. ધ્રુસકું મૃદંગમાંથી બોલે છે કે નર્તકીના ગળામાંથી તે કોઇ કહી શકતું નથી. અભિનય અને પગના ઠેકા સાથે તે ભગવાનના પગ આગળ સર્વસ્વ સમર્પે છે...ને ઝણણણ કરતી નર્તકી ઊભી થઇ જાય છે. મૃદંગ ધમધમે છે. ચિત્રવત્ બનેલી મેદની ગાંડી બનીને જોઇ રહે છે. નર્તકીના મુખ પરનું લૂગડું ખસી જાય છે. સુક્કા સ્વરૂપવાન મુખ પર દિવ્ય સુખનું અમર તેજ તપે છે. એની આંખોમાં પ્રણયની વિદ્યુલ્લેખા ચમકે છે.

તોડો પૂરો થાય તે પહેલાં તે ગર્ભદ્વાર તરફ છલંગ મારે છે, ઉમરા પર માથું ટેકવે છે...મૃદંગ અટકે છે...ઝાંઝર પણ અટકે છે. માથું ઉમરા પરથી, નિશ્ચેતન, બાજુ પર ઢળે છે. શરીર, શિથિલ બની ઢગલો થાય છે.

તરવાર કાઢતા ભીમદેવને હાથ વતી અટકાવી ગગન સર્વજ્ઞ ઊઠી નર્તકી પાસે દોડતા જાય છે. આ ધન્ય પલે, ચૌલાએ એના ભોળાનાથને સર્વસ્વ સમર્પણ કરી દીધું હતું...

('જય સોમનાથ' : ક.મા.મુનશીકૃત નવલકથાના અંતિમ પ્રકરણ 'ચૌલાનું નૃત્ય'નો એક અંશ)

(૮મી ફેબ્રુઆરીના રોજ લેખકની ૪૦મી પુણ્યતિથિ છે.) ●

*॥ નવાં કાવ્યો ॥*

## *અંત લગી છે !*

***જિતુ પુરોહિત***

ઈચ્છાઓ તો હાથવગી છે.
પણ પીડાની સૌ સગી છે.

કરિયાવર ફૂલોનો લેશે,
વસંત ઉપવનની ગગી છે.

આખેઆખી જાત અર્પવી,
સસ્તી ક્યાં દિવાનગી છે ?

શ્વાસ, તમે ક્યાં જાશો છોડી ?
સંગ આપણો અંત લગી છે.

હવે સ્પષ્ટ દેખાય છે રસ્તો,
ભીતર ઝળહળ જ્યોત ઝગી છે.

'ચંદ્રમૌલિ' સરદારનગર,ચૂનાભઠ્ઠી રોડ,
કેશોદ-૩૬૨૨૨૦. મો.૯૪૨૭૯ ૩૩૪૦૩

## *સમસ્ત વિશ્વ આંગણે*

***વિશાલ જોશી'સ્નેહ'***

અહો ! સૃજન સભર કલા સમસ્ત વિશ્વ આંગણે.
શબદ નિનાદ મંગલા સમસ્ત વિશ્વ આંગણે.

જળે, સ્થળે, નભે બધેય શ્વાસની હયાત આ,
અદ્વૈત જીવ શૃંખલા સમસ્ત વિશ્વ આંગણે.

સ્રવે, ઠરે, વહે કદી જટા મહીંથી અવતરણ,
એ જલ-પ્રવાહ નિર્મલા સમસ્ત વિશ્વ આંગણે.

રહે તમસ પ્રગાઢ તોય શર્વરી ઝળાંહળાં,
પ્રકાશપુંજ ઉજ્જવલા સમસ્ત વિશ્વ આંગણે.

ટકી રહે જગત સકલ અજીબ તત્ત્વ એક એ,
નિઃસ્વાર્થ 'સ્નેહ' અનર્ગલા સમસ્ત વિશ્વ આંગણે.

લોકભારતી, સણોસરા,તા.શિહોર, જિ.ભાવનગર.

## *નમૂના જો*

***સુધીર પટેલ***

અમારા દર્દનાં થોડાં નમૂના જો,
નવાં લાગે, ભલે એ હોય જૂનાં જો !

ઉપરથી લાગશે એ બહુ શીતળ-શીતળ,
વહે ભીતર પ્રવાહો કૈંક ઊનાં જો !

નથી એનેય એક રહેવા દીધા લોકે,
હજારો નામ ને રૂપો પ્રભુનાં જો !

કોઇ ચોરી ગયું ટહુકા બધાં 'સુધીર',
થઇ ગ્યાં પંખીઓ સૌ સૂના સૂના જો !

હશે પણ કેટલી વ્હાલી સજા 'સુધીર'?
કરે છે જીવવાના રોજ ગુના જો !

7504 Double Springs Court,
Charlotte, NC 28262

## *ગઝલ*

***હર્ષદ સોલંકી***

યાદમાં તારી હજી બળ હોય છે,
છાતીએ પુરાણી કળતર હોય છે.
ઘર મહીં સૂક્કી હવા વીંઝાય છે,
આંગણે ક્યારો લીલોછમ હોય છે.
સાવ કોરા, લાખ પાણીથી ઘસો,
હોય છે, એવાય પથ્થર હોય છે.
બાંધતાની સાથ ફટ્-ફૂટી જતા,
એટલા કાચાય સગપણ હોય છે.
શું કરીશું ઘેર જઇએ, જ્યાં ભલા,
દ્વાર ખુલ્લા, હૈયે સાંકળ હોય છે.
એક પણ અશ્રુ ખરી શકતું નથી,
આંખમાં ફેલાયેલું રણ હોય છે.
હોયના કૂંડા કદી એના મૂરખ,
રંગના ચટકા તો બે પળ હોય છે.
દર્દ બોલો કોણ મિટાવી શકે,
વૈદ્ય જ્યાં પોતે જ કારણ હોય છે.
વાતવાતે લાભ ચલ શું ફેંદતો !
પણ બધીયે કંકુ શ્રીફળ હોય છે.

મુ.પો.આદુંદરા, તા.કડી, જિ.મહેસાણા
મો.૯૯૨૪૦ ૩૦૬૧૩

### દરિયામાં

**નીલેશ પટેલ**

ન ચાલે કોઇની પણ ઓળખાણ દરિયામાં,
ત્યાં ભલભલાના છૂટી જાય પ્રાણ દરિયામાં.

કિનારા કે ન દિશાની ખબર હતી અમને,
મુકામ બદલી રહ્યા છે વહાણ દરિયામાં.

કદીક માછલીની આંખમાં જઇને જો,
છે તળિયે કેટલું જળનું ઊંડાણ દરિયામાં.

આ શંખ, છીપના મુખમાં દબાયલું તો છે,
યુગો, વરસ ને સદીનું પુરાણ દરિયામાં.

સહાલ કોઇને પણ આપવી નથી મારે,
કઠિન છે માપવું જળનું પ્રમાણ દરિયામાં.

કિનારા, ઝાડ, ગૂફા, રેતનો છૂટ્યો નાતો,
નદી ગઇ છે વહેતી અજાણ દરિયામાં.

શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ.પરીઆ,
પો.સાયણ, તા.ઓલપાડ,જિ.સુરત. મો.૯૯૦૯૬ ૩૨૨૯૧

### ગઝલ

**સાહિલ**

દર્પણો મધ્યે ટહેલતાં બિંબ સામે આંગળી ચીંધી તો લઇયે,
જાત ઓળખની મથામણના ગગનમાં પાંખ ફફડાવી તો લઇયે.

ઉત્તરોને પામવા જેવી નકામી જીદથી અળગા થઇને,
પૂછતાં આવ્યાં છીએ એ પ્રશ્ન આપણને ફરી પૂછી તો લઇયે.

સાંજ ઢળતાં લોક ફરવા નીકળે છે આંગળી ઝાલી સમયની,
આપણે પણ ઘરની જર્જર ભીંતના ટેકે જરા ચાલી તો લઇયે.

શક્ય છે અજવાસનું એકાદ સરનામું મળી જાયે કદાચિત,
ચાલ પસ્તી થઇ ગયેલા થોકડા અખબારના ફેંદી તો લઇયે.

પ્રીત તો છે શ્વેત શ્વાસે-શ્વેત કાગળ પર દીધેલા શ્વેત વચનો,
ના અગર વાંચી શકાયે તો થયું શું-આંખથી સ્પર્શી તો લઇયે.

ચામડી નીચે પડ્યાં મૃતપ્રાય સા ઘોંઘાટને જીવાડવાને,
મૌનનું સમ્માન કરતી મેદનીને થોડું સંબોધી તો લઇયે.

શું તમે ઘાયલ કબૂતરનો ભીનો ઘુઘવાટ 'સાહિલ'સાંભળ્યો છે,
લોહીથી લથપથ પીછાંની એષણા છે આભને આંબી તો લઇયે.

'નીસા' ૩/૫, દયાનંદ નગર, રાજકોટ-૩૬૦૦૦૨
ફોન : ૦૨૮૧-૨૩૭૯૪૫૫

### "મસ્તક નમાવી ના શક્યો"

**આબિદ ભટ્ટ**

ગર્વમાં મસ્તક નમાવી ના શક્યો,
હું ખુદાને પણ મનાવી ના શક્યો.

બસ, રહી ગઇ વેદના ડૂમો બની,
અશ્રુના તોરણ સજાવી ના શક્યો.

લઇ ગયા એ દિલ મને પૂછ્યા વગર,
શોર એનો હું મચાવી ના શક્યો.

ને અધૂરો એક મનસૂબો રહ્યો,
હર ચહેરાને હસાવી ના શક્યો.

વાત મારી સો ટકા સાચી હતી,
પણ અધર પર કેમ લાવી ના શક્યો?

ડર ખુદાની જાતનો આપી અને,
હું મને, ખુદને ડરાવી ના શક્યો.

આપવામાં શું મણા રાખી હતી?
જિંદગી તોયે બનાવી ના શક્યો.

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર,
જિ.સાબરકાંઠા. મો.૯૦૧૬૮ ૫૮૯૮૯

**અલ્પેશ પી.પાઠક**

આમ કરવું, આમ નૈ, એ સૂચના જારી હતી,
લાગણી પર આ જગતની શું જમાદારી હતી.

આપણે બે એકબીજાને સહન કરતા હતા,
બીજી આ સંબંધમાં ક્યા કો' છટકબારી હતી.

એ પછી સપના'ય આશાઓ જણી શકતા નથી,
એક-બે વિધવા ક્ષણોની ચોટ ગોઝારી હતી.

જાણે સીતાનું જ કિસ્મત વારસામાં હો મળ્યું,
દ્રૌપદી જીતી છતા પણ આખરે હારી હતી.

આંધળા આ પ્રેમની કહેવત પડી છે ત્યારથી,
એક હતો ધૃતરાષ્ટ્ર, સામે એક ગાંધારી હતી.

એક રાવણ એક સીતાને ઉઠાવી ગયો ફરી,
જાણે કે લક્ષ્મણની રેખા સાવ સરકારી હતી.

એ અપેક્ષાઓ જ દઇ ગઇ'તી દગો 'પાગલ'મને,
સારી-સારી ધારણા મેં કેટલી ધારી હતી.

'અમિપ્રભા', પી.એન્ડ ટી. કીડવાઇનગર, પ્લોટ નં.૧૦૦, ઉત્સવ
એપાર્ટમેન્ટ સામે,૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

## *દિલીપ ચિત્રેનાં કાવ્યો*

*અનુવાદ : હેમાંગ દેસાઈ*

*(૧)*

### *શેષ*

અંધકારનું ખિન્ન શિલ્પ
ચંદ્રની આભા આશ્વાસન
પરમ હસ્તે વેરેલાં ચોખાનાં આશીર્વાદ

જન્મ અહીં કત્લ અહીં પ્રેમ અહીં
અહીં કષ્ટ ડહાપણ કાળું કરે

અહીં લસણનો અર્ક હીંગની સુવાસ અહીં
અંધકારનાં ખિન્ન શિલ્પ તળે
વીજતારની વિશાળ ચોકડીયા ભાત
ચમત્કારોનાં સ્વીચબોર્ડ
રાત્રિમાં પાડેલા કાણાંમાંથી ઘડી કાઢેલું શહેર
ખીચોખીચ ગલીઓમાં ધોમધખતો વેપાર
વંટોળાતા ધોરીમાર્ગો પર ધમરોળતા અસવાર
આ સર્વ તળે શેષ જેવો હું.

*(૨)*

### *આ કાવ્યો મારો અંત છે*

આ કાવ્યો મારો અંત છે
એક રીતે એ મને સમાપ્ત કરે છે
પછી ભલે એમાંના અમુક આત્મઘાતી માનવબોંબની જેમ
તમારી આસપાસ ફાટી જાય

હું આતંકવાદી નથી પણ આતંકના યુગમાં જીવું છું
જે કંઇક અંશે મારા નમાલા રૂપકોમાં ઊતરી આવે છે
હું કોઇ ભવિષ્યવાણી સાચી પાડનાર જેહાદી પણ નથી
બસ મારા કાવ્યો જ મારો અંત આણે છે

ફરી એકવાર અવનવા આશ્ચર્યો પામવા
હું રાહ જોતો ખાલીપો બની જાઉં છું
પણ મોટે ભાગે એ દુઃખ લાવે
અમુક વાર એક અસીમ મૂર્ચ્છના જેવું
કોઇ દુર્લભ પ્રકટન લઇ આવે

આનો કોઇ અંત નથી, સિવાય કે મારો ખુદનો અંત
દૂર-સુદૂર મારા બધાં કાવ્યો ઊડી રહ્યાં છે

*(૩)*

### *ધરતીનો ઉત્તરોત્તર સ્મૃતિભ્રંશ થઈ રહ્યો છે*

ધરતીનો ઉત્તરોત્તર સ્મૃતિભ્રંશ થઇ રહ્યો છે
મારી વિસ્મૃતિ એ સત્યની અનુમોદના છે
કેમ કે મને બહુ પહેલેથી ખબર છે કે
સ્મૃતિ આપરાધિક ઇતિહાસનો દસ્તાવેજ માત્ર નથી
સ્મૃતિ સતત વહી આવે છે
મૂળિયા, થડ અને ડાળખીઓમાંથી
તોળાતા ભવિષ્યમાંથી પણ આબાદ બચી જાય છે
સ્મૃતિ પુનર્જીવિત થાય છે, ઊભરાય છે
એની ઓળખ, કાર્ય અને સ્વરૂપ રચે છે
જોયેલા-જાણેલા જીવનથી બહુ ભિન્ન નથી હોતી સ્મૃતિ
ઘા, ઉત્સવો અને
શૂન્યતાની સામે
સંવેદનામાં ચકરાય વમળાય એ બધું

ઊભરાતી મરણિયા માનવજાત માટે
હવે આ ધરતી નાની પડી ગઇ છે
જ્યાં પ્રત્યેક વ્યક્તિ બીજાની જગ્યા હડપવા તલપાપડ છે
એ હદે કે કોઇની સ્મૃતિ માટે પણ કોઇ સ્થાન શેષ રહ્યું નથી
સ્વસ્મૃતિ માટે પણ નહિ.

અને સ્મૃતિભ્રંશ થાય ત્યારે
અવિચારી હિંસાના યુગનો ઉદય થાય
ભયની સ્મૃતિ નથી હોતી
ધૃણાની સ્મૃતિ નથી હોતી
અજ્ઞાનની સ્મૃતિ નથી હોતી
પાગલ થઇ ગયેલા જાનવરની ઇશ્વર થવાની-
કોઇ સંભાવના નથી હોતી.

---

એનવીપાસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

## રામ-લખમણ

પ્રભુદાસ પટેલ

લીલા તો પલીતો ચાંપીને ક્યાનીયે ચાલી ગયેલી પણ હાંફે ચડી ગયેલો રવજી તો વડલા નીચે જ અટકી પડેલો. અંગે અંગ પરસેવે દદડતું...તેણે માથેથી ફેંટો છોડી નાખ્યો અને છાતી, કપાળ ને મોં લૂછીને, તેના વતી વાયરો કરવા માંડ્યો.તોયે શરીરનો ઉત્તાપ તો ઘટવાનું નામ જ ક્યાં લેતો હતો ! જાણે પાળેલી નાગણે ડંશ માર્યો હોય તેમ રવજીને વેદના ને દુઃખ ઘેરી વળ્યાં. તેનું માથું ભારે ભારે થઇ ગયું. હલબલી ઉઠેલા તેણે ડુંગરા તરફ જોયું તો ડુંગરો જાણે દવમાં ભડભડતો હોય તેવું થઇ આવ્યું.

-ને લાંબો નિસાસો નાખતાં જ તેનાથી મનોમન બબડી જવાયું :

'રવજી, પંડનો જ વચાર કર. લોક તો બાળવાનાં જ.'

પરંતુ ભીરતમાંથી પાછો પડકાર ખડો થયો.

'પંડનું એટલે ? શું આજે સગો ભાયલોયે પારકો થેઇ ગિયો ? તારે ને ઇને કશીજ લેવાદેવા નઇ ઇમ ?

રવજીની નજર સામે બાપુજી ઉભરી આવ્યા.એ જ સ્વસ્થ ને ગંભીર મુખમુદ્રા, એ જ ધીરગંભીર અવાજ.

'રવલા, તું ને લખુડો બેય જણા તો મારી રામ-લખમણની જોડી સો. પાંણ ઇયાદ રાખજો કે લોકનો બઉ ભરોસો નઇ. ઇ ક્યાંક મારા દીકરાઓને...'

'તમારા દીકરાઓને કદી નઇ આભડે બાપા' કહેતાં બાપાને હૈયાધારણા આપેલી ને મક્કમ અવાજે કહેલું કે 'એવું થાય ઇ પેલ્લાં તો ઉં મરવાનું પસંદ કરીશ.'

બાપુજીની યાદમાં રવજીનું હૈયું ભરાઇ આવ્યું. બાપુજી અને વંશવેલાની આબરૂ ખાતર તો પોતે શું શું નહોતું કર્યું ? પોતે અને પત્નીએ અર્ધા લૂગડે ચલાવીને ભાઇને શહેરમાં મૂકીને ભણાવ્યો, દીકરાની જેમ જ ધામધૂમથી પરણાવ્યો, ને નોકરી પછીયે આજ સુધી બધોય વટવહેવાર ભેગો જ. પણ આખરે તો લૉક ફાવ્યું જ ને? 'લોક તો દાટ વાળે' પણ પોતાનાંય ના સમજી શકે ઍ કેવું? લીલા પણ ક્યાં પારકી હતી ? પણ પરણીને આવ્યા પછી ધીમે ધીમે...? લોકે તો તંગલો મેલ્યો ને !?

એમ તો પોતેય પણ કાચા કાનનો રહ્યો હોત તો ?

વરસો પહેલાંના અવાજો રવજીના કાનમાં ગૂંજી ઉઠ્યા : 'રવજી, આટલી મજૂરી કેના સાટું ? મરવાને ગાંડો થિયો સે ? ભણી-ગણીને કેના દાંડા વળયા સે કે તારા ભયલાનાયે વળશે ? છાંનમાંનો ઇને હેતીના કૉમમાં જોડ'

-ને પોતે તો હસી કાઢતાં જ કહી દીધેલું :

'આપડા માટે તો ભલે કાળો અખ્ખર કોદાળા જેવો ર્યો પાંણ- ભયલા માટે તો ઍવું કિમ થાવા દેઉ ? ને ઇ ક્યાં પારકો સે? ઇ ભણે ઇમાં આપડુંયે ભેગું જ આઇ ગ્યેલું સમજવાનું.'

-તો કોઇ તો વળી મરડી મરડીને પૂછતું :

'રવજી, ભયલો નોકરી કરશે તો પગારમાંયે ભાગ પડાબ્બાના કે ? દાદુ, ઇ યાદ રાખજો કે ઇતો ચ્યાર આંખો થેઇ નથી કે...?

-ને આજે એવોજ ઘાટ સાચેસાચ આવી મળ્યો'તો.

રવજીને મનમાં થઇ આવ્યું કે 'ભાઇએ તો જૂતે જૂતે માર્યો હોત ને તોયે સહન થેઇ શક્યું હોત પણ ઇના બૈરાની એવી મજાલ?' તેનાથી બોલી પડાયું : 'લીલા, છેવટ તો તું પારકી જ ઠરી ને ? સતુ જેવી સતુ માટે જશને દલે જૂતાં ?'

સાત વરસના લખમણને મૂકીને બા ઓચિંતાની મરી પરવારી ત્યારે અઢાર વરસની સતુ માંડ સાસરીમાં આવતી-જતી થયેલી. પરંતુ ઓચિંતાની જ જવાબદારી લદાઇ ગઇ ત્યારે તેણે પાછું વળીને જોયું જ ક્યાં હતું ? ઘરકામ, લખમણને સાચવવો ને પરવાર્યા પછી પોતાની અને બાપાની હારોહાર ખેતીકામમાં....નાજુકડી સતુને કામ કરતી જોઇને બાપાનો જીવ બળી ઉઠતો તે કહેતા :'વઉ, તું બેટા ઘરનું જ કામ કર્ય, આ કૉમ તને શેનું ફાવશે ?' ત્યારે એકવાર હાજરજવાબી સતુએ નમ્રતાથી કહેલું : 'બાપા, પિયેરની મજિયારી હેતીમાં બધ્ધુંયે હાખીને આઇ સું. તમીં લગીયે ચિંત્યા નિં કરતા.' પછી તો ગાડું ચાલ્યું એ ચાલ્યું કંઇ ! એટલું જ નહીં. લખુડાને

નવડાવવો-જમાડવો, સ્કૂલમાં મોકલવો, તેની ફરિયાદો ઉકેલવી ને સમજાવવો-પટાવવો એય ક્યાં સહેલું હતું ? પણ સતુ તો એમાંયે એવી પરોવાઇ ગયેલી કે તોફાની લખુડોય સતુનો લાડકવાયો થઇ ગયેલો ને સતુ લખમણની લાડકવાઇ ભાભી કે બા ?

રવજીને ઘરેણાંનો પ્રસંગ તાજો થઇ આવ્યો :

'લ્યો આ લૉકીટ ને દોરો જુવો, તમારે કોઇનાયે ઓશિયાળા થાવાની જરૂર નથ્થ.'

'સતુ, આ શું ? ના,ના. એ વેચીને તો મારે કોઇ કાળેય ભાઇને નોકરી નથ્થ કરાબ્બો.'

'એ શું બોલ્યા તમીં ? ઉં એની પારકી સું ? અંતે તો ઘી ખિચડીમાં જ ઢોળાવાનું સે ને ? ને ઇંનાથી બીજું આપડા વસ્તારમાં સેય સું ?

ને ઘડીક સતુના પેટ પર ફરકીને પાછી પડી ગયેલી. રવજીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયેલાં. તે લૂછતાં-'સતુ -મારી સતુ... તું સાચ્ચે જ લખુડાની મા પૂરવાર થેઇ સો' એમ કહેતાં જ સતુને ભેટી પડેલો ને ઘરેણાંની પોટલીને છાતીએ ચાંપેલી...'પાંણ લખુની મા જેવી સતુ માટે લીલા...?

રવજીની આંખો સામે અટ્ટહાસ્ય ને ખિખિયાટા કરતી લીલાનું રૂપ ખડું થઇ ગયું. લાલઘુમ આંખો, ફગી ગયેલા માથાના વાળ ને-વિહામણો ચહેરો તે આંગળી ચિંધી ચિંધીને જાણે કહી રહી હતી :

'જેઠજી, પાળો, પાળો, બાપને આલ્યાં વચન નભાવી જાણો. બોલો, પાળવાની હિંમત સે ?'

ને ગુસ્સામાં સમસમી ઉઠેલો રવજી 'કજાત'...'કુભાર્યા' કહીને તાડૂક્યો પણ પોતે તો...? તેણે વડલાના મૂળિયાને લાત મારી ને એથીયે મન ન વળ્યું તે મૂક્કા મારી મારીને ગુસ્સો ઉતાર્યો. પછી તો તેને એવું તો ભૂત સવાર થઇ ગયું કે ખિસકોલીની જેમ બખિયાં ભરતો વડલે ચડી ગયો.તે સીધા-ઊંચા ડાળે ચડીને આંખો ભીંસી રાખતાં નીચું નમ્યો ને પડે ના પડે ત્યાં તો.

'બેટા રવુ, આ શું ? શરમ...શરમ...'

રવજીનો ચહેરો લાલ લાલ થઇ ગયો ને પાંપણો ભારે ભારે થઇ આવી. ને થોડીવાર નીચું જોઇ રહ્યા પછી તેને જાણે કશુંક યાદ આવી ગયું હોય તેમ ચમકીને ઊંચે જોયું અને 'બાપુજી...બાપુજીની બૂમો પાડતો વડલાની ડાળે ડાળ જોઇ વળ્યો. પણ બાપુજી હોય તો ને? છતાંય તેની આંખો ચમકી ઊઠી. મોં પર સ્હેજ કંપ ને પછી પ્રસન્નતા છવાયાં ને જાણે કશું જ ના બન્યું હોય તેમ, ચુપચાપ વડલા ઉપરથી નીચે ઉતરીને ઘરની વાટ પકડી વડલેથી નદીનો પટ વટાવીને ગામમાં અને પોતાના ફળિયા સુધી આવતાં રવજીને વાર ન લાગી. પણ તેણે જેવો ફળિયામાં પગ મૂક્યો કે ઘડી પહેલાં તાળી દઇ દઇને, હસાહસીને ખિખિયાટા કરતી સ્ત્રીઓના ટોળાને જાણે બ્રેક લાગી ગઇ. બ્રેક તો ઝડપથી ઘર તરફ ગતિ કરતા રવજીના પગનેય ક્યાં નહોતી લાગી ? છતાંય તેણે પરાણેય ચાલવાનું શરૂ રાખેલું. ઘડીક છોભીલી પડી ગયેલી સ્ત્રીઓમાંથી એક જણીએ ખોંખારો ખાતાં કહ્યું : 'બૂન, એવું તો બધ્ધેય બને સે. ઘેર ઘેર માટીના ચૂલા.

ને કાગડા તો કાશીમાંયે કાળા સે !

ને બીજીએ એમાં ટાપશી પૂરાવતાં ઉમેર્યું :

'હોવે બૂન, હાવ હાચ્ચું, બળ્યું ઇ તો ધરમવાળાંને જ ધિંગાણાં થાય સે. નઇ તો હાવંત્રી જેવી સતુ માટે લીલા...

રવજીના કાનમાં જાણે અંગારા તગતગી ઉઠ્યા હોય તેવું થઇ આવ્યું. ને ઘડીક તો તેણે કાન દાબી દીધા. તેને મનમાં ફાળ પડી કે 'નકી લીલાએ સતુ હંગાત્યેય...' તેણે જોશભેર કદમ ઉઠાવવા ધાર્યું પણ પગ ઉપડે તો ને ? પછી તો એક એક પગ જાણે મણ મણનો ને એકેકુ ડગલું જાણે સો-સો મણનું ! માંડ માંડ ઘેર પહોંચી શકેલા રવજીએ જેવો બારણામાં પગ મૂક્યો કે સામે દોડી આવેલી સતુ એકાએક મોઢું દબાવીને પણિયારાના ખૂણામાં વળી ગઇ. રવજીએ જેવો સતુના ખભે હાથ મૂક્યો ને થપથપાવ્યો કે તેનાં હીબકાં વધી પડ્યાં, ને ગમાણમાં ચાલી રહેલી ચડભઠ પણ સ્પષ્ટ સંભળાતી હતીઃ

'ચાબ્બાના ને બતાબ્બાના બેય જૂદા સે મારી બાઇ ને તો! જુઓને, નાટક આદર્યાં સે તે ? ના,ના. મને જેવું હાચ્ચું લાગ્યું ઇ મેં કેઇ દીધું ઇંમાં આટલો ભડકો શેનો ? ઇંને શું ખબર કે લોકમાં કેવી કેવી વાત્યું થાય સે તે ? પોતે હાચ્ચાં હોઇએ તો આ ઉ..ઉ..શેનું?

'તું ચૂપ થઇ જા રાંડ, કભારાજા. લોકની વાદે થેઇ સો તે! ના,ના. ભાભી પર એવું આળ મેલતાં તારી જીભ જ કેમ ઉપડી ? 'તમીં તો છાંના ર્યો ભાભીના વા'લા દિયોર. હાંડલામાં મોથું સે તે શેની ભૂલ દેખાય ? પાંણ આજ તો છાપરે ચડી ચડીને પોકારવાની

સું કે...ના,ના. ઉં તમારું બૈરૂ સું કે...?

ધડ...ધડ...ધડાધડ લાફાઓ એક સામટા વરસી પડ્યા ને રૂદનથી આખુંય ઘર કંપી ઉઠ્યું. ને ઓછામાં પૂરું એમાં સતુનોયે સ્વર ભળ્યો... રવજી તો અસમંજસમાં ...કે શું કરવું ? તે પૂજાના ગોખલા પાસે દોડી ગયો. ઝટપટ દીવો કર્યો, રોતાં રોતાં વારેવારે નમીનમીને બાપુજીને હાથ જોડ્યા. ને મનમાં કઇંક ગાંઠ વાળીને ઊભો થઇ ગયો. હવે તે એકદમ સ્વસ્થ હતો. તેણે સતુનો હાથ પકડી ઊભી કરી અને શાંત અવાજે લખમણને કહ્યું:

'ભાઇ લખા, આપડે અડધો જન્મારો હંગાતે નભાવ્યો ઇ કઇ ઓસું સે ? ઇમાં લીલાએ કસ્સું ખોટું કર્યું નથ્થ ને જે કઇ થ્યું ઇમાં ક'ળજગનો દોષ...પાંણ આજથી આપડે જુદા. તમીં આ ઘરમાં ખુશીથી ર્યો ઇ તમારું જ સે.'

ઘરમાં શાંતિશાંતિ...રવજીએ જૂનો પટારો સતુને માથે મૂક્યો ને પોતે બે ગોદડાં-રજાઇ સાથે જેવાં ઉંબરો ઓળંગ્યો કે લખમણ હીબકે ચડેલો, જાણે કશુંય સાંભળ્યું જ ના હોય તેમ,રવજી ને સતુએ કૂવાની વાટ પકડી, રવજી ને સતુનું મક્કમ મનથી, કૂવાની ઓરડી તરફ મૂકાતું એક એક ડગલું જાણે નર્યા ઉજાસની ઝાંખી કરાવતું હતું. ને તેની પાછળ રહી ગયેલી છાપને ભૂંસવાનો નિરર્થક પ્રયત્ન કરતું અંધારું જાણે હવાતિયાં મારી રહ્યું તું. ને ઓરડીએ પહોંચેલાં તે બન્નેના માથેથી જાણે જન્મારાનો ભાર હળવો થઇ ગયો હતો. રવજીએ આકાશ તરફ જોયું. દહાડે ગોરંભાયેલું આકાશ એકદમ સ્વચ્છ સ્વચ્છ હતું. ને દૂરદૂર ગગનમાંથી ચકમકી રહેલી શુક્રના તારાની આભા જાણે રવજીને કહી રહી હતી :

'બેટા, તે ઠીક કર્યું...બેટા, તેં ઠીક કર્યું.' •

આર્ટ્સ કૉલેજ-વડાલી, મુ.પો.તા.વડાલી,
જિ.સાબરકાંઠા-૩૮૩૨૩૫, મો.૯૯૭૯૦ ૫૫૯૦૫

*// લઘુકથા //*

## *નનામો પત્ર*

*ફિલિપ ક્લાર્ક*

એક દિવસ ટપાલમાં એક પત્ર મળ્યો. પત્રમાં ક્યાંય લખનારનું નામ, સરનામું હતું નહીં. તેમાં દર્શાવેલ હકીકત મારી દુઃખી પરિસ્થિતિ સાથે ખૂબ જ નજીકથી સુસંગત હતી.

મને એ વાતનું પણ અચરજ થયું કે, મને હું જ ઓળખતો નથી ત્યારે એક અજાણી વ્યક્તિ આવી રીતે મને ઓળખી, પત્ર લખે. જીવનમાં પ્રથમવાર મારું ભલું ઇચ્છનાર વ્યક્તિ મળી. પત્રના શબ્દો અને આપેલ ઠપકા વેધક હતા પણ સારા જીવન માટે જરૂરી હતા.

મેં પત્રને ત્રણ ચારવાર વાંચ્યો, વારંવાર વાંચ્યા કર્યો. જેટલી વાર વાંચ્યો એટલીવાર હું હળવો બનતો ગયો. બધું જ સ્વીકાર્ય હતું. એટલે મારા માટે કોઇ છટકબારી ન હતી.

ક્યારેક બલ્કે મહદ્ અંશે આપણામાં રહેલી બુરાઇઓનો ખ્યાલ આપણને આવતો નથી, કારણકે એ બુરાઇઓનો ઉપયોગ આપણે આપણા સ્વાર્થ કે ક્ષણિક આનંદ માટે કરતા હોઇએ છીએ. સુધરી જવાની તક મારા અંતરના દ્વાર ખખડાવતી હોય એમ લાગ્યા કર્યું. જાણી જોઇને દુઃખી થતો રહેલો હું પત્રના લખાણને અનુસરવા લાગ્યો.

કેટલી સુંદર અને અદ્‌ભુત વાત કરી હતી પત્ર લખનારે ! મારો અભ્યાસ કરી કેટલી કાળજી લીધી હતી એણે મારા માટે આ બધી જ બાબતો મારા દુઃખના નિવારણ માટે ઔષધરૂપ હતી. મને સુખી થવાનો માર્ગ મળી ગયો. મારી નબળાઇ અને કૂટેવોનો અંત આવ્યો. આશાની એક ચિનગારી નિરાશાના ઘોર અંધકારમાં ઝગારા મારવા લાગી.

નામ કે સરનામા વગર પત્ર લખનારનો આભાર પણ કેવી રીતે માનવો ? પણ નનામો એ પત્ર મારા જીવન પરિવર્તન માટે અગત્યનું પાત્ર ભજવી ગયો. આજે હું સુખી છું. આનંદિત ને આશાવાદી છું. પરિશ્રમથી પ્રાપ્તિ સુધીના પંથે ખીલ્યાં છે ફૂલો ખુશીનાં...હું નનામા એ પત્રને થેંક્યુ કહી છાતી સરસો ચાંપી દઉં છું. •

પ્લોટ નં.૩૪૨/૨, સેક્ટર-૨(બી), ગાંધીનગર-૩૮૨ ૦૦૭

// લઘુકથા //

## સૂરજમુખી

હરીશ મહુવાકર

એ બહાર જતા ત્યારે મન કપાઇ જતું. એમની નોકરી જ એવી. એકાદ બે દિવસ ઘરે એટલે કે સીટીમાં હોય ને અઠવાડિયું દસ દિવસ બહાર-આઉટ ડિસ્ટ્રીક્ટમાં હોય.

એ હોય તો ધરપત રહેતી. બાળકો, સાસુ, સસરા કોળી ઉઠતા. નિર્જીવ વસ્તુઓય એમના હાથને પામે ને હું તો અવકાશી પંખી બની રહેતી.

એમને હું બસ સ્ટેશને મૂકવા જઉં ત્યારે મન ઉપર હિમશીલાઓ જામવા માંડે. મન થાય કે એમને રોકી જ લઇ. જવા જ ન દઉં. મારી સાથે જ રાખું. 'ટા...ટા' કરતી વખતે તો હૈયું વંટોળમાં ફસાઇ પડતું.

મને ભાવનગર જોબ મળી છે. બાળકો, સાસુ, સસરા અને એમને ત્યાં અમારા શહેરમાં છોડી દઇ અહીં આવવું પડ્યું છે. હવે એ મને બસ સ્ટેન્ડ છોડવા આવે છે ને 'ટા...ટા' કરે છે. હૈયું માંડ માંડ કાબૂમાં રહે છે. મન થાય છે કે એમને રોકી લઉં. જવા જ ન દઉં ને મારી સાથે જ રાખી દઉં. •

'અમે', ૩/એ-૧૯૨૯, હવેલી પાસે, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૨. મો. : ૦૯૪૨૬૨૨૩૫૨૨

// સામ્પ્રત //

## મારી માતૃભાષા, મારી ત્વચા
## માતૃભાષા વંદનાયાત્રા :નરસિંહથી નર્મદ સુધી : જૂનાગઢથી સુરત સુધી

ભદ્રાયુ વછરાજાની

ગરવી ગુજરાતના પનોતા પુત્ર અને સમગ્ર દેશના 'રાષ્ટ્રપિતા' અને અખિલ વિશ્વમાં 'મહાત્મા' તરીકે સ્વીકારાયેલા શ્રી ગાંધીજીના ગુજરાતમાં ગાંધી નિર્વાણ દિન : ૩૦-૧-૨૦૧૦, શનિવારથી એક પ્રબળ અભિયાનનો આરંભ થયો છે. શ્રી ગાંધીજી કહેતા : 'કોઇપણ પ્રજાના યુવક વર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઊતરતી કે ચડતી બધી જ કેળવણી તેમની માતૃભાષા દ્વારા જ મળવી જોઇએ.' જાણીને આંચકો લાગે તેવી વાત એ છે કે ગુજરાતમાં કેટલીય અંગ્રેજી માધ્યની શાળાઓમાં હવે ગુજરાતી એક ભાષા તરીકે પણ શીખવવામાં આવતી નથી !! બદલાતા સમય સાથે આપણે એવાં બદલાઇ રહ્યાં છીએ કે આપણી માતૃભાષા પણ જોખમમાં આવી ગઇ છે. પરિવર્તનના પવનનો આદર કરવા માટે બારી ખુલ્લી રાખવાની છૂટ છે, પરંતુ બારીના કાચ તોડી નાખવાની જરૂર નથી.

જીવતાં જીવતાં શીખવાની શીખ આપનારા ગીતા પ્રવચનોના ઉદ્‌ગાતા શ્રી વિનોબા ભાવે જે ભાષામાં બાળકને સ્વપ્ન આવે તે ભાષાને શિક્ષણનું માધ્યમ રાખવાની હિમાયત કરે છે. શ્રી વિનોબાજી કહે છે : મારો નારો 'જય જગત' છે એટલું જ નહીં, મેં પોતે જુદી જુદી ભાષાઓ શીખવા ઘણી મહેનત કરી છે અને ભાષાઓ માટે મને બહુ આદર છે. ભારતની જે ૧૪ મુખ્ય ભાષાઓ છે, તે બધી જ ભાષાઓ હું શીખ્યો છું. ભાષાઓ શીખ્યો છું એટલું જ નહીં, આખા દેશમાં હું પગપાળા ફર્યો છું, એ બધી ભાષાઓના સાહિત્યનું મેં અધ્યયન કર્યું છે અને તે બધી ભાષાવાળાઓનો પ્રેમ મને મળ્યો છે.... એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય. હું તો ત્યાં સુધી કહીશ કે નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે, નિર્બોધ બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે. તમારે પ્રયોગ કરી જોવો હોય તો ઇંગ્લેન્ડમાં કરી જુઓ ! ત્યાંના બાળકોનું બધું શિક્ષણ હિન્દીમાં કે કન્નડમાં કે મરાઠીમાં આપીને જુઓ ! એમનું શરીર પ્રાણ જીર્ણ-શીર્ણ થઇ જશે.'

૮૪ વર્ષના સ્પેનિશ ફાધર કાર્લોસ જી.વાલેસને વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતીઓ ફાધર વાલેસના નામે ઓળખે છે અને ચાહે છે. ફાધર વાલેસ ગુજરાતી, અંગ્રેજી અને સ્પેનિશ ભાષા પર એક સરખી હથોટી ધરાવે છે. ફાધર વાલેસ કહે છે :'મુખ્ય વાત છે સમન્વય. બીજાનું અપનાવો પણ પોતાનું શા માટે છોડી દો છો ? અંગ્રેજી શીખો, પણ ગુજરાતી છોડીને નહીં. તમારી પાસે એક મોટર હોય તો સારું, પણ બે મોટર હોય તો વધારે સારું છે, ને !

બીજી મોટર તમે છોડી દો છો ? ગુજરાતમાં આવીને મેં સ્પેનિશ કે અંગ્રેજી ભાષાનો ત્યાગ કર્યો નથી, પણ ગુજરાતીનો સ્વીકાર કર્યો. તેની ઉપરથી તમે જુઓ કે મારું જીવન કેવું સમૃદ્ધ બન્યું છે !' પોતાના વતન સ્પેનમાં 'ઇન્ડિયન' તરીકે ઓળખાતા ફાધર વાલેસ કહે છે : 'હું પચાસ ટકા સ્પેનિશ ને પચાસ ટકા ગુજરાતી એ પ્રકારની ઓળખમાં માનતો નથી. અહીં હું સો ટકા ગુજરાતી છું ને સ્પેનમાં સો ટકા સ્પેનિશ.' હીરાનો દાખલો આપતાં ફાધર કહે છે,'હીરાના અનેક પાસા હોય છે, પણ એક સમયે હીરાનું એક જ પાસું આપણી સામે હોય છે. જેટલા પાસા વધારે, એટલો હીરો વધારે કિંમતી.'

મહાત્મા ગાંધી અને ફાધર વાલેસના ગુજરાતમાં ગુજરાતી ભાષા પર જબરું જોખમ ઊભું થયું છે, ત્યારે આપણું કર્તવ્ય શું ? યાદ રાખવાનું છે કે ગુજરાતી ભાષાને બચાવવાની નથી, આપણે બચવાનું છે. ઇમર્સન કહે છે:'જ્યારે કોઇ ભાષા ખતમ થાય ત્યારે એક સંસ્કૃતિ નષ્ટ થાય છે.' આપણે ગરવી ગુજરાતની સંસ્કૃતિને નષ્ટ થતી બચાવવી હોય તો ગુજરાતી ભાષાને બચાવી લેવા મથવું પડશે...આ મથામણના એક નમ્ર પ્રયાસ તરીકે 'માતૃભાષા વંદનાયાત્રા' નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના આદરણીય શિક્ષક ડૉ.ગુણવંત શાહને ટી.વી.નાં એક દૃશ્યએ ગંભીર વિચારમાં ગરકાવ કરી દીધા. દક્ષિણ ભારતની એક શાળા અંગ્રેજી માધ્યમની, પણ તેમાં ભણતાં ભૂલકાંઓથી ભૂલમાં માતૃભાષા 'તેલુગુ'માં વાતચીત થઇ ગઇ ! અને ભૂલકાંઓ ઉપર આભ તૂટી પડ્યું, તેમનાં ગળામાં પાટિયું લટકાવી આખી શાળામાં બાળકોએ SORRY કહેવા ઘુમવું પડ્યું...માતૃભાષા પરનો આ કુઠારાઘાત નિમિત્ત બન્યો અને સાંગોપાંગ શિક્ષક ડૉ.ગુણવંત શાહને 'માતૃવંદના યાત્રા' કાઢવાનો વિચાર સ્ફૂર્યો. વિચારબીજને અંકુર ફૂટવા લાગ્યાં અને આયોજનને નક્કર રીતે આખરી ઓપ અપાવા લાગ્યો.

ગુજરાતી ભાષામાં વૈશ્વિક સ્તરનું ચિંતન સાહિત્ય સર્જનાર ડૉ.ગુણવંત શાહના નેતૃત્વ હેઠળ જૂનાગઢથી સુરત સુધીની આ 'માતૃભાષા વંદનાયાત્રા' ગાંધી નિર્વાણદિન ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૦ શનિવારના રોજ નરસિંહનગરી જૂનાગઢથી શરૂ થઇને ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૦ શનિવારના સાંજે નર્મદનગરી સુરત ખાતે પૂર્ણ કરવાનું ગોઠવાયું. યાત્રા દરમ્યાન અનેક સ્થળોએ શિક્ષક સંમેલનો અને જાહેર સભાઓનું આયોજન થયું. આ સંમેલનોમાં શિક્ષણશાસ્ત્રીઓ અને જાહેર સભાઓમાં સમાજ અને સાહિત્યક્ષેત્રના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહે એવી અપેક્ષા સ્વાભાવિક હોય. જૂનાગઢ-ગોંડલ-રાજકોટ-સુરેન્દ્રનગર-અમદાવાદ-ગાંધીનગર-કડી-પાલનપુર-મહેસાણા- વલ્લભ વિદ્યાનગર-નડિયાદ-વડોદરા-ભરૂચ-બારડોલી-વલસાડ, બીલીમોરા-નવસારી અને સુરત એમ અઢાર નગરોમાં ઘુમી વળનાર આ 'માતૃભાષા વંદનાયાત્રા'માં ચાલીસથી વધુ સાહિત્યકારો-સમાજના અગ્રણીઓ અનેક સ્થળોએ ઉપસ્થિત રહેશે. અમદાવાદ અને ગાંધીનગરની સભાઓના પ્રારંભમાં ગુજરાતીના ખ્યાતિપ્રાપ્ત ગાયક શ્રી પાર્થિવ ગોહિલે ગુજરાતીનાં શ્રેષ્ઠ ગીતોનું ગાન કરવાનું સ્વીકાર્યું. કાર્યક્રમોના સંચાલનના માણીગર પ્રવક્તા અને જાણીતા કવિ શ્રી અંકિત ત્રિવેદી અનેક સભાઓનું સંચાલન કરશે અને વડોદરાથી યાત્રામાં અંત સુધી જોડાવાની તૈયારી દાખવી. ગુજરાતી સાહિત્ય પરિષદ પૂરા ઉમળકાથી આ યાત્રામાં જોડાયેલ છે. યાત્રા દરમ્યાન ગુજરાતી ભાષાનાં સવા સો ઉત્તમ અને ચુનંદા પુસ્તકોનાં પ્રદર્શન અને વેચાણની વ્યવસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી કરવામાં આવી છે. પરિષદના મંત્રી શ્રી રાજેન્દ્ર પટેલ, ડૉ.રઘુવીર ચૌધરી અને ડૉ.ઉષા ઉપાધ્યાય આ ચયનમાં જહેમત ઉઠાવી રહ્યા છે. જૂનાગઢના નોખી ભાતના પ્રકાશક અને સાહિત્યપ્રેમી, મીડિયા પબ્લિકેશનના શ્રી વનરાજ પટેલ 'માતૃભાષા વંદનાયાત્રા'ને વધાવવા એક સંપાદન પ્રકાશિત કરી રહ્યા છે. કેટલાય આધારભૂત ધૂરંધરોના લેખોથી સજ્જ આ ગ્રંથ માતૃભાષાને સાચવી લેવાની ગળે ઉતરે તેવી દલીલો લઇને આવે છે. યાત્રાના મુખ્ય પ્રવાહમાં કેટલીક ઉપયાત્રાઓ ભળે તેવું આયોજન પણ થયું છે.

'માતૃભાષા વંદનાયાત્રા' અંગ્રેજી ભાષાના વિરોધ માટે નથી. ફાધર વાલેસની દલીલને સબળ ટેકો આપતાં શ્રી ગુણવંત શાહ ચોખ્ખી ચણાક વાત કરે છે : 'કયા માધ્યમમાં બાળકોને ભણવા મોકલવાં? બે વિકલ્પો છે : (૧) ગુજરાતી માધ્યમ શ્રેષ્ઠ છે, પણ તેવી નિશાળોમાં ઉત્તમ અંગ્રેજી ભણવાની સગવડ હોવી જોઇએ. (૨) અંગ્રેજી માધ્યમની નિશાળોમાં ઉત્તમ ગુજરાતી ભણવાની સગવડ હોવી જોઇએ'...વાતમાં દમ છે, વજુદ છે. કશો જ દુરાગ્રહ નથી. કોઇનો કટ્ટર વિરોધ નથી. અંગ્રેજી શીખીએ જરૂર, પણ ગુજરાતી છોડીને નહીં જ. ગુજરાતનું ગૌરવગાન કરવું કોને ન ગમે ? પણ તે ગુજરાતી શીખ્યા-જાણ્યા કે માણ્યા વગર કેવી રીતે શક્ય બને ? 'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે..'એવું કહીને છૂટી ન જનારા શ્રી ગુણવંત શાહના નેતૃત્વમાં યોજાનાર 'માતૃભાષા વંદનાયાત્રા'ને ધોધમાર ઉમળકાથી આવકારવા, આવો, આપણે સૌ ગુજરાતીઓ ઉમટી પડીએ.

'હું છું ને મારી ભાષા છે,
કંઇક થશે, એવી આશા છે.'
*-કવિ રમેશ આચાર્ય* ●

---

પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ પાસે,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. મો.૯૮૯૮૯ ૨૦૩૩૩

*॥ વ્યક્તિવિશેષ ॥*

## *ભાવનગરમાં સરદાર પટેલ*

હુમલાનું પૂર્વયોજિત કાવતરું

*ગંભીરસિંહ ગોહિલ*

***કાઠિયાવાડમાં કોક દી' તું ભૂલો પડ ભગવાન,***
***તું થા મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા.***

લોકસાહિત્યનો આ દુહો કહેનારને ખબર હશે જ કે ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં જન્મીને પછીથી કાઠિયાવાડ તરીકે ઓળખાયેલી ભૂમિમાં ભૂલા પડ્યા હતા, સોનાની દ્વારકાનું નિર્માણ કરીને સ્વર્ગને પણ ભૂલી ગયા હતા. આખરે પ્રભાસતીર્થ (હાલ પ્રભાસ પાટણ-સોમનાથ) પાસે પ્રાચીના પીપળા નીચે વિશ્રામ કરતાં પારધીના તીરથી વીંધાઇને તેમણે અંતરિયાળ દેહોત્સર્ગ કર્યો હતો. કહે છે કે ત્યારે તેમની વય ૧૨૫ વર્ષની હતી. કથાનકો પ્રમાણે આ ભૂમિમાં તે પછીના દિવસોમાં મહારથી અર્જુન કાબાઓ દ્વારા લુંટાયા હતા.

કાઠિયાવાડમાં ભૂલા પડેલા વધુ એક મહાનુભાવ સરદાર વલ્લભભાઇની કથા વળી જુદી જ છે. નડિયદમાં જન્મેલા વલ્લભભાઇનું વતન તો આણંદ પાસેનું કરમસદ. ઇંગ્લેન્ડ જઇ બૅરિસ્ટર થઇ આવ્યા પછી તેઓ અમદાવાદમાં વકીલાત કરતા, ક્લબમાં મળતા વકીલો વચ્ચે ગાંધીજીની નીતિ-રીતિની મજાક મશ્કરી કરતા. પણ જ્યારે પ્રવચન સાંભળી તેમને રૂબરૂ મળ્યા ત્યારે ગાંધીભેરુ બની જવામાં વાર લગાડી નહિ. ગાંધીજીના વ્યક્તિત્વનો આ જાદુ અંગ્રેજ સત્તાધીશો ઓળખી ગયા હતા. એક વિદાય થતા વાઇસરૉયે નવા નિયુક્ત થયેલા વાઇસરૉયને લખેલું કે ગાંધી સાથે પત્રવ્યવહાર કરવો, સંદેશા મોકલવા, દૂત મોકલાવી વાટાઘાટો કરવી પણ રૂબરૂ ક્યારેય મળવું નહિ. વલ્લભભાઇને કાઠિયાવાડમાં મહેમાનગતિ તો સારી મળેલી, પણ ક્યારેક હાર ખાવી પડે કે હુમલાનો ભોગ બનવું પડે તેવું બનતું રહેલું.

૧૯૨૦ આસપાસથી ગાંધીજીએ કોંગ્રેસનું નેતૃત્વ સંભાળ્યું ત્યારથી અંગ્રેજ અમલ નીચેના પ્રાંતોના પ્રજાજનોને રાજકીય લડતોમાં તેમનું માર્ગદર્શન મળતું રહેતું હતું. પરંતુ ત્યારે દેશી રાજ્યોને લડતોથી દૂર રાખવાની નીતિ કોંગ્રેસે અપનાવી હતી. દેશનાં ૫૬૫ રજવાડાંઓમાં લડતો ઉપાડવામાં આવે તો કોંગ્રેસ બધે પહોંચી શકે નહિ. ગાંધીજીના મત પ્રમાણે દેશી રાજ્યો ડાળપાંદડાં જેવાં હતાં. પ્રાંતોમાં અંગ્રેજ શાસનનું થડ તૂટે એટલે ડાળાંપાંદડાં ટકી શકવાનાં નહિ. આથી રાજ્યોની લડતોમાં કોંગ્રેસે શક્તિ ન વેડફતાં બ્રિટિશ સત્તા સામે લડવામાં  જ તે કેન્દ્રિત કરવી જોઇએ.

પરંતુ ૧૯૩૭-૩૮ માં વાતાવરણ બદલાયું હતું. ૧૯૩૭ની પ્રાંતિક ધારાસભાની ચૂંટણીઓ, પ્રધાનમંડળોની રચના, ૧૯૩૮ના હરિપુરા કોંગ્રેસ અધિવેશનનો રાજ્યોમાં લડતો અંગેનો અનુકૂળ ઠરાવ વગેરેના કારણે ૧૯૩૮-૩૯માં દેશી રાજ્યોમાં પણ લડતો શરૂ થઇ. પરંતુ દેશનાં રજવાડાંઓ પૈકીના કાઠિયાવાડનાં ૨૨૨ રજવાડાંઓમાં લડતોનો રંગ જુદો હતો. ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી સહિતના પૂર્વજોએ કેટલાંક રજવાડાંઓમાં દીવાનગીરી કરેલી. તેથી ગાંધીજી આ રજવાડાંઓની નીતિરીતિના જાણભેદુ ખરા. પરંતુ લડતોની દોરવણી આપવા તેઓ બધે પહોંચી શકે નહિ. વળી તેમાં કાચાપોચાનું કામ નહિ. તેથી તે જવાબદારી સરદાર વલ્લભભાઇ ઉપર આવી હતી.

શરૂઆતમાં જ ગાંધીજીએ વલ્લભભાઇને ચેતવેલા કે કાઠિયાવાડ એ કાંઇ બારડોલી કે બોરસદ નથી. તેની ખટપટો અને રાજરમતો બહુ ઊંડી હોય છે. કાઠિયાવાડના રાજ્યોના દીવાનો અને કારભારીઓ સાથે કામ પાડવાનું સહેલું નથી. થોડીક ભૂલ થઇ કે ખત્તા ખાવા પડે. જો કે સરદાર કંઇ ડરે તેમ નહોતા. તેમણે ગાંધીજીની સલાહ લેતા રહી કાઠિયાવાડનાં રજવાડાંઓમાં ચાલતી લડતોને દોરવણી આપવાનું શરૂ રાખેલું.

ગાંધીજીની આગાહી પ્રમાણે તેમને આગળ જતાં અમુક તબક્કે પછડાટ અનુભવવી પડી હતી અને ધોળે દિવસે તારા જોવાનો વારો પણ આવ્યો હતો. રાજકોટના સત્યાગ્રહમાં કરવી પડેલી પીછેહઠ અને ભાવનગરમાં થયેલ લોહિયાળ ઘાતકી હુમલાનો તેમાં સમાવેશ થાય છે. જો કે આ કોઇ એકલદોકલ કે આકસ્મિક બનાવો નહોતા. તેના તાંતણા એકબીજાની સાથે સંકળાયેલા હતા અને મૂળ ઊંડાં હતાં.

કાઠિયાવાડનાં દેશી રાજ્યોની લડતોને સરદાર છેક ૧૯૨૦-૨૧ના સમયથી માર્ગદર્શન આપતા રહ્યા હતા. ૧૯૨૨માં વઢવાણ કેમ્પમાં અબ્બાસ તૈયબજીના પ્રમુખસ્થાને મળેલી કાઠિયાવાડ રાજકીય પરિષદથી માંડીને ૧૯૨૮ની પોરબંદર મુકામે મળી હતી તે પરિષદમાં તેમણે હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ૧૯૨૯માં મોરબીમાં મળેલી કાઠિયાવાડ રાજકીય પરિષદનું પ્રમુખસ્થાન સરદારે સંભાળ્યું હતું.

સરદારની વાણીથી લોકોને જોમ ચડતું. એક ઘા ને બે કટકા

જેવા તેમના પ્રહારો લડતમાં ઉત્સાહ પ્રેરતા. સરદારની દૃષ્ટિ સોંસરી અને વાસ્તવનું ભાન કરાવનારી હતી. તેમણે કહ્યું હતું કે દેશી રાજ્યોની સ્થિતિ કઢંગી અને દુઃખદાયક છે. તેમની પરાધીનતનો પાર નથી. રાજ્ય એ પ્રજા ખાતર છે, રાજ્યને ખાતર પ્રજા નથી. રાજ્યની તિજોરીના રાજાઓ ટ્રસ્ટી છે, માલિક નથી. પ્રજાનો વિશ્વાસ એ રાજ્યની નિર્ભયતાની નિશાની છે.[૨]

કાઠિયાવાડ રાજકીય પરિષદ આ લડતોના ચાલક બળ જેવી હતી. તેનું છઠ્ઠું અધિવેશન ૧૯૩૭માં રાજકોટમાં ભરાયું. તેનાથી પ્રજામાં જગૃતિનું મોજું આવ્યું. બીજે જ વર્ષે ૧૯૩૮માં સરદારના પ્રમુખસ્થાને યોજાયેલ રાજકોટ પ્રજાપરિષદની સભામાં જવાબદાર રાજતંત્રની માગણી થઇ અને તે માટે સત્યાગ્રહ થયો. સર લાખાજીરાજની ઉદાર પ્રજાકીય સુધારણાઓ પછી ૧૯૩૦માં રાજકોટની ગાદીએ આવેલા તેમના કુમાર ધર્મેન્દ્રસિંહજીએ પરિસ્થિતિ પ્રજાવિરોધી બનાવી દીધી. અયોગ્ય મિત્રમંડળી અને તેમના આપખુદ દીવાન વીરાવાળાની અસરથી તેઓ એશઆરામ અને રંગરાગના માર્ગે ચડી ગયા. વહીવટ વીરાવાળાને સોંપી દીધો.

રાજકોટ રાજ્યે વધતા ખર્ચાઓને પહોંચી વળવા વેપાર, ખેતી વગેરેના અમાનુષી કરવેરા વધાર્યા, મિલકતો વેચવા કાઢી કે ગિરો મૂકી, જુગાર રમાડવાના પરવાના આપ્યા. પ્રજા ઉપરના જુલમ વિશે ‘જન્મભૂમિ’માં પાંચ લેખો લખી ઉછરંગરાય ઢેબરે સભા, સરઘસ, સત્યાગ્રહની આગેવાની લીધી. હડતાળો પડી, લાઠીમાર થયા, ઢેબર સહિતનાની ધરપકડો થઇ. પ્રજામત ઉગ્ર બન્યો. સરદારે આવી આગેવાની લેતાં સ્પષ્ટ સુણાવી દીધું કે અંધેર નગરી અને ગંડુ રાજા જેવો કારભાર ચલાવવાના દિવસો ચલ્યા ગયા છે.[૩] ઇજારાશાહીની નાબૂદી, કર ઘટાડા અને જવાબદાર રાજતંત્રની માગણી સાથે લોકો શેરીમાં આવી ગયા.

અંતે રાજવી ધર્મેન્દ્રસિંહે સરદાર સાથે સમાધાન કર્યું. પણ અંગ્રેજ હાકેમો ચોંકી ઊઠ્યા, અન્ય રાજવીઓને પોતાને ત્યાં આંદોલન થવાનો ડર લાગ્યો, દીવાન બદલાયા, છતાં શરતોનો ભંગ થયો, ફરી પ્રજા અને રાજ્ય સામસામે આવી ગયાં. રાજ્યના દમનનો વધુ જુલમી દોર ચાલ્યો, કામચલાઉ દીવાન અને કાઉન્સિલરે પણ રાજીનામાં આપ્યાં. કસ્તુરબા અને સરદારનાં પુત્રી મણિબહેન રાજકોટ આવી પહોંચ્યાં જેમની ધરપકડો થઇ. રાજકોટના રાજવીના વચનભંગ અને કેદીઓ પરના ત્રાસથી આઘાત પામી ગાંધીજી રાજકોટ આવ્યા. તેમની સાથે પણ રાજવી અને વીરાવાળાએ કપટનો આશરો લીધો. ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા. લડતે રાષ્ટ્રીયરૂપ ધારણ કર્યું.

આ તબક્કે ગાંધીજી એક અસાધારણ પગલું ભરી વાઇસરોયને વચ્ચે લઇ આવ્યા. તેમણે હિંદના વડા ન્યાયાધીશને ચુકાદો આપવાનું સોંપ્યું. ચુકાદામાં સરદારની વાત માન્ય રહી. પણ રાજવી અને વીરાવાળાની ખટપટો વધી ગઇ. દલિતો, ક્ષત્રિયો અને મુસલમાનોને આગળ ધરી ગાંધીજીને ઘેરી લેવામાં આવ્યા. ગાંધીજી આંદોલન કરનારાઓ પર જ ભરોસો મૂકીને પ્રાર્થનામાં ગયા. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા તે પછી પણ વચનભંગ શરૂ રહેતાં વડા ન્યાયાધીશના ચુકાદાનો ત્યાગ કરીને ગાંધીજીએ લખ્યું : ‘હું હાર્યો’ ‘એકરાર અને પશ્ચાતાપ’ એવા મથાળા નીચે તેમણે ‘હરિજન બંધુ’માં નિવેદન પ્રગટ કર્યું જેમાં રાજકોટના સત્યાગ્રહને અહિંસાની પ્રયોગશાળારૂપ ગણાવ્યો.[૪] તેમણે ઉમેર્યું કે ઉપવાસની સાથે વાઇસરૉયનું દબાણ હું લઇ આવ્યો તે મારી ભૂલ હતી, તેમાં હિંસા હતી. ખરેખર તો સરદારના સંચાલન હેઠળ ચાલતા આંદોલનમાં ગાંધીજી સામે ચાલીને પ્રવેશ્યા તેનાથી પરિસ્થિતિ બદલાઇ ગઇ હતી. સરદારની રીત સામુહિક લોક આંદોલનની હતી, ગાંધીજીની રીત વ્યક્તિગત, નૈતિક અને સત્યાગ્રહની હતી.

રાજકોટનું પ્રકરણ હજી પૂરું નહોતું થયું તે દરમ્યાન ૧૯૩૯ની ૧૪-૧૫ મેના રોજ ભાવનગર પ્રજા પરિષદનું પાંચમું અધિવેશન ભાવનગર મુકામે મળી રહ્યું હતું. તેના પ્રમુખસ્થાને સરદાર વલ્લભભાઇ પધારવાના છે તેની જાહેરાત થતાં રાજકોટમાં આંદોલનકારીઓને પરાસ્ત કર્યાનો વિજયોત્સવ મનાવી રહેલાં પરિબળોનું ધ્યાન તે તરફ દોરાયું હોવાનું અનુમાન થઇ શકે. કેમકે સરદાર સાથે રાજકોટના રાજવીએ પ્રથમવાર સમાધાન કર્યું તે રાજકોટના રેસિડંટ એજન્ટ ઇ.સી.ગિબ્સનને ગમ્યું નહોતું.[૫] તેમને ત્યાં સૌરાષ્ટ્રના રાજવીઓની મીટિંગ યોજાઇ હતી અને તેમાં રજવાડાંઓમાં થતાં આંદોલનો કચડી નાખવાનો નિર્ણય લેવાયો હતો. રાજવીઓ, દીવાનો, ભાયાતો, અધિકારીઓને રાજસત્તા ઉપર અંકુશ આવે તેવી ગતિવિધિઓ પસંદ નહોતી. આ પછી લીંબડીમાં થયેલા આંદોલન પરના જુલમો વધારે આકરા હતા, લોકોએ હિજરત કરવી પડેલી, આંદોલન ચાર વરસ સુધી ચાલેલું વગેરે તેના પુરાવારૂપ છે.

૧૪ મેના રોજ સરદાર ભાવનગરના વિમાનઘર પર ઉતર્યા.[૬] નિયત કાર્યક્રમ પ્રમાણે તેમને મૉટર રસ્તે રેલ્વે સ્ટેશને લઇ જવામાં આવ્યા. સ્વાગત પછી અહીંથી સરઘસાકારે સભાસ્થળે જવાનું હતું.

સ્થળે સ્થળે સ્વાગતની ભવ્ય તૈયારીઓ થયેલી હતી. શહેર આખું શણગારાયેલું હતું. મૉટરમાં હતા સરદાર, બાજુમાં સ્વાગત પ્રમુખ દોલતરાય અને ત્રીજા બળવંતરાય મહેતા. સરઘસ શહેર તરફ વળ્યું. નજારો જોવા લોકો શેરીએ શેરીએ દુકાનો-ઓફિસોમાં અને છાપરાં પર ભીડ જમાવતાં હતાં. હૈયેહૈયું દબાતું હતું. લોકોમાં ઉત્સાહ અપાર હતો.

સરઘસ ખાર ગેટ તરફ આગળ ચાલે તે પહેલાં સામા દેખાયા નાનાભાઇ ભટ્ટ. તેઓ તો આગળની મૉટરમાં હતા અને પગપાળા કેમ ? સુકલકડી તેમનું શરીર, ધોળા વાળ, ધોળાં કપડાં. તેના પર લોહીનાં છાંટણાં છંટાયાં હતાં. માથાના પાછળના ભાગમાંથી લોહી વહી જતું હતું. પણ તેઓ તો ઊલટાના પૂછતા હતા, 'સરદાર સાહેબ તો સલામત છે ને ?' વીજળીનો ભારે કડાકો થાય અને સૌ હાકાબાકા થઇ જાય એમ નાનાભાઇને આ સ્થિતિમાં જોઇને સૌ થંભી ગયા.

ખરેખર શું થયું હતું ? ખારગેટ ચોકમાં નગીના મસ્જિદ પાસે સરઘસ પહોંચ્યું ત્યારે પીપુડી જેવો અવાજ થયો.તે સાથે જ લુંગી-બનિયન જેવાં કપડાં પહેરેલા પચાસેક માણસો સરઘસ ઉપર તૂટી પડ્યા. એટલા જ બીજા સુભાનઅલ્લા હોટલમાંથી લાકડી, છરા, હૉકી વગેરે સાથે નીકળીને સરઘસની આડા ફર્યા. નાનાભાઇ ભટ્ટને કંઇક ગંધ આવી હશે એટલે તેઓ મૉટરમાંથી બહાર નીકળી આડા ઊભા રહ્યા. તેમને પાછળથી કોઇએ બૂમ પાડી ખસી જવા કહ્યું. નાનાભાઇ બોલ્યા, 'નહિ ખસું, શા માટે ખસું ?' તેમના બોલ મોઢામાંથી બહાર પડ્યા ન પડ્યા ને મસાણમાંથી ભૂતાવળ જાગે તેમ મુસ્લિમ ગુંડાઓ ઊછળી પડ્યા. અડગ ઊભેલા નાનાભાઇ પર ફડાફડ લાકડી માથા પર પડી. તમ્મર આવવા છતાં તેઓ દોડ્યા સરદારની ગાડી તરફ.

નાનાભાઇ પર ઘા થયો અને કોઇ ગુંડાએ વ્હિસલ મારી. અંજલિ છાંટતાં ભૂત જાગી ઊઠે તેમ ગુંડાઓ સિફતથી ઊભા થઇ ગયા. આગળથી વ્યવસ્થિત ગોઠવણ કરેલી હોય તેમ તરત બધાના હાથમાંથી છરા, લાઠી, કુહાડીઓ વીંઝાવા લાગી. પાસે જ પોલીસ ઉપરી કૃષ્ણચંદ્રસિંહ કાળુભા ઝાલા ઊભા હતા. તેઓ પોપટભાઇ નામથી ઓળખાતા. કોઇ હટ્ટાકટ્ટા માણસે તેમના પર છરો ઉગામ્યો. ક્ષણમાં તો તેમના સીનામાં તે ઘૂસી જ ગયો હોત. પણ તેઓ સમયસૂચકતા વાપરી કેડમાં લટકતી રિવોલ્વર કાઢવા નમ્યા અને બચી ગયા. પણ તેઓ સરદારની મૉટર પાસે પહોંચે તે પહેલાં સરદારની મૉટર પર ઘાતકી હુમલો થઇ ચૂક્યો હતો.

હુમલાખોરો સરદાર પર સીધો ઘા કરી શકે તેમ નહોતા. સરદારની મૉટરનું રક્ષણ કરવા બચુ વીરજી પટેલ દીવાલ બનીને આગળ જ ઊભા હતા. તેમને દૂર કરી શકાય તેમ હતું જ નહિ. આથી તેમના પર જ પ્રહાર થયો. તેમના પેટમાં છરી ઊંડી ઊતરી ગઇ. તરત જ તેમનાં આંતરડા બહાર આવી ગયાં. એટલામાં તો અન્ય કાર્યકરો અને પોલીસના માણસો પહોંચી ગયા. બચુભાઇને મૉટરમાં નાખીને દવાખાને લઇ જતાં રસ્તામાં જ તેમના પ્રાણ છૂટી ગયા. સરદારને બચાવવા બચુભાઇ શહીદ થઇ ગયા.

બીજી બાજુએ રક્ષણાત્મક કવચ બનીને જાદવજી ગિરધર નામે વણિક યુવાન ઊભા હતા. તેમના પર કુહાડીનો ઘા પડ્યો. તેમની ખોપરીના ફુરચેફુરચા ઊડી ગયા. બે દિવસ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઇને તેઓ પણ ગયા. તેઓ બીજા શહીદ. ક્રાંતિકારી અહિંસક કાર્યકર આત્મારામ ભટ્ટ ઉપર ફટકારાયેલ કુહાડી તેમના કાન ચીરતી ગઇ.

અચાનક થયેલા હુમલાની કળ વળતાં પોલીસે કોર્ડન કરી લીધી. પરિસ્થિતિ ઝડપથી કાબૂમાં આવી રહી હતી. સરદાર આસપાસ લોખંડી દીવાલ રચાઇ ગઇ. સરદારે સમયસૂચકતા વાપરી સ્વાગત સરઘસ બંધ રખાવી દીધું. રાજ્યની પોલીસે તરત પગલાં લઇ ખારગેટ ચોક પાસે આવેલી નગીના મસ્જિદ ઘેરી લીધી. અંદર તપાસ કરી ઝડતી લેતાં લગભગ એકસો જેટલા હુલ્લડખોરો પકડાયા. મોટા પ્રમાણમાં લાઠીઓ, છરા, તલવાર, ગુપ્તી વગેરે મળી આવ્યાં. તેનાથી નિઃશંક પુરવાર થયું કે આ બનાવ પૂર્વયોજિત કાવતરાના પરિણામરૂપ હતો. અને ઘણા દિવસથી છૂપી તૈયારીઓ ચાલી રહી હતી. લોકોમાં ઉશ્કેરાટ ફેલાયો. પણ સરદારે ગભરાટ કે રોષ નહિ દર્શાવવા અને શાંતિ જાળવવા અપીલ કરી.

***સંદર્ભસૂચિ :***


૧. યશવંત દોશી, 'સફળ નેતૃત્વની કથા, સરદાર વલ્લભભાઇ પટેલનું જીવનચરિત્ર', ભાગ-૨, પૃ.૧-૨

૨. 'સરદાર વલ્લભભાઇ પટેલનાં ભાષણો' (૧૯૧૮-૧૯૪૭) સં.નરહરિ પરીખ, ઉત્તમચંદ શાહ, પૃ.૧૬૯

૩. યશવંત દોશી, ઉપર ટીપ ૧ પ્રમાણે, પૃ.૩૧

૪. એજન, પૃ.૮૧-૮૫

૫. એજન, પૃ.૫૧-૫૪

૬. કોર્ટ કેસ સહિતની વિગતો સાપ્તાહિક 'ફૂલછાબ'ના અહેવાલોના આધારે : તારીખો મે ૧૯, ૧૯૩૯થી આરંભીને જુલાઇ ૯, ૧૯૪૦ના અંતિમ ફેંસલો આવ્યો ત્યાં સુધીની.


(ક્રમશઃ)


ડી-૧૪૦, કાળવીબીડ, ભાવનગર-૩૬૪૦૦૨. ફોન : ૦૨૭૮-૨૫૬૯૮૯૮

# શાંત કોલાહલના સર્જક રાજેન્દ્ર શાહ સાથે

ટીના દોશી



(ગૂર્જર ગૌરવ એવા કવિવર રાજેન્દ્ર શાહે શતક પૂર્ણ કરવામાં માંડ ત્રણ વર્ષ બાકી હતાં અને જીવનમાયા સંકેલી લીધી. જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી કવિ સાથે અધ્યાત્મ, યોગ અને કાવ્યના ત્રિવેણી સંગમ વિશેની વાતચીતના 'ગૂર્જર ગરિમા'માં પ્રગટ કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે.)

'મારી બાએ જ મારા વાચનને યોગ્ય દિશામાં વાળ્યું...', 'બાએ અત્યંત કાળજીપૂર્વક મારા જીવન અને માનસનું ઘડતર કર્યું છે. કેવાં પુસ્તક વાંચવાં અને કયાં પુસ્તક ન વાંચવાં તે સમજાવીને તેણે મારું મન કેળવ્યું. હું સારા-નરસાની પરખ કરી શકું તે રીતે તેણે મને ઘડ્યો. જો કે બાના પોતાનામાં પણ સાહિત્યની ઊંડી સૂઝ અને સમજ હતાં. બા પોતે પરંપરાગત ભક્તિગીતો રચતી, કવિતાઓ પણ લખતી. બાને શબ્દ-સાહિત્ય સાથે પ્રીત હતી !'

આ શબ્દો છે રાજેન્દ્ર શાહના.

લલિતાબાનો આ સાહિત્યવારસો રાજેન્દ્રભાઇમાં પૂરેપૂરો ઊતર્યો. પહેલેથી જ વાંચનશોખ ધરાવતા રાજેન્દ્રભાઇના મનમાં કાવ્યપ્રીતિ જાગી. એટલું જ નહીં, એકવાર તો અનાયાસ જ કેટલીક પંક્તિઓ પણ લખાઇ ગઇ.

'હું છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે પહેલવહેલીવાર મારા મનમાં કેટલીક કાવ્યપંક્તિઓ સ્ફુરી...' રાજેન્દ્રભાઇ કવિતાની પ્રથમ અનુભૂતિની વાત કરી રહ્યા છે ત્યારે રોમાંચિત થઇ જાય છે : 'અમારું મકાન ત્રણ માળનું હતું. હું ત્રીજે માળે સૂતો હતો. અડધી રાત્રે અચાનક સફાળો બેઠો થયો. લખવાનો ખંડ વચલા મજલે હતો. મને અંધારાની બીક નહોતી. દીવો કર્યા વિના જ વચલા માળે આવ્યો. ઓરડાના ઉંબરે આવીને ઊભો. ઓરડામાં જમણી બાજુ આરસનાં ટેબલ ખુરશી હતાં. એ જગ્યાએ મને મૃત મામા દેખાયા. ક્ષણવારમાં તો અદૃશ્ય પણ થઇ ગયા. જો કે મને ડર લાગ્યો નહીં. હું ઓરડામાં દાખલ થયો. ઢાળિયા ટેબલ પર બેસીને મનમાં ઊગેલી કાવ્ય પંક્તિઓ લખી નાંખી.'

રાજેન્દ્રભાઇને અત્યારે તો એ પંક્તિઓ યાદ નથી, માત્ર એટલું સ્મરણ છે કે એ પંક્તિઓ મંજુને ઉદ્દેશીને લખી હતી !

રાજેન્દ્રભાઇએ નાની વયે કાવ્યક્ષેત્રમાં પદાર્પણ તો કર્યું, પરંતુ સંપૂર્ણપણે કવિતામય થવું શક્ય નહોતું. કેમ કે એ સમયે દેશભરમાં આઝાદીનો પ્રચંડ જુવાળ હતો. સ્વાભાવિક જ રાજેન્દ્રભાઇની કાવ્યપ્રીતિ પર દેશપ્રેમ સવાર થઇ ગયો. ક્યારેક કાવ્યો લખાતાં ખરાં, પરંતુ તેમનો મોટા ભાગનો સમય તો લડતમાં જ જતો.

એક બાજુ આઝાદીની લડત અને બીજી બાજુ અભ્યાસ... બન્ને વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરતા રાજેન્દ્રભાઇ મેટ્રિકમાં આવ્યા. મેટ્રિકની પરીક્ષા આડે ગણતરીના દિવસો જ હતા ત્યારે મહાત્મા ગાંધીએ મીઠાના સત્યાગ્રહની ઘોષણ કરી. રાજેન્દ્રભાઇએ પરીક્ષા ન આપી. લડતમાં જોડાયા, પકડાયા. ૧૯૩૧ના ફેબ્રુઆરી મહિનામાં તેમને છોડવામાં આવ્યા.

'હવે મારે અગાઉની બાકી રહેલી મેટ્રિકની પરીક્ષા આપવાની હતી...' રાજેન્દ્રભાઇ આમ કહીને, વાતનો દોર આગળ વધારે છે: 'મેં પરીક્ષા માટેની તૈયારીઓ શરૂ કરી. પરંતુ ૧૯૩૨ના ડિસેમ્બર મહિનામાં ફરીથી લડત શરૂ થઇ. મારે કપડવંજના પ્રતિનિધિ તરીકે દિલ્હી જવાનું હતું. હું રેલમાર્ગે દિલ્હી જવા નીકળ્યો પણ મહેસાણામાં

પકડાયો. રેલવે કસ્ટડીમાં પુરાયો. થોડા સમય પછી છૂટ્યો.'

રાજેન્દ્રભાઇ કસ્ટડીમાંથી છૂટ્યા પછી ફરી એકવાર આઝાદીની લડતમાં સક્રિયપણે કાર્યરત થઇ ગયા. પત્રિકાઓ વહેંચવાની શરૂઆત કરી. ફરી પકડાયા. ત્રણસો રૂપિયાનો દંડ થયો. રાજેન્દ્રભાઇ પરીક્ષા આપી શકે તે માટે ખુદ કપડવંજના મેજિસ્ટ્રેટે દંડ ભરી દીધો. રાજેન્દ્રભાઇને આ વાતની ખબર પડી એટલે તેમણે મેજિસ્ટ્રેટને ત્રણસો રૂપિયા મોકલી આપ્યા. પછી તો પરીક્ષા પણ આપી અને પાસ પણ થયા.

મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા પછી રાજેન્દ્રભાઇએ આગળ ભણવા માટે વડોદરા જવાનો વિચાર કર્યો. પરંતુ રાજેન્દ્ર નામના જ એક મિત્રના આગ્રહને વશ થઇને, માતા લલિતાબા અને પત્ની મંજુની સંમતિથી એ મુંબઇની વિલ્સન કૉલેજમાં દાખલ થયા.

'હું વિલ્સન કૉલેજની હૉસ્ટેલમાં રહેતો હતો..' રાજેન્દ્રભાઇ કૉલેજ કાળના સંસ્મરણો વિશે કહી રહ્યા છે : 'હું કૉલેજના પ્રથમ વર્ષમાં હતો ત્યારે મારા પહેલા સંતાનનો જન્મ થયો. મારી જવાબદારી વધી ગઇ. આવકનું કોઇ સાધન નહોતું. પણ કમાવું અનિવાર્ય બની ગયું. કૉલેજનું એક વર્ષ પૂરું થયા પછી મેં કામની શોધ આદરી. રૂના વેપારી 'પારેખ એન્ડ કંપની'માં નોકરી મળી. કામ શરૂ કર્યું પણ ગોઠતું નહોતું. મન માનતું નહોતું. જીવ મૂંઝાતો. રહી રહીને એવું થયા કરતું કે ક્યારે અહીંથી છૂટું અને કપડવંજ ભેગો થાઉં.'

જોગાનુજોગ થોડા જ સમયમાં રાજેન્દ્રભાઇની નાદુરસ્ત તબિયતે તેમને કપડવંજ ભેગા થવાનો માર્ગ મોકળો કરી આપ્યો. મુંબઇ છોડવાના સંજોગો ઊભા થયા. વાત જાણે એમ બની કે, મેલેરિયાએ મુંબઇને ભરડામાં લીધું. આ મેલેરિયામાંથી ઊભા થતાં છ મહિના તો સહેજે નીકળી જાય.

'ઇશ્વરકૃપાથી મને પણ મેલેરિયા થયો...' રાજેન્દ્રભાઇ આમ કહીને અટકી જાય છે. પછી અનુસંધાનનું સંધાણ કરે છે : 'મેં ડૉક્ટરને બતાવ્યું. દવા લીધી. પણ કંઇ ફરક પડ્યો નહીં. તબિયત બગડતી ગઇ. મારી હાલતથી ચિંતિત થઇને મારા પિતરાઇએ બાને પત્ર લખ્યો કે, રાજેન્દ્ર અત્યંત બીમાર છે, તેને તાબડતોબ કપડવંજ બોલાવી લ્યો.'

આ પત્ર મળથાં જ લલિતાબાએ વળતો પત્ર લખીને રાજેન્દ્રભાઇને કપડવંજ આવવાનું જણાવી દીધું. રાજેન્દ્રભાઇને તો દોડવું'તું ને ઢાળ મળ્યો. તેમણે મુંબઇ છોડવાની છૂટ આપી. હું ખુશખુશાલ થઇને નીકળ્યો, કોણ જાણે શું સૂઝયું કે વસઇની ખાડીમાં દવાનો શીશો ફેંકી દીધો. મનમાં એમ કે ભલે જે થવું હોય તે થાય...'

સદ્‌નસીબે રાજેન્દ્રભાઇને કશું જ થયું નહીં. આરામદાયક સફર કરીને કપડવંજ પહોંચી ગયા. કપડવંજના પોતીકા વાતાવરણમાં બાની હૂંફ અને પત્નીની સારવારને લીધે થોડા વખતમાં જ તાજામાજા થઇ ગયા.

ત્યાર પછી, એક દિવસ...

'બા, મારે ફરીથી ભણવું છે.' રાજેન્દ્રભાઇએ અંતરની ઇચ્છા વ્યક્ત કરી.

'તો ભણને...' બા બોલ્યાં.

આ સંવાદ જેટલો સહેલો હતો, એનો અમલ એટલો જ અઘરો હતો. ભણવું હોય તો ફી ભરવાના રૂપિયા જોઇએ. પરંતુ રાજેન્દ્રભાઇ કે લલિતાબા પાસે રૂપિયા તો નહોતા. કેશવલાલના મૃત્યુ પછી આમેય ઘર આર્થિક રીતે સાવ ઘસાતું ગયું હતું. આવા સંજોગોમાં આગળ ભણવા માટે શું કરવું ?

'મેં ટ્યુશન કરવાનો નિર્ણય કર્યો.' રાજેન્દ્રભાઇ આમ કહીને વાત આગળ ચલાવે છે : 'પહેલાં તો મેં એક ટર્મની ફીની રકમ બા પાસેથી લઇને વડોદરા કૉલેજમાં દાખલો લઇ લીધો. મને એમ કે કૉલેજની હૉસ્ટેલમાં રહેવાની સગવડ થઇ જશે પરંતુ હૉસ્ટેલમાં જગ્યા મળે તેમ નહોતું. એટલે નાનકડું મકાન ભાડે લઇ લીધું. એક ટ્યુશન પણ બાંધી લીધું.'

આ ટ્યુશનની આવકમાંથી રાજેન્દ્રભાઇએ ત્રણ ખર્ચા કાઢવાના હતા : કૉલેજની ફી ભરવાના, મકાનનું ભાડું ભરવાનું અને કપડવંજના ઘરનો ખર્ચ ઉઠાવવાનો... આવી પરિસ્થિતિમાં રાજેન્દ્રભાઇને બહુ તોડ ન પડે અને એક જ ઘરનો ખર્ચો ઉઠાવવો પડે તે માટે લલિતાબા ને મંજુબહેન કપડવંજનું ઘર બંધ કરીને વડોદરા રહેવા આવી ગયાં. હવે બેને બદલે એક જ ઘરનો ખર્ચો કાઢવાનો હોવાથી રાજેન્દ્રભાઇને થોડીક રાહત તો થઇ પરંતુ નાણાંકીય ભીડ તો હતી જ. આ ભીડ કઇ રીતે ભાંગવી ?

'બા, હું બીજાં ત્રણ-ચાર ટ્યુશન કરીશ.'

'ના દીકરા એની જરૂર નથી.'

'પણ પૈસા તો જોઇશે ને ?'

'તું એની ચિંતા ન કર. પૈસાનું થઇ રહેશે.'

'પણ કેવી રીતે ?'

લલિતાબાએ આ સવાલનો જવાબ આપ્યો નહીં. પરંતુ થોડા સમયમાં જ રાજેન્દ્રભાઇને પોતાના સવાલનો જવાબ મળી ગયો.

'...અને ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયાં.' રાજેન્દ્રભાઇ આમ કહેતાં તો લાગણીવશ બની જાય છે : 'મને ભણાવવા માટે મારી બાએ પોતાનું સોનું વેચી કાઢેલું... એ જમાનામાં એક તોલો સોનાની કિંમત એકવીસ રૂપિયા હતી. બા પાસે સોનું ઘણું હતું. એ સોનાની એમને હૂંફ હતી. મારા પર ઘરનો બોજ ન પડે અને હું ભણી શકું તે માટે બાએ સોનું વેચ્યું. મંજુએ પણ પોતાનું સ્ત્રીધન હસતા મોઢે આપી દીધું. આ બે સ્ત્રીના ત્યાગના કારણે જ હું બી.એ.ની ડિગ્રી મેળવી શક્યો.

રાજેન્દ્રભાઇ બી.એ.થયા પછી સુંદરમ્‌ની જ્યોતિસંઘ સ્કૂલમાં જોડાયા. ૧૯૪૨માં આ સ્કૂલ બંધ થઇ ત્યાર પછી રાજેન્દ્રભાઇએ અમદાવાદની જૈન મર્ચન્ટ સોસાયટીમાં ઘરવખરીનાં સાધનોની દુકાન કરી. પરંતુ જેમનામાં ભરોસો મૂક્યો હતો તે માણસોએ દગો દીધો. દુકાનમાં જબ્બર ખોટ ગઇ. માથે દેવું ખડકાયું. રાજેન્દ્રભાઇએ દુકાન બંધ કરીને મુંબઇની વાટ પકડી.

'મુંબઇમાં મેં જાતજાતના ધંધા કર્યા...' રાજેન્દ્રભાઇ આમ કહીને વાતનો દોર સાંધી લે છે : 'એક મિત્રની મિલમાં સેક્રેટરી તરીકે નોકરી કરી, પછી જંગલનો કોન્ટ્રેક્ટર બન્યો, લાકડાનો ધંધો કર્યો, બીજા એક મિત્ર સાથે ભાગીદારીમાં કાગળનો ધંધો કર્યો. ત્યાર પછી ત્રીજા મિત્રની સહાયથી 'લિપિની પ્રિન્ટરી પ્રેસ શરૂ કર્યું અને ઠરીઠામ થયો.'

દરમિયાન, રાજેન્દ્ર શાહ કવિ તરીકે જાણીતા થઇ ગયા હતા. કુમાર જેવા પ્રિતિષ્ઠિત સામયિકમાં તેમની કવિતાઓ પ્રગટ થતી. વધુ ને વધુ કવિતાઓ લખાતી રહી અને કાવ્ય સંગ્રહો પ્રગટ થવા લાગ્યા. આ કાવ્યસંગ્રહો પર એક નજર : ધ્વનિ, શાંત કોલાહલ, ક્ષણ જે ચિરંતન, તૃણ પર્ણ, મોરપીંછ, વિષાદને સાદ, શ્રુતિ, આરણ્યક... રાજેન્દ્રભાઇએ ૧૯૪૦ના વર્ષ સુધી લખાયેલાં કાવ્યો તો ગ્રંથસ્થ કર્યાં જ નથી. છતાં પ્રકાશિત કાવ્યોની સંખ્યા એક હજાર કરતાં વધુ છે !

આ કાવ્યોની રચના માટે કોઇ ચોક્કસ સમયમર્યાદા નથી. ક્યારેક એક જ બેઠકે કાવ્ય લખાઇ જાય છે તો ક્યારેક દિવસો અને મહિનાઓ પછી એક કાવ્ય પૂરું થાય છે. આ સંદર્ભમાં રાજેન્દ્રભાઇ કહે છે : 'સ્વપ્ન નામનું દોઢસો પંક્તિનું કાવ્ય એક જ બેઠકે લખાઇ ગયું હતું, જ્યારે 'આયુષ્યને અવશેષે' લખતાં અઢી વર્ષ થયાં હતાં.'

રાજેન્દ્રભાઇ કાવ્યોના રચનાકાળની વાત કરી રહ્યા છે ત્યારે તેમને એક પ્રસંગ યાદ આવે છે :

'...ત્યારે હું કપડવંજમાં હતો. રાત્રે અગાસીમાં સૂતો હતો. અડધી રાત્રે અચાનક જ સ્વર્ગીય સૂરો સંભળાયા. મેં મંજુને ઉઠાડી પણ તેને સૂર સંભળાતા નહોતા. માત્ર હું જ તે સૂર સાંભળી શકતો હતો. હું ક્યાંય સુધી સૂરાવલિ સાંભળતો રહ્યો. સ્વર્ગીય અનુભૂતિ હતી એ...અને, તમે માનશો ? લગભગ સત્તર વર્ષ પછી આ ઘટનાના અનુસંધાનમાં એક કાવ્ય લખાયું.

આ પ્રકારની અંગત અનુભૂતિઓને કારણે જ કદાચ રાજેન્દ્રભાઇનાં કાવ્યોમાં અધ્યાત્મ તરફનો વિશેષ ઝોક જોવા મળે છે!'

'બીજું એક કારણ પણ છે...' મહર્ષિ અરવિંદના વિચારોથી પ્રભાવિત અને સ્વામી સ્વયંજ્યોતિતીર્થના શિષ્ય એવા રાજેન્દ્રભાઇ કહી રહ્યા છે : 'મને નાનપણથી ડગલે ને પગલે સાધુસંતોનો સત્સંગ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. પહેલા ગુરુ ઉપેન્દ્રાચાર્યજી મળ્યા, પછી જૈન સાધુ ત્રિલોક ચંદ્રસૂરિ સાથે ભેટો થયો. ત્યાર પછી મલયકુમાર ચક્રવર્તી અને સ્વામી સ્વયંજ્યોતિતીર્થનો સત્સંગ કરી શક્યો. આ સંતપુરુષોના સાનિધ્યનો પ્રભાવ મારાં કાવ્યો પર પણ પડ્યો છે...'

અધ્યાત્મ, યોગ અને કાવ્યનો આવો ત્રિવેણી સંગમ બીજે ક્યાં જોવા મળવાનો ?•

---

સીવીએમ બંગલો નં.૧૧, ગો.જો.શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર. મો.૯૮૯૮૦ ૭૦૨૦૫

*॥ અંજલિ ॥*

## રાજેન્દ્ર શાહની ગીતકવિતા

*ભગીરથ બ્રહ્મભટ્ટ*

ગુજરાતમાં સૌંદર્યાભિમુખ કવિતાના પ્રમુખ કવિ તરીકે રાજેન્દ્ર શાહનું નામ જાણીતું છે. તેમનાં કાવ્યોમાં સવિશેષ સર્જનાત્મક લક્ષણો જોવા મળે છે. પ્રહલાદ પારેખથી શરૂ થતી સૌંદર્યરાગી કાવ્યધારામાં રાજેન્દ્ર શાહ ધ્વનિ (૧૯૫૧)થી પ્રવેશ કરે છે.ત્યાર બાદ 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'ચિત્રણા', ક્ષણ જે ચિરંતન, પ્રસંગ સપ્તક જેવા સંગ્રહો દ્વારા તે એ ધારાને પુષ્ટ કરે છે. તેમણે તેમના કાવ્યોમાં જીવનની પ્રસન્નતા, સાયુજ્ય અને શુભત્વનું ગાન ગાયું છે. પોતાના સમયમાં રાષ્ટ્રીય ઘટનાઓ અવિરત ચાલતી હતી, તેઓ ખુદ તેના સાક્ષી પણ હતા. છતાં આ કવિ પોતાના સર્જનને એ પ્રાસંગિકતાથી અળગું રાખે છે. એટલે કે તેમનાં કાવ્યોમાં સમાજાભિમુખ લક્ષણો ખાસ જોવા મળતાં નથી. 'ધ્વનિ' સંગ્રહની પ્રથમ ગીત રચના 'નિરુદ્દેશે' એ રાજેન્દ્રની કાવ્યયાત્રાનો મર્મ પણ સૂચવે છે.

સ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો રાજેન્દ્ર શાહ પ્રથમ ગીતકવિ અને બીજા ક્રમે સોનેટ કવિ છે. સુંદરમ્ પછી તરત મહત્ત્વના ગીત કવિ તરીકે તેમનો ઉલ્લેખ થઇ શકે. રાજેન્દ્ર શાહનું જીવન દર્શન તેમના સર્જનમાં પ્રતિબિંબિત થાય છે. 'આયુષ્યના અવશેષ' નોંધપાત્ર સોનેટમાળા છે. તેમની સમગ્ર કાવ્ય યાત્રા અવલોકતાં રાજેન્દ્ર શાહની સંવેદના તીવ્ર છે, અભિવ્યક્તિ સાહજિક છે. તેમની કવિતાને શુદ્ધ સૌંદર્ય બોધની ભૂમિકાએ આસ્વાદી શકાય છે, તેથી તેમને સૌંદર્યલુબ્ધ કવિ કહ્યા છે.

રાજેન્દ્ર શાહનાં ગીતોની પદાવલિ છંદોબદ્ધ રચનાઓ જેવી લાગે છે. તેમનાં ગીતો સ્પર્શી જાય તેવાં છે, કેટલીક વાર સ્વાભાવિકતા જોખમાતી લાગે, તત્સમ્‌નો ભાર વરતાય એ બધી મર્યાદાઓ હોવા છતાં તેમનાં ગીતો ગાંધીયુગનાં ગીતોથી ભિન્ન નાજુક સંવેદનને વ્યક્ત કરે છે. તેમનાં ગીતોમાં દલિતો પ્રત્યે સમભાવ, ગરીબીનો પક્ષપાત દેખાતો નથી પણ સવિશેષ સૌંદર્યની આરાધનાનાં ગીતો છે. 'નિરુદ્દેશે' દ્વારા કવિ પોતીકાં પ્રયોજનો અભિવ્યક્ત કરે છે. 'સંસારે મુજ મુગ્ધ ભ્રમણ પાંશુ મલિન વેશે' પંક્તિ દ્વારા તેઓ ધૂળનો-પૃથ્વીનો મહિમા ગાતાં મુગ્ધતાનો આદર કરે છે. મુગ્ધ ભ્રમણમાંથી જ આનંદની પ્રાપ્તિ થાય છે. તેમનાં ગીતોનાં વિષયો વિવિધ પ્રકારના છે પણ ગીતની બાની ત્રણેક વિભાગમાં વહેંચી શકાય તેમ છે. (૧) સંસ્કૃત પ્રચુર શિષ્ટ બાનીનાં ગીતો (૨) લોકબાની અને લય ઝીલનારાં ગીતો (૩) મારવાડ તથા વ્રજની છાંટવાળા ગીતો.

રાજેન્દ્ર શાહ ગીતોની બાબતમાં ન્હાનાલાલ તથા સુંદરમ્ પછીની શ્રેષ્ઠ પ્રતિભા છે. તેમનાં ગીતોમાં ભાવની સુકુમારતા, તરલતા, શબ્દ-લયનું માધુર્ય અને લવચિકતા આસ્વાદ્ય છે. કૃષિ જીવનના, વનવાસીનાં, દરિયાખેડુનાં, દામ્પત્ય ભાવનાં, પ્રણયનાં, પ્રકૃતિનાં કેટકેટલાં ગીતો તેમણે આપ્યાં છે ! 'ધ્વનિ' સંગ્રહમાં ૪૫ જેટલાં ગીતો છે. 'આંદોલન' અને 'ઉદ્‌ગીતિ' જેવા ગીતસંગ્રહો છે જ્યારે 'શાંતકોલાહલ', 'શ્રુતિ' અને 'ક્ષણ જે ચિરંતન'માં પણ ગીતોની સંખ્યા ઝાઝી છે. એ બધાં ગીતોમાં વિષય, ભાવ અને લયનું વૈવિધ્ય છે. બંગાળી, વ્રજ, રાજસ્થાની અને લોકગીતોનો લયઢાળ તેમણે ઉપયોગમાં લીધો છે. તેમની ગીતકાર તરીકે પ્રમુખ લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે- (૧) લય-હિલ્લોળથી ભર્યોભર્યો ઉપાડ (૨) ભાવાનુરૂપ ભાષાની મુલાયમતા અને સાહજિકતા (૩) ગુંજનક્ષમતા (૪) ભાવની સૂક્ષ્મતા (૫) લયનું અપાર વૈવિધ્ય.

એમનાં ગીતો વિશે લખતાં રઘુવીરે આ વાત નોંધી-'ગીતોમાં લયનાં આવર્તનો વધારી દેવાની રાજેન્દ્રની રીતિ આગવી નોંધ માગે છે. પરભાષી લયને પણ એમણે પોતાનો કર્યો છે. પંક્તિઓમાં આવતી વર્ણ સગાઇમાં, તો ક્યારેક ચમકાવી દેતા આંતરપ્રાસમાં આયાસ નહીં લાગે, અંત્યાનુપ્રાસોમાં વિચિત્ર સ્વાભાવિકતા લાવવી એ રાજેન્દ્રનું જ કામ'

તો સુરેશ દલાલે આ પ્રમાણે કહ્યું: 'તમારા ગીતના લયની એકવિધતાનો મને પૂરતો ખ્યાલ હોવા છતાંયે તમારા ગીતની બાબતમાં હું એમ કહીશ કે સરસ્વતીએ તમારા પર એવો હાથ મૂક્યો છે કે તમે કદાચ ડાબે હાથે ગીત લખો તો પણ એમાં કાંઇને કાંઇ તો આવે જ. રહી રહીને ગુંજવાનું મન થાય એવાં તમારાં ગીતોની જેટલી વાત કરીએ એટલી ઓછી ગીતો માટે તો તમારી પંક્તિમાં એટલું જ -ચિરપરિચિત લય, લયનો લ્હેકો, સૂર, શબ્દ કરે હૃદય વિવિશ'.

રાજેન્દ્ર શાહને એમનાં કાવ્યો માટે ૨૦૦૩માં જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો છે, તેનું સ્વાગત કરતાં તેમણે કહ્યું કે આ મારું નહિ, ગુજરાતનું સન્માન છે. આમ, રાજેન્દ્રનાં ગીતોમાં બંગાળી, રાજસ્થાની, હિન્દી અને વ્રજ ભાષાની લયભાતો ઊઘડી છે. શબ્દોની નજાકત લયનું માધુર્ય, પ્રતીકો-કલ્પનો અને અલંકાર સમૃદ્ધિને કારણે તે તાજગીપૂર્ણ અને ઉત્કૃષ્ટ ઇન્દ્રિય સ્પર્શિતાનો ગુણ ધરાવે છે. એમ તેમની સંકલિત ગીત સૃષ્ટિ જોતાં સહજ કહી શકાય. રાજેન્દ્રને 'ધ્વનિ' 'શાંતકોલાહલ'થી જ ભાવકો ઓળખે છે, પરંતુ તે સિવાય તેમનું સર્જન જોતાં તેઓ આત્મસ્ફુરણાના કવિ જણાય છે. કલાવાદનો પુરસ્કાર કર્યા વિના એમની કવિતામાં કલાનાં ધોરણો જળવાયાં છે. તેઓ ગાંધીઘટનાથી ઊફરા ચાલ્યા એ જ મોટી ઘટના છે.તેમનાં ગીતો પણ જાત સાથે વાત કરતાં કરી મુકે છે.

રાજેન્દ્રનાં ગીતોએ સાંપ્રત સમયની સમસ્યાઓ ઉપર અંગુલિ નિર્દેશ નથી કર્યો અને સંસ્કૃતબાનીનો છૂટથી ઉપયોગ કર્યો છે એને આપણે મર્યાદા કહીશું ! તેમ છતાં તેમની બાનીમાં સરળ અને સંકુલનું, શિષ્ટ અને તળપદનું સાયુજ્ય છે. એમની ગીત કવિતામાં માંહ્યલો કોળેલો છે, મુખડો પણ આકર્ષક છે, અનુભૂતિની સચ્ચાઇ અને અભિવ્યક્તિની સફાઇ તેમની સૌંદર્યનિષ્ઠ બાનીમાં ઓળઘોળ થઇ જાય છે, ટૂંકમાં કવિની કાવ્યગીત યાત્રા પ્રકૃતિ, પ્રણયથી શરૂ કરી અધ્યાત્મની ઊંચાઇએ પહોંચી વિકાસમૂલક ગતિ કરે છે. ●

એ/૩, યુનિ.સ્ટાફ કોલોની, વલ્લભ વિદ્યાનગર.

*॥ ગ્રંથપરિચય ॥*

## *આંબેડકર અને'અમારો બાપ અને અમે'*

*સિલાસ પટેલિયા*

('અમારો બાપ અને અમે' *લે.નરેન્દ્ર જાધવ, અનુ.કિશોર ગૌડ.)*

દલિત માનવસમાજના દેવતા એવા બાબાસાહેબ આંબેડકર માટે એમ કહી શકાયઃ

***સદીઓના શોષણપહાડને***
***આત્મસન્માનની આગ પેટાવી***
***સંઘર્ષને બળ બનાવી ઓગાળ્યો...***
***હૈયે હામ એ જ હીર***
***એજ દેવ***
***એ હામ એકાકી, તોયે ઝૂઝતો !***
***ઝંઝાવાતો વચ્ચે એકલ કર્મનાવ ખેડે દરિયો !***

આવા સતત ઝઝૂમતા રહેલા સંઘર્ષમય કર્મપુરુષે સમગ્ર દલિતસમાજના કાનમાં એક મંત્ર ફૂંક્યો હતો : 'ભાણો-સંગઠિત થાવ અને સંઘર્ષ કરો.' આ મંત્ર બાબાસાહેબે એમના પારાવાર સંઘર્ષભર્યા જીવનમાંથી ઘડ્યો હતો.શોષણ અને અન્યાયનો જબ્બર અનુભવ એમને હતો. એમાંથી જ આત્મસંજ્ઞાની ચિનગારી એમણે પ્રગટાવેલી. સ્વમાનને ભોગે કશું નહીં એ એમનું બળ હતું. આવા બાબાસાહેબ દલિતોના પ્રેરણાતીર્થ હતા. એમના મંત્રમાં જ એમની આખેઆખી વિચારધારા ધરબાયેલી છે. મહાન વ્યક્તિની વિચારસરણીનો પ્રભાવ વ્યક્તિ પર પડે છે ને એની કર્મશીલતામાં એ સંસિદ્ધ થાય છે. કર્મ વડે એ વળી પરિવાર પર અને સમાજ પર પ્રભાવ પાડે છે. આમ, અંગતપ્રભાવ વ્યાપક બને છે અને સામાજિક પરિવર્તન યા ક્રાંતિના તણખા માટે એ સૂક્ષ્મ સંદર્ભમાં ભારે પ્રભાવકારી નીવડે છે. પોતે, પોતાના પરિવારે અને પરિવાર વડે સમાજે એ પ્રભાવ કેવી રીતે ઝીલ્યો, બાબાસાહેબની વિચારધારાનો પ્રભાવ કેવી રીતે પચાવ્યો એનું આલેખન 'અમારો બાપ અને અમે'નામની મરાઠી આત્મકથામાં છે, જેના લેખક નરેન્દ્ર જાધવ છે.

આ આત્મકથાના એક લેખક નથી. જે.ડી.જાધવ, દિનેશ જાધવ, નરેન્દ્ર જાધવે આમાં સ્મરણો લખ્યાં છે. કેન્દ્રમાં પિતા-દાદા છે. સંતાનોએ પિતા અંગે લખ્યું છે. કેવા પિતા ? ગામડાગામના સાદા સીધા. ગામ છોડ્યું મુંબઇ આવ્યા. અત્યંત સંગર્ષ ખેડ્યો. શ્રમિકનું જ જીવન. રેલ્વેમાં ચોથા વર્ગના કર્મચારી, ગરીબાઇ વેઠી. આવો દાદો. એકદમ છેવાડાનો મનેખ. એના જીવનની પ્રેરણા આંબેડકરીય વિચારધારા. બધા જ સંતાનોને ભયમુક્તિનો એમણે મંત્ર આપ્યો. જે કરો એ પ્રાણ દઇ કરો ને એકદમ ચોક્કસ કરો. આથી જ સરકારી ખાતાઓમાં એકદમ ઉચ્ચકક્ષાના અધિકારીઓ બનેલા સંતાનો કબૂલાત કરે છે કે દાદામાં આ બળ પાનાર બાબાસાહેબ. 'આંબેડકરે દલિતસમાજમાં સ્વાભિમાનની જે ચિનગારી જગાવી તે નવનિર્મિત અસ્મિતાનું પ્રતીક એટલે અમારા દાદા.' આવું ગૌરવભેર સંતાનો કહે છે કેમકે મોટપણે એમણે અનુભવ્યું છે કે પોતે ક્યાંથી બળ મેળવ્યું છે. જનાર્દન માટે એમણે જે સત્યાગ્રહ કરેલો એનું સ્મરણ દદાએ લખ્યું છે :

'જ્યાં સુધી મારા છોકરાને તમે શાળામાં લેશો નહીં ત્યાં સુધી હું અન્નપાણી લઇશ નહિ. મને પોલીસ લઇ જશે તોયે અન્નજળ લઇશ નહિ.' આવી હતી ખુમારી. જ્ઞાનની તરસ એ જ દલિતોની મુક્તિનો પ્રાણ છે, ભણતર વિના કશું જ ના થાય એ વાત પાયાની છે-એ વિચારપિંડ બાબાસાહેબનો ને એને આમ પચાવી આચરણમાં મૂક્યો દાદાએ. તો જ તો સંતાનો ભણ્યા ને ભણતરેય કેવું ! દુનિયામાં ડંકો વગાડે એવું. બચપણમાં દાદા સંતાનોને બાબાસાહેબની સભામાં લઇ જતા. દાદા પર, પછી સંતાનો પર આંબેડકરનો પ્રભાવ પડ્યો ને સંતાનોએ એ પ્રભાવને સમાજ વ્યાપી બનાવવાની બચપણમાં જ ગાંઠ વાળી. એ સંતાનો આ આત્મકથામાં યથાર્થપણે લખે છે : '...આંબેડકરની જેમ ખૂબ ભણીને સમાજકાર્ય કરવું અથવા લોકકવિ થઇને બાબાસાહેબના વિચાર ગામેગામ ફેલવવામાં મદદરૂપ થવું. આવા બે જ સ્પષ્ટ પર્યાય અમારાં બાળમનમાં એ વખતે ઘર કરી ગયાં હતાં.'(પૃ.૧૨૦) આમ, મોટપણે આ સંતાનોએ દલિતસમાજ અને સમગ્ર દેશમાં આંબેડકરની વિચારધારાનો કર્મયજ્ઞથી જે રીતે ફેલાવો કર્યો એનાં મૂળ આમ પાતાળઊંડા છે. આ દાદા બાબાસાહેબની વિચારધારાને રચનાત્મકરૂપ આપવા પણ મથતા. ઘરમાં બાબાસાહેબના ગ્રંથો. સંતાનો વાંચે એવી એમની ઇચ્છા. જે.ડી.જાધવે એક સ્મરણ નોંધ્યું છે : 'કેમ દામુ અણ્ણા ? તારો છોકરો છે ? ભણાવ એને. બાબાસાહેબે કહ્યું. પછી કાર્યકરોના ઘેરા વચ્ચે બાબાસાહેબ નીકળી ગયા. કેવળ દાદા ગંભીર થઇને ખાસ્સો સમય ત્યાં જ જડાઇને ઊભા રહ્યા.'(પૃ.૧૨૮) દાદા પર બાબાસાહેબની ભૂરકી કેવી હતી એનું નિદર્શન આ ચિત્રમાંથી સાંપડે છે. બાબાસાહેબ અને દાદાનો આવો અમીછંટકાવ આ સંતાનોની મૂડી હતી. પોતે એ વારસો પામ્યા ને એમાંથી મળેલા સંસ્કારબળે એમણે એ વિચારસરણીનો જુદાજુદા સંગઠનો રચીને, મહત્ત્વના કામો કરીને, અનેક સુધારાઓ ઘડીને કર્યાં. જે.ડી.જાધવે પોતાની પ્રશાસકીય સેવાનો આખો ઇતિહાસ આ આત્મકથામાં આપ્યો છે જેમાં ગરીબ, પછાત, અન્યાયગ્રસ્ત ને શોષણનો ભોગ બનતા જતા સમાજને બેઠો કરવાના અનેકવિધ કર્મોની ઝાંખી થાય છે. સમાજકલ્યાણ, વનવિભાગ કે શિક્ષણસચિવની ભૂમિકામાં જે સુંદર

પરિણામો મેળવ્યાં એના મૂળમાં બચપણના એ પ્રેરણાદાયી સંસ્કારો. સમાજના ઉત્થાન માટે જે કંઇ કર્યું એમાં આ વિચારધારાનો આવો પ્રભાવ. વિદેશમાં જઇને અર્થશાસ્ત્રમાં સંશોધન કરનાર અને રિઝર્વ બેન્કના ઉચ્ચ અધિકારી તરીકે નામ કમાનાર નરેન્દ્ર જાધવ આંબેડકરને વિશ્વના તખ્તા પર નવેસરથી મૂકી આપવા મથ્યા. જે રીતે એક અર્થશાસ્ત્રી લેખે આંબેડકરને દેશ અને દુનિયામાં સ્થાન નથી મળ્યું એવું એમને લાગતું હતું. માટે તેઓએ આંબેડકરની જન્મ શતાબ્દિ નિમિત્તે વિવિધ સામયિકોમાં લેખો લખ્યા. 'ડૉ.આંબેડકરનાં આર્થિક વિચાર અને તત્ત્વજ્ઞાન' નામનો ગ્રંથ લખ્યો. જેને રિઝર્વ બેન્કના ગર્વનર વેન્કિટ રામાનનની પ્રસ્તાવના મળી. ગર્વનરે આંબેડકરને શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી ગણ્યા. નરેન્દ્ર જાધવ આ ઘટના અંગે લખે છે : 'સાઇઠ સિત્તેર વર્ષની ઉપેક્ષા પછી રિઝર્વ બેન્કનાં ગર્વનર સાહેબે સ્વતઃ ડૉ.આંબેડકરની આર્થિક કામગીરીની નોંધ લઇને તેમને શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીની માન્યતા પ્રદાન કરી એમાં એક ઐતિહસિક ન્યાય છે એવી મારી માન્યતા છે.'(પૃ.૨૧૯) 'ઐતિહાસિક ન્યાય'ની આવી ઉમદાભાવના દર્શાવે છે કે બાબાસાહેબનું આ રીતે ઋણ ફેડ્યાની કેવી ધન્યતા એમણે અનુભવી. આ ગ્રંથનો ભારે પ્રભાવ પડ્યો. આંબેડકરના આર્થિક વિચારોનો ઊંડો અભ્યાસ થવા લાગ્યો. યુનિવર્સિટીઓમાં આ વિષય અંગે સંશોધનો થવા લાગ્યાં. આમ, દાદા પાસેથી મેળવેલું બાબાસાહેબના વિચારોનું ભાથું જીવનમાં એકરસ કરી, સમાજને ફરીફરી એ વિચારો મળતા રહે અને સામાજિક પ્રગતિ તથા સામાજિક ઐક્યના સંવર્ધનમાં એ મૂલ્યવાન સાબિત થાય એ માટે એ મથ્યા. દિનેશ જાધવે આ આત્મકથામાં પોતાના સ્મરણોના સંદર્ભમાં લખ્યું છે : 'ડૉ.આંબેડકરે લખેલ 'શુદ્રો પૂર્વે' કોણ હતા.' એ પુસ્તક સાવ નાનપણમાં વાંચવામાં આવવાને કારણે કે કેમ પણ આપણે બીજા કરતાં ઊતરતા નથી અને આપણી વર્તણૂકમાં, અભ્યાસમાં ચરિત્રમાંથી તે સિદ્ધ કરવાની ભાવના સાથે હું વર્તતો.'(પૃ.૧૬૪) આ પુસ્તકની આવી પ્રબળ અસર એમના આખા જીવનમાં વ્યપેલી હોય એવી એમણે પ્રતીતિ કરી ને પછીના નોકરીના વર્ષોમાંય એ વિચારોનો પ્રભાવ અને આચરણ જોવા મળે છે. ઇન્કમટેક્ષ વિભાગના અધિકારી લેખે અને પછીથી આસિસ્ટન્ટ ડાયરેક્ટર-સિમેન્સ એમ્પ્લોયમેન્ટ તરીકેની ભૂમિકામાં એમણે ગરીબો અને ખલાસીઓ માટે સહાનુભૂતિ દાખવી ને એમના પક્ષધર બની રહ્યા. ગરીબાઇ વેઠેલી તેથી તરત આ ગરીબોને સમજી શક્યા ને એમનામાંય સ્વમાનભેર જીવવાની પ્રેરણા રોપી શક્યા. મુંબઇ મહાનગર પાલિકાના પ્રશાસકીય અધિકારી તરીકે જે નિર્ભયતાથી એમણે કામ કર્યું છે એના મૂળ આમ છેક બચપણના એ આંબેડકરના ગ્રંથના સંસ્કારની ભૂમિમાંથી મળે.

આમ, આ આત્મકથા સહિયારા લેખનનું ફળ છે. એમાં સંતાનો અને પિતાના સ્મરણોનો ઇતિહાસ છે. કેન્દ્રમાં બાબાસાહેબ આંબડકરની વિચારસૃષ્ટિનો ઊંડો સંસ્કાર છે. એક ગરીબ પિતાએ પોતાના જીવનમાં એ વિચારને વાવ્યો, ઊગાડ્યો જે જતનથી આચરણમાં મૂક્યો ને વારસામાં સંતાનોને આપ્યો. સંતાનોએ ભરપુર તકો ઝડપી સમાજપ્રગતિ માટે કર્મશીલતા દાખવી અને પિતાએ કંડારેલી કેડીને જ જીવન આદર્શ ગણી જે કેડી આંબેડકરની વિચારસરણીથી ઘડાયેલી હતી. જે સમયે એક મહાર મહારવાડાની દુનિયાથી બહાર જઇને કંઇ જ વિચારી ના શકે એવી સ્થિતિની વચ્ચે દાદાનું ઉપર ઊઠવું એ જેટલું આંબેડકરને આભારી છે એટલું જ દાદા માટે મહાન છે.

આ લેખન વડે દાદાએ અને સંતાનોએ પોતાના જીવનમાં આંબેડકરના પ્રભાવને પ્રગટ કર્યો છે ને એના આચરણથી સમાજમાં કેવું કામ થયું છે એનોય ઇતિહાસ આમાંથી આપણને મળે છે. દાદાનો સંઘર્ષ શબ્દસ્થ ના થયો હોત તો આવા અભણ મહાનાયકને કોણ જાણી શક્યું હોત ? સંતાનોએ પણ આત્મકથન ના કર્યું હોત તો કોને ખબર પડી હોત કે ઉચ્ચ સ્થાન ને ભરપુર સત્તા હોવા છતાં દાદાના સંતાનોએ નિષ્ઠા, નિર્ભયતા અને અન્યાયગ્રસ્ત સમાજરચના માટે સતત સંઘર્ષ કર્યો, સુવિધાઓ મેળવી, ધન મેળવી, જ્યાંથી આવ્યા છે એ સમાજને ભૂલી ના ગયા ! આમ, આ આત્મકથા એક દીવાદાંડી છે. કેવળ આંબેડકરીય વિચારસરણીનું ગાન કરનાર માટે આ સાહિત્ય એક આદર્શ છે. સમાજ પરિવર્તનની દિશામાં સાહિત્યનો ય સૂક્ષ્મ પ્રતાપ હોય છે એ આ આત્મકથા દર્શાવે છે. આવનાર સમયમાં આ કથા પ્રેરણાનું જાત્રાધામ બની રહેશે. કેમકે એમાં અમર આંબેડકર સાકાર થયા છે. એ પ્રભાવ અવશ્ય ક્રાંતિજન્ય હશે ને સૂક્ષ્મ હશે.

અંતે-
સદીઓના અન્યાય ને શોષણના જામેલા
કાળમીંઢ થર પર થર...
એ થરને ઓગાળી ઓગાળી
ઊપર ઉઠતું રહ્યું એક સર્ય કિરણ...
એ કિરણ એ જ આંબેડકરનું આત્મબળ !
અંધારપથ્થર પર ઊભેલા 'દાદા'એ ઝટ
ઝીલી લીધું મુઠ્ઠીમાં
ને ઊગામી મુઠ્ઠી અંધકાર પર
ને પ્રગટ્યો ઉજાશ. •

---

ઇ/૧૧ સૂર્યાફ્લેટ-બી, સ્વામીનારાયણનગર સામે, નિઝામપુરા, વડોદરા-૩૯૦ ૦૦૨, ફોન : ૬૫૩૪૦૧૦

## જળવાયુ પરિવર્તનઃ સાંપ્રતનો પડકાર

કે.એન.જોષીપુરા

### પ્રાસ્તાવિક :

આપણે કોઇને મળીએ ત્યારે વાતની શરૂઆત 'કેમ છો?- થી થાય છે. પરદેશોમાં ફોન પર વાતચીત થાય ત્યારે, 'How is the weather'-એ જરૂર પૂછવામાં આવે છે. ઇંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશોમાં રોજેરોજના હવામાનમાં તાનપલટા આવ્યા કરતા હોય છે. તો પ્રશ્ન એ થાય કે હવામાન (Weather)અને આબોહવા અથવા જલવાયુ (Climate)માં શું ફેર ?

હવામાન એ કોઇ સ્થળના તાપમાન, ભેજનું પ્રમાણ, સૂર્યપ્રકાશ, વાદળાં, પવનની ગતિ વગેરેની રોજેરોજની સ્થિતિનો અંદાજ આપે છે. આબોહવા એ વાર્ષિક સ્થિતિનો અથવા ઋતુચક્રનો ખ્યાલ આપે છે. ભારત જેવા દેશોમાં શિયાળો, ઉનાળો તથા ચોમાસુ એમ ત્રણ ઋતુઓ હોય છે. આબોહવા એ ઋતુઓનો સરેરાશ અંદાજ આપે છે. કર્કવૃત્ત(Tropic of cancer)ની નજીક આવેલ ભારત જેવા દેશ માટે આવી આબોહવાને Tropical climate કહે છે. આ ઋતુચક્રમાં પૃથ્વીની દૈનિક-વાર્ષિક ગતિ, પવનોની ગતિ વગેરે પરિબળો ભાગ ભજવે છે. આપણું ઘર પૃથ્વી કે ધરતી એ નીચેના અંગોનું બનેલું છે.

Lithosphere (મૃદાવરણ અથવા પૃથ્વીનો પોપડો)

Hydrosphere (જલાવરણ)

Atmosphere (વાતાવરણ)

Cryosphere (શીતાવરણ, ધ્રુવો પરનો બરફ)

આ ઉપરાંત પૃથ્વીના સમગ્ર જીવનને આવરી લેતા વિભાગને biosphere કહેવાય છે. પૃથ્વીની સપાટી પરનો લગભગ ૭૧% પાણીનો ભાગ ગરમીનો સંગ્રહ કરી શકે છે. ધ્રુવો પરનો બરફ, વિષુવવૃત્ત પર બારેમાસ પડતી ગરમી વગેરે તમામ પરિબળો વચ્ચે એક અદ્ભુત કુદરતી સંતુલન સધાયેલું જોવા મળે છે. આમ તો સર્જનહારે પૃથ્વીને જરૂરી એવું હવાનું આવરણ, પૂરતું ગુરુત્વાકર્ષણ, સૂર્યથી સુયોગ્ય અંતર અને એવી કેટલીય સુવિધાઓ આપી છે. પૃથ્વી પર જીવન પાંગર્યું છે અને ટકી રહેલું છે, એ ઉપરોક્ત તમામને આભારી છે.

### પૃથ્વી એક હરિત-ગૃહ(ગ્રીન હાઉસ) :

આપણી આસપાસના વાતાવરણમાં સામાન્યપણે 78% નાઇટ્રોજન,21% ઓક્સિજન,0.03%(કદ મુજબ) કાર્બન ડાયોક્સાઇડ વાયુ તથા અલ્પ પ્રમાણમાં આર્ગોન અને અન્ય વાયુઓ અને વધતા ઓછા પ્રમાણમાં પાણીની વરાળ રહેલી હોય છે. માનવી અને પ્રાણીઓ જીવન ટકાવવા માટે હવામાંથી ઓક્સિજન મેળવે છે. અને કાર્બન ડાયોક્સાઇડ બહાર કાઢે છે. તો વનસ્પતિ હવામાંથી કાર્બન ડાયોક્સાઇડ લઇને સૂર્યપ્રકાશની હાજરીમાં પોતાનો ખોરાક બનાવે છે. પરિણામે હવામાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ સામાન્યપણે જળવાઇ રહે છે.

આપણું વાતાવરણ આપણા માટે એક હૂંફાળો કામળો છે. દિવસે સૂર્યની ગરમી પડતાં ધરતી તપે છે. સરેરાશ પૃથ્વીનું તાપમાન 27 અંશ C અથવા 300 અંશ કેલ્વિન ગણી શકાય. પૃથ્વી પોતે પણ પોતાના તાપમાન અનુસાર ઉષ્મા (ગરમી) ફેંકે છે. જે અધોરક્ત (Infrared ટૂંકમાં IR) કિરણોના સ્વરૂપમાં હોય છે. જો વાતાવરણ ન હોય તો આ ગરમી અવકાશમાં પૂરેપૂરી ફેંકાઇ જાય અને રાત દરમિયાન ધરતી ઠંડી પડી જાય. સદ્ભાગ્યે વાતાવરણમાં રહેલ કાર્બન ડાયોક્સાઇડ, મિથેન વગેરે વાયુઓ આ IR કિરણોને શોષે છે. આ વાયુઓના ખાસ ગુણધર્મને કારણે આમ બને છે અને તેથી વાતાવરણમાં થોડીઘણી ગરમી જળવાઇ રહે છે. પૃથ્વીની સરખામણીમાં ચંદ્ર પર વાતાવરણ નથી, તેથી ચંદ્ર પર જ્યાં તડકો પડે ત્યાં અતિશય ઊંચું તાપમાન અને જ્યાં સૂર્યપ્રકાશ ન મળે ત્યાં 0 અંશ C થી પણ નીચે હાડ થીજાવતી ઠંડી હોય છે. પૃથ્વીના IR કિરણો શોષાવાથી જે હૂંફાળી સ્થિતિ બને છે તેને ગ્રીનહાઉસ અસર કહે છે. ઠંડા પ્રદેશોમાં નાજૂક છોડ-ઝાડનું જતન કરીને ઉછેરવા માટે હૂંફાળુ કાચ-ઘર બનાવવામાં આવે છે, તેને ગ્રીનહાઉસ કહેવાય છે. પૃથ્વી પણ ઉપરોક્ત વાયુઓને કારણે એક પ્રકારનું ગ્રીનહાઉસ બની રહે છે. તેથી ઉપરોક્ત બે વાયુઓને ગ્રીનહાઉસ ગેસીસ (GHG) કહેવામાં આવ્યા છે.

હવે, આગળ વધતાં પહેલાં એક વાત નોંધી લઇએ કે વાતાવરણમાં ઓઝોન વાયુ જરા જુદી ભૂમિકા ભજવે છે અને ઓઝોન સમસ્યા પણ જરા જુદા પ્રકારની સમસ્યા છે. ઓઝોન, સૂર્યમાંથી આવતાં અલ્ટ્રાવાયોલેટ કિરણોનું શોષણ કરીને આપણને રક્ષણ આપે છે. જ્યારે GHG વાયુઓ પૃથ્વીના IR અથવા તો ગરમીના કિરણોને શોષીને રોકી રાખે છે.

તો હવે ગ્રીનહાઉસ અસરના સંદર્ભમાં પૃથ્વી પરની સમસ્યા શી છે? આવો સમજીએ.

આખી દુનિયાનાં છેલ્લાં સોએક વર્ષમાં ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક ક્રાંતિને પરિણામે ખૂબ ઝડપી વિકાસ થયો છે.દુનિયાની વસ્તી વધી છે, ઊર્જાની જરૂરિયાતોમાં જબરદસ્ત વધારો થયો છે, નાનાં મોટાં વાહનો, ઔદ્યોગિક એકમો વગેરે દ્વારા છોડવામાં આવતા કાર્બન ડાયોક્સાઇડથી હવામાં પ્રદૂષણ વધ્યું છે. તો સામે

માનવીઓની જરૂરિયાતોને લઈને જંગલો અને કુદરતી વનસ્પતિનો નાશ થવા લાગ્યો છે. કુદરતી વનસ્પતિ અને ખેતીવાડીના પાકમાં ફેર હોય છે, એ પણ નોંધવા જેવું છે. માનવીની સાથોસાથ પાળેલાં પશુઓની સંખ્યા વધી છે. આ પશુઓ દ્વારા તેમજ પાકો દ્વારા હવામાં ભળતા મિથેન વાયુનું પ્રમાણ પણ વધ્યું છે. આમ હવામાં GHG વાયુઓનું પ્રમાણ વધવાથી પૃથ્વી પર જળવાઈ રહેતી ગરમીનું પ્રમાણ ધીમી ગતિએ વધી રહ્યું છે. આ બાબતને વૈશ્વિક તાપવૃદ્ધિ (Global warming)એવું નામ આપવામાં આવ્યું છે. અને તેને લગતા વૈજ્ઞાનિક પુરાવાઓ પણ એકત્ર કરવામાં આવ્યા છે. ગ્લોબલ વોર્મિંગમાં શહેરીકરણ(Urbanization)પણ ભાગ ભજવે છે.ટૂંકમાં વિવિધ કારણોસર પૃથ્વીના સરેરાશ તાપમાન પર લાંબાગાળે જોતાં વધારો નોંધાયો છે. આમ, આપ જુઓ કે મર્યાદિત ગ્રીનહાઉસ અસર આવકારદાયક છે, જ્યારે તેનો અતિરેક ગ્લોબલ વોર્મિંગમાં પરિણમે છે.

***શી અસરો છે આ ગ્લોબલ વોર્મિંગની ?***

અત્રે આપણે કેટલીક મુખ્ય અસરોનો ઉલ્લેખ કરીએ. સૌ પ્રથમ તો પૃથ્વીના ધ્રુવો પર લાખો વર્ષોથી બરફ જામી ગયેલ છે, તે આ તાપવૃદ્ધિને કારણે ધીમે-ધીમે પીગળવા લાગ્યો છે. કહેવાય છે કે યુરોપ અને અમેરિકાને ઉત્તરધ્રુવ બાજુએથી જોડતો બરફ-માર્ગ હવે હજારો વર્ષ બાદ ખુલવા લાગ્યો છે. જોકે અવલોકન એમ પણ છે કે બરફ પીગળવાનું પ્રમાણ ઉત્તરધ્રુવના Arctic વિસ્તારમાં વધુ છે, જયારે દક્ષિણધ્રુવના Antartic માં તે ખાસ જોવા મળ્યું નથી. ધ્રુવો પરનો બરફ પીગળે એટલે દુનિયાભરના મહાસાગરોની સપાટીમાં થોડો વધારો થાય, હવે જો ગ્લોબલ વોર્મિંગ ચાલુ રહે તો નજીકના ભવિષ્યમાં સાગરોની સપાટી ઊંચી આવી જાય. માલદીવ જેવા નાના ટાપુઓ ડૂબી જાય અને જગતનાં પ્રખ્યાત બંદરો પર દરિયો ધસી આવે. મજાકમાં કહીએ તો જાણકારોએ ગ્લોબલ વોર્મિંગથી બંદરોને ડુબવાની આગાહી કરતું એક સમયપત્રક બનાવ્યું છે. બરફ પીગળવાની અસર આપણા નગાધિરાજ હિમાલય પર પણ પડે, પરિણામે ગંગા, યમુના જેવી નદીઓમાં અનિયમિત પૂર આવે અને ત્યાર બાદ, હિમાલયમાં બરફ ઘટી જતાં તો પાણીનો દુકાળ પડે, તેની નદીઓ સુકાવા લાગે એ પણ શક્ય છે.

ગ્લોબલ વોર્મિંગ એ સામાન્ય વાતાવરણને ખૂબ ખલેલ પાડે તેવી અસર છે. તેને કારણે ધરતી પરના સામાન્ય ઋતુચક્રને મોટી અસર પડવા સંભવ છે, જેમાં મુખ્યત્વે ઠંડી-ગરમીની અનિયમિતતા, પવનનાં વધુ આક્રમક તોફાનો વગેરેનો સમાવેશ થાય છે. ભારત જેવા મોસમી આબોહવા (monsoon climate)ના દેશોમાં વરસાદનું પ્રમાણ વધે-ઘટે અને સુકાળ-દુકાળનું આવાગમન વધી શકે છે.

જોકે અત્રે એક ખાસ નોંધ કરવી જરૂરી છે. પૃથ્વી પોતે પણ એક સંકુલતંત્ર(Complex system) છે, વળી પૃથ્વીનો આધાર સૂર્ય પરથી મળતા પ્રકાશ અને ગરમી પર રહેલ છે. એટલે પૃથ્વી-સૂર્ય એ એક જોડાયેલું તંત્ર (Coupled system) છે. તેથી સૂર્યમાંથી મળતી ગરમીના પ્રમાણમાં થોડો ઘણો ફેરફાર થાય તો તેની અસર પૃથ્વીના જલવાયુ પર પડી શકે છે. વળી જુદા-જુદા કારણોસર પૃથ્વીના વાતાવરણમાં નાની રજકણો જેને એરોઝોલ્સ(Aerosols) કહે છે તેનું પ્રમાણ પણ વધવા પામ્યું છે. એરોઝોલ્સ એ સૂર્યમાંથી પૃથ્વી પર આવતા કિરણોનું પ્રકિર્ણન (Scattering)કરે છે. તેને લીધે ગરમીના પ્રમાણમાં મામૂલી એવો ઘટાડો પણ થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગનો વિચાર કરવાની સાથોસાથ આવા પરિબળોનો પણ વિચાર કરવો જોઈએ.ગ્લોબલ વોર્મિંગ ખરેખર માનવજાતની પ્રવૃત્તિઓને કારણે એટલે કે માનવ-વંશ-જન્ય (Anthropogenic) છે કે કેમ? તેની પણ ચર્ચાઓ થતી રહે છે.

***આંતરરાષ્ટ્રીય પ્રવાહો-ક્યોટોથી કોપનહેગન સુધી***

આજકાલ તો ગ્લોબલ વોર્મિંગની બોલબાલા છે. જો GHG વાયુઓનું પ્રમાણ વધતું અટકાવવામાં ન આવે તો મોટી આપત્તિ સર્જાવાનો સંભવ છે. બીજી બાજુ જો GHG નું પ્રમાણ ઘટાડીએ તો ઔદ્યોગિકીકરણ અને આર્થિક પ્રવૃત્તિઓને બ્રેક મારવી પડે. આમ, આપણા ભાવિ વિશે બેવડો પ્રશ્નાર્થ ખડો થાય છે. આ સમસ્યામાં આર્થિક બાબતો પણ સંકળાયેલી હોવાથી કેવળ વિજ્ઞાનીઓ જ નહીં પણ જગતના નેતાઓ પણ તેમાં સામેલ થાય છે. વૈશ્વિક કક્ષાએ આ પ્રશ્નની ચર્ચા કરવા માટે એક શિખર પરિષદ ૧૯૭૨માં મળી હતી. જાપાનના ક્યોટો શહેરમાં ૧૯૯૭માં ગ્લોબલ વોર્મિંગ સંબંધે મળેલી પરિષદમાં અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા. વિશ્વના ઘણા દેશો એ બાબતમાં સહમત થયા કે પૃથ્વીને નુકશાન કરતા એવા GHG વાયુઓનું ઉત્સર્જન ઘટે અને ૧૯૯૦ના વર્ષ પ્રમાણે જળવાઈ રહે તેવાં પગલાં ભરવાં જોઈએ. આ અંગેનો Kyoto protocol અને તેની આજુબાજુ ઘૂમતા આંતરરાષ્ટ્રીય પ્રવાહો વિશે અખબારોમાં અને માધ્યમોમાં ઘણી વાતો આવતી રહે છે. ક્યોટો કરારની મુદ્દત ૨૦૧૨ માં પૂરી થાય છે. તેને લગતી વિચારણા કરવા માટે ડિસેમ્બર ૨૦૦૯માં ડેન્માર્કના કોપનહેગન શહેરમાં એક શિખર પરિષદ મળી હતી. જો કે એવું સમજાય છે કે કોપનહેગન શહેરમાં અમેરિકા તેમજ ભારત સહિત જગતના ઘણા દેશોના વડાઓ ભેગા થયા હતા. છતાં તેનું કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. પરિસ્થિતિ એમ છે કે GHG ઉત્સર્જન ઘટાડવા માટે નક્કર પગલાં લેવા પડે. જે આર્થિક રીતે પરવડે તેમ નથી. અમેરિકા જેવા સમૃદ્ધ દેશોની વસ્તી

આમ તો ઓછી છે પણ ત્યાં માથાદીઠ GHG ઉત્સર્જન વધારે છે. બીજી બાજુ ચીન, ભારત વગેરે જેવા વિકાસશીલ દેશોમાં માથાદીઠ ઉત્સર્જન ઓછું હોવા છતાં તેનું સમગ્ર પ્રમાણ વધુ છે.વિકાસશીલ દેશો સમૃદ્ધ દેશોને કહે છે કે, "અમે તો માંડ પચાસેક વર્ષથી ઔદ્યોગિકીકરણ કરતા થયા છીએ. તમે સૌ તો આજે લગભગ સો ઉપરાંત વર્ષોથી ઔદ્યોગિક વિકાસ કરીને GHG ઉત્સર્જન કરતા આવ્યા છો." આમ, વિકાસશીલ દેશોનું કહેવું છે કે સમૃદ્ધ દેશોએ Past polluters તરીકે પોતાની યોગ્ય જવાબદારી નિભાવવી જોઇએ, તો વળી સમૃદ્ધ દેશોનું એવું કહેવું છે કે GHG ઉત્સર્જનમાં ઘટાડો પોષાય તેમ નથી. તેના બદલામાં સજા કે લાંચરૂપે તેઓ અમુક રકમ (Carbon credit) આપવા તૈયાર છે. આમ, આ સમગ્ર પ્રશ્નમાં આંતરરાષ્ટ્રીય અર્થકારણ અને રાજકારણ ભળતાં અસમંજસની પરિસ્થિતિ પેદા થઇ છે.

તો શું ગ્લોબલ વોર્મિંગ એ કોઇ આર્થિક-રાજકીય પ્રશ્ન છે? તેમાં શું કેવળ રાજયની કે કેન્દ્રની જ સરકારે ભાગ ભજવવાનો છે?આ સમસ્યામાં કોઇ વ્યક્તિગત કે સામાજિક ભૂમિકા હોઇ શકે કે કેમ ? આ બધા સવાલો ખૂબ અગત્યના છે. પેલી પ્રચલિત વાલિયા લૂંટારાની કથાની જેમ આ બાબતમાં પણ દરેક માણસ લાભમાં તેમજ પાપમાં ભાગીદાર ગણાય. એટલું તો નક્કી છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસની સાથેસાથે આર્થિક વિકાસ પણ થયો છે અને આપણા સૌની રહેણી કરણી પણ ખૂબ બદલવા પામી છે. કુદરતી સંસાધનો જેવાં કે હવા,પાણી, જમીન, વનસ્પતિ વગેરેનો ઉપયોગ પણ ખૂબ વધ્યો છે. હકીકતે પશ્ચિમના અને સમૃદ્ધ દેશોમાં તો આ સંસાધનોનો ઘણો દુર્વ્યય થાય છે. આપણે ત્યાં પણ આપણે ઉર્જા, પાણી, બળતણ વગેરેનો દુર્વ્યય થતો જોઇએ છીએ. આ દુર્વ્યય અટકાવીને પૃથ્વીના પર્યાવરણનું જતન કરવું એ આપણી સૌની ફરજ બને છે. આ દિશામાં વ્યક્તિગત કે સામૂહિક રીતે આપણે શું કરી શકીએ?

આ રહ્યાં કેટલાંક ઉપયોગી સૂચનો.

### *સાત પગલાં ધરતી પર*

૧. આપણે સ્પષ્ટપણે સમજી જઇએ કે પૃથ્વી પરનાં સંસાધનો અખૂટ તો નથી જ, તેની જાળવણી અને વપરાશ ખૂબ જાગરુકતા(Awareness) જરૂરી છે. તે બાબતમાં નક્કર પગલાં લેવાનું મનોબળ કેળવીએ.

૨. પેટ્રોલ વગેરે બળતણનો તેમજ વીજળીનો દુરુપયોગ નિવારીએ. પેટ્રોલની જગ્યાએ બેટરીથી ચાલતાં વાહનોનો વપરાશ વધે તે ઇચ્છનીય છે. વીજળીના બલ્બની સરખામણીમાં ટ્યુબલાઇટ અને તેનાંથી પણ LED લાઇટ ઊર્જા બચત માટે વધુ કામયાબ નિવડે છે.

૩. વર્ષમાં 3-4 વાર  અનુકૂળ સમયે રાત્રિ દરમિયાન સ્વૈચ્છિક સ્વીચ-ઓફ(Earth Hour) પાળીએ. આપ કહેશો કે આમ એકલ-દોકલ માણસો ક્યારેક એકાદ કલાક લાઇટો બંધ રાખે તો એમાં શો ફેર પડે ? ફેર જરૂર પડે.જો વિશ્વમાં કંઇક 2 અબજ જેટલી વસ્તી એક સાથે Earth hourનું દિલથી પાલન કરે તો?

૪. પાણી બચાવીએ. પછી એ પીવાલાયક હોય કે અન્ય ઉપયોગનું હોય. 4-5 માળ ઊંચા મકાન ઉપર નળ કે પાઇપ લાઇન ટપકતાં હોય ત્યારે પાણી તો વેડફાય જ છે, પરંતુ તેને ઊંચે ટાંકીમાં ચઢાવનાર વીજળી પણ વેડફાય છે. ટોયલેટના ફ્લશમાં સફાઇ માટે એક વખતે પાંચ લીટરથી વધુ પાણીની જરૂર પડતી નથી. પણ તેની ટાંકી 10 લીટરની હોય છે. જો નજર દોડાવીએ તો આવા ઘણા ઉદાહરણો જોવા મળશે.

૫. વૃક્ષો વાવીએ, ઉછેરીએ અને બચાવીએ, વૃક્ષ પોતે જ કાર્બન ડાયોક્સાઇડ લઇને ઓક્સિજન આપે છે. વળી તેના મૂળિયાં જમીનને જકડી રાખીને તેનું ધોવાણ અટકાવે છે.

૬. કચરાનો યોગ્ય નિકાલ કરીએ. ખાસ કરીને પ્લાસ્ટિકની કોથળીઓનો ઉપયોગ ઓછો થાય તે ઇચ્છનીય છે. હવે તો બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક પણ આવવા લાગ્યું છે. આણંદ-ખેડા જેવા જિલ્લાઓમાં વનરાજિનું પ્રમાણ સારું છે. પરંતુ તેમાંથી ડાળીઓ અને પાનનો નીકળતો કચરો બાળી નાખવામાં આવે તો તે સરવાળે નુકશાનકર્તા છે. કચરાના નિકાલ ઉપરાંત તેમાંથી શક્ય તેટલો ફરી વપરાશ (Recycle) થાય તે પણ ઇચ્છનીય છે.

૭. સૌરઊર્જાનો વપરાશ વધારીએ. સૌરઊર્જાના સાધનો તો ઘણાં આવે છે. પણ તેને વાપરવા માટે ઇચ્છાશક્તિ અને ટેવ બન્ને હોવાં જોઇએ. સોલાર પેનલ અને LED લાઇટનું જોડાણ સમગ્રપણે ફાયદાકારક જણાયું છે.

અંતે મહાત્મા ગાંધીના ચોટદાર અંગ્રેજી કથન દ્વારા આ લેખ પૂરો કરીએ.

"There is enough on this Earth to satisfy everyone's need, But not enough to satisfy everyone's greed". ●

---

ફિઝિક્સ વિભાગ, (મા.નિયામક, સી.સી.પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

*// ચિંતન //*

## આતંકવાદ

**મધુભાઈ ઠાકર**

જે લોકો પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે હિંસાનો માર્ગ અપનાવે, પોતાની કાર્યપૂર્તિના ઉપાય તરીકે નિર્દોષ માણસોની હત્યા કરે તેમને આતંકવાદી સમુદાય કહેવાય. પોતાની હિંસક પ્રવૃત્તિ વડે લક્ષિત પ્રજાને ભયભીત કરી, તેના ધૈર્યનો ભંગ કરી પોતાની પસંદગીની પરિસ્થિતિ સ્થાપવી તે આતંકવાદીઓનો નીચ અને અધમ ઉદ્દેશ્ય હોય છે.

પોતાના આતંકનું ઔચિત્ય સિદ્ધ કરવા વિદ્રોહીઓ વિવિધ કારણો બતાવતા હોય છે. કેટલાક કહે છે કે અમે દલિત છીએ અમારે સમાજમાં યોગ્ય સ્થાન જોઇએ; જો નહીં મળે તો અમે હિંસા કરીને પણ લેશું. અન્ય વિદ્રોહીઓ કહે છે કે અમે શોષિત છીએ, અમારું શોષણ કરનારનો અમે નાશ કરશું. અન્ય કેટલાક કહે છે કે શાસન તરફથી અમને ન્યાય મળતો નથી, અમે હિંસા વડે શાસન-પરિવર્તન લાવશું; વળી બીજાં કહે છે અમારો ધર્મ સંકટમાં છે (ઇસ્લામ ખતરે મેં હૈ!) અમે વિધર્મીઓને પાઠ ભણાવશું. કેટલાંક બીજા એમ કહે છે કે અમારા વર્ગને, અમારી જ્ઞાતિને વિધાનસભામાં, લોકસભામાં, વિદ્યાપીઠોમાં કે સરકારી નોકરીમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ અને આરક્ષણ મળતું નથી, તો અમે ભાંગફોડ કરીને પણ તે મેળવશું. આ છે આતંકવાદીઓની વિચિત્ર અને વિકૃત મનોવૃત્તિ.

કેટલાક આતંકવાદીઓની તરફેણમાં એટલું તો કહેવું જોઇએ કે તેમના અહિંસક અને કાયદેસરના પ્રયત્નો છતાં તેમને પોતાના હક્કોથી વંચિત રાખવામાં આવ્યા ત્યાર પછી જ અને પૂરતી ચેતવણી પછી જ તેમણે હિંસાનો રાહ અપનાવ્યો છે. એટલું માન્ય રાખીને પણ કહેવું જરૂરી છે કે નિર્દોષ મહિલાઓ અને બાળકો સહિતની માનવહત્યા કરવી તે અસ્વીકાર્ય છે. ભારતની પ્રજાએ,ગાંધીજીની નેતાગીરી નીચે, અહિંસક અભિયાન છેડીને સ્વાતંત્ર્ય મેળવ્યું હતું. તે જ પ્રજામાંના કેટલાક વર્ગો આતંક આચરે તે દુર્ભાગ્યની વાત છે.

આપણે કાશ્મીરમાંની આતંકવાદી ઘટનાઓ પ્રત્યે એટલું બધું ધ્યાન આપીએ છીએ કે ભારતનાં અન્ય રાજ્યોમાં ઘટતી આતંકના બનાવો પ્રત્યે જોઇએ તેટલા સતર્ક નથી. ભારતના ઘણા પ્રદેશોમાં લાંબાગાળાનો હળવો આંતર વિગ્રહ ચાલતો હોય તેવું લાગે છે. પીપલ્સ વૉર સમુદાયનો ઉપદ્રવ પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, છત્તિસગઢ અને મહારાષ્ટ્રમાં વધી ગયો છે. પશ્ચિમ બંગાળમાં નકસલવાદીઓ તો ખરા જ. સીમી ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં. આમ ઓછો પ્રબલ પણ અધિક વ્યાપવાળો આતંક લગભગ આખા દેશમાં ચાલી રહ્યો છે. ટેલિફોન, ઇન્ટરનેટ ઇત્યાદિ અદ્યતન માધ્યમોનો લાભ લઇ આતંકવાદીઓ એક બીજાના સંપર્કમાં રહી સમર્થન આપે છે.

જો આ પરિસ્થિતિ તરફ જોઇતું ધ્યાન આપવામાં નહીં આવે અને વિદ્રોહીઓની ફરિયાદોનું તેમને સંતોષ થાય તેવું નિરાકરણ કરવામાં નહીં આવે તો ભારેલો અગ્નિ ભભૂકી ઉઠશે. એટલું સારું છે કે સીમી સિવાયના વિદ્રોહી સમુદાયો પાકિસ્તાનની અસર નીચે હજુ સુધી આવ્યા નથી. પણ ભારતને ડગમગવવાના પાકિસ્તાનના ષડયંત્રરૂપે આ વિદ્રોહીઓ તે દેશની ISI ના નિશાન છે જ. બોડો અને ઉલ્ફા વિદ્રોહીઓ બાંગ્લાદેશમાં ભાગી જાય છે ; વર્ષો પહેલા શિખ વિદ્રોહીઓને પાકિસ્તાનનું સક્રિય સમર્થન મળતું જ હતું ને?

દલિતો અને ભૂમિહીન ખેતમજૂરોમાં શાસકો સામે રોષ છે. આ આક્રોશનું કારણ દેખીતું છે. ઉચ્ચવર્ગ, ધનિકવર્ગ અને મોટા ખેડૂતો તેમનું શોષણ કરી રહ્યા છે તેવી માન્યતા આ વિદ્રોહી સમુદાયોમાં પ્રચલિત છે. તદ્‌ઉપરાંત તેમની સામાજિક સ્થિતિ પણ બહુ જ હલકી ગણાય છે. શાસકો તરફથી તેમને ન્યાય મળતો નથી તેવી તેમની ફરિયાદ છે. આ માન્યતા અને ફરિયાદમાં ઘણું તથ્ય છે તે આપણે સ્વીકારવું પડે.

વિપ્લવવાદી કવિ ગદર કહે છે : જ્યાં સુધી પેટનો ખાડો ખાલી રહેશે, જ્યાં સુધી જઠરાગ્નિ શમશે નહીં ત્યાં સુધી વિદ્રોહનો અગ્નિ પ્રજ્વલિત રહેશે. ભારેલો અગ્નિ જ્યારે જ્યારે ભભૂકી ઉઠે છે, જ્યારે જ્યારે આતંકની ઘટનાઓ બને છે ત્યારે ત્યારે આપણામાં 'સ્મશાન વૈરાગ' આવે છે, નકસલો માટે, દલિતો માટે, શોષિતો માટે કાંઇક કરવું જોઇએ તેવી ગોળ ગોળ વાતો કરીએ છીએ પણ કોઇ ઠોસ કદમ ઉઠાવતા નથી અને જેવી છે તેવી પરિસ્થિતિ કાયમ રહે છે. તેમની સામાજિક અને આર્થિક સમસ્યાઓ ઉકેલવી જોઇએ, તેમને મુખ્યપ્રવાહમાં લાવવા જોઇએ તેવું સમજાય છે. છતાં આપણા શાસકોમાં રાજકીય સંકલ્પની ઉણપ છે. એ બધાં તો કોમ્યુનિસ્ટ છે,

માઓવાદી છે એમ કહીને તેમની સમસ્યા પરત્વે ઉદાસીનતા સેવાય છે.

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દલ અને રા.સ્વ.સંઘના સભ્યો ભારતમાં હિન્દુ રાષ્ટ્ર સ્થાપવાની વાત કરે છે. ભારત સરકાર તેમને પરોક્ષ રીતે સમર્થન આપે છે, ત્યારે ભારતના ૧૪ કરોડ મુસ્લિમો પોતાની જાતને અરક્ષિત સમજે છે, જો આવું વાતાવરણ લાંબો વખત રહેશે અથવા વધારે ઉગ્ર થશે તો મુસ્લિમ કોમમાં હતાશાની લાગણી ફરી વળશે અને આતંકના બીજને ફળદ્રુપ ભૂમિ મળી રહેશે. સાચું પૂછો તો ગુજરાતમાં થએલી મુસ્લિમોની કરપીણ હત્યાઓથી છંછેડાઇને સામાન્ય મુસલમાનો પણ આતંકવાદી થઇ રહ્યા છે.

અલબત્ત, આતંકવાદીઓ સામે સુરક્ષા ઉપક્રમ કરવો જ જોઇએ. તેમની ગતિવિધિઓ ઉપર ચાંપતી દેખરેખ રાખવી જ જોઇએ. તેમના ઇ-મેઇલ, વેબસાઇટ, ઇન્ટરનેટના ચૅટરૂમમાં થતી વાતો ઉપર ચીવટ પૂર્વકની નજર રાખવી જરૂરી છે. આંતર રાજ્ય પુલિસ સરકાર પણ આવશ્યક છે. કારણકે આતંકવાદીઓ એક રાજ્યમાં તોફાન કરી બીજા રાજ્યમાં ભાગી જાય છે. ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશના ચંદ્રાબાબુ ઉપરનો હુમલો કરનારા પીપલ્સ વૉરગ્રુપના વિદ્રોહીઓ ભાગીના ઓરિસ્સાના બસ્તર ક્ષેત્રના જંગલોમાં છુપાઇ ગયા. વિદ્રોહીના અભિયાનમાં જે લોકો ભાગ લેતા નથી તેઓ વિદ્રોહીઓથી ડરતા રહે છે. આવા નિર્દોષ લોકોને પુલિસનું રક્ષણ મળે તો જ વિદ્રોહીને સામાન્ય લોકોનું સમર્થન મળતું ઓછું થાય, અને બાતમી મળ્યા કરે. વિદ્રોહી પાસેના શસ્ત્રો ક્યાંથી આવે છે તે શોધી કાઢી એ સ્રોતને સુકવી દેવું જોઇએ.

માત્ર પુલિસનું દમનકારી અભિયાન બહુ ઉપયોગી નહીં નીવડે, ઉલ્ટાનું કદાચ તેનાથી વિદ્રોહી સમુદાયમાં અલગાવની ભાવના વિશેષ તીવ્ર થશે. વિદ્રોહીઓની આતંકવાદી પ્રવૃત્તિ ઉપર રોકની સાથે સાથે તેમની ન્યાયસંગત, ઔચિત્યપૂર્ણ માંગ પણ પૂરી કરવી જરૂરી છે. •

શાંગ્રિલા,હરિઓમનગર પાસે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.

*// રંગભૂમિ //*

## *स्वातंत्र्योत्तर नाटकों में सम-सामयिक समस्याएँ*

*दिनेश रबारी*

आजादी के बाद का युग सभी दृष्टि से अत्यंत प्रगतिशील एवं विवादास्पद रहा है। इस काल को कई नामों से संबोधित किया है। किसी ने इसे मोहभंग का काल, संक्रांतिकाल, मशीनीयुग, कम्प्यूटर युग, उत्तर आधुनिक युग आदि कहा है। इन्हीं सब जटिलताओं, विसंगतियों को प्रतिपाद्य बनाकर नाटक लिखे गये है। स्वातंत्र्योत्तर हिन्दुस्तान के परिवेश को चित्रित करने वाले नाटकों को कुछ इस तरह से स्पष्ट किया जा सकता है।

समाज व्यवस्था में विवाह संस्था का अपना अहम महत्व रहा है। विवाह संस्था के गुणदोषों को लेकर हिन्दी नाटकों ने नया, आधुनिक युगीन दृष्टिकोण प्रस्तुत किया है। विवाह व्यवस्था में प्रचलित उन सभी अवांछित नियमों की, धारणाओं का खण्डन किया गया है। परंपराबद्ध विवाह पद्धति की कठिनाइयों से ऊबकर प्रेम-विवाह, विधवा पुर्नविवाह, और कोर्ट मैरिज (अदालती विवाह) आदि का सरलता से स्वीकार किया जा रहा है। इस तरह के अन्तर्जातीय विवाह समस्या पर लिखे नाटकों में प्रमुख है - रेवतीसरन शर्मा का 'दीपशिखा' इस नाटक की नारी पात्र 'दीपशिखा' स्वयं हिन्दू होते हुए भी एक मुसलमान युवक के साथ (इकबाल) विवाह करती है। उसे अपने इस कार्य पर बडा गर्व भी है। इकबाल चाहता था कि वे दुनियादारी से भागकर कहीं छिपकर शादी करें परंतु दीपशिखा उसे बडी तत्परता से समझाती है।

''मैं नहीं चाहूंगी तुम्हें चुना है तो तुम्हारे नाम पर मेरा सिर उठना चाहिए''

इस तरह से आधुनिक नारी कहीं भागकर अबला नहीं बनना चाहती। वह तो अपने विचारों पर सबला बनना चाहती है। अन्तर्जातीय विवाह पर लिखा दा.ला.शर्मा का 'मलिका रजिया' भी एक महत्वपूर्ण नाटक है। इस नाटक की नायिका 'रजिया' विवाह के पश्चात् समाज कें द्वारा किए प्रश्नों का जवाब देते हुए समाज को ही स्पष्ट: से प्रश्न कर बैठती है। वह कहती है -

"क्या एक हिन्दू औरत के बदन की गठन एक मुसलमान औरत के जिस्म की बनावट से दूसरे किस्म की होती है ? क्या एक मुसलमान मर्द के जिस्म का गढाव एक हिन्दू मर्द के बदन की बनावट से दूसरी किस्म का होता है ? क्या एक हिन्दू मर्द का जिस्म एक मुसलमान औरत के जिस्म के साथ फिट नहीं होता ? क्या एक मजहब का नर दूसरे मजहब की मादा के साथ ठीक नहीं बैठता ?"[२]

रजिया का यह प्रश्न आधुनिक काल के प्रत्येक युवक-युवती का प्रश्न है, जो संपूर्ण भारतीय समाज से किया है। डॉ.लक्ष्मीनारायण लाल के 'दर्पण' का हरिपदम अपने पिताश्री की इच्छा के खिलाफ अन्तर्जातीय विवाह करके समाज के सामने एक नया आदर्श स्थापित करता है। 'रातरानी'(डॉ.लाल) की कुंतल अपनी कायस्थ जाति की सहेली सुंदरम का विवाह ब्राह्मण कुमार निरंजन से करवाकर विवाह की सरलता को सिद्ध करती है। विनोद रस्तोगी के 'नये हाथ' का खानदानी कुंवर अपने पिता कें मित्र अजय प्रताप की नौकरानी 'बालो' से विवाह करता है। 'अब्दुल्ला दीवाना' के युवक-युवतियाँ, 'युगे-युगे क्रांति' का (विष्णु प्रभाकर) अनिरुद्ध, 'अपने अपने खूंटे' (गोविंद चातक) की वसु, 'सूर्य की अंतिम किरण से सूर्य की पहली किरण तक' (सुरेन्द्र वर्मा) की शीलवती, 'देवयानी का कहना है'(रमेश बक्षी) की देवयानी आदि पत्र विवाह की परंपरागत वर्जनाओं के प्रति अनास्था प्रकट करते है। आधुनिक युवा पीढी ने परंपरागत मूल्यों को त्याग दिया है। वे किसी भी हालत से अपना मनचाहा जीवन-आनंद भोगना चाहते है। 'नये हाथ' विनोद रस्तोगी का यूसुफ अपने मित्र को समझाते हुए कहता है -

"ठाकुर साहब युग के साथ हमे भी बदलना चाहिए। हमारे तौर तरीकों की दीवार खोखली हो गयी है। बूढे हाथ गिरती हुई दीवार को कब तक थामें रह सकते है ? उसका गिर जाना ही बेहतर है। उसकी जगह इन नये हाथों को नयी दीवार बनाने दीजिए। हम जमाने की 'रफ्तार' नहीं रोक सकते।"[३]

इस तरह से नयी पीढी परंपरा के द्वारा रोकने से नहीं रुकेगी। सरल, स्वतंत्र संबंधो की बात को ही युवाओं ने मन में ठान लिया है। किसी भी कीमत पर मन चाहे साथी के साथ विवाह के सरल, स्वच्छ संबंध जोडने के लिए तैयार है।

स्वातंत्र्योत्तर युवा पीढी ने पुनर्विवाह तथा विधवा विवाह को सहजता से स्वीकारा है। 'अपराधी कौन' (रमेश महेता) की उषा बाल विधवा है। आगे वह पढ-लिखकर अपनी इच्छानुसार सुधीर से विवाह कर अपने धैर्य का परिचय देती है। 'सूर्यमूख' (डॉ.लल) का बभ्रु भी नगर की सभी विधवाओं का पुनर्विवाह कर देना चाहता है। नगर की सभी विधवाओं के भविष्य के बारे में अर्जुन द्वारा पूछे जाने पर वभ्रु उत्तर देता है- 'उन सबका पुनर्विवाह होगा।' वर्जनाओं का बोझ स्वातंत्र्योत्तर युवा-युवती को अस्वीकार है। वे स्त्री-पुरुषों के मुक्त, स्वच्छंद संबंधो को अग्रक्रम देते है। "उन सबका पुनर्विवाह होगा।"[४] वर्जनाओं का बोझ स्वातंत्र्योत्तर युवा-युवती को अस्वीकार है। वे स्त्री-पुरुषो के मुक्त, स्वच्छंद संबंधो को अग्रक्रम देते है। 'करफ्यू' (डॉ.लाल) की मनीषा, 'द्रौपदी' (सुरेन्द्र वर्मा) का जगमोहन, 'वामाचार' (रमेश बक्षी) का पोजीटिव, 'तीसरा हाथी' (रमेश बक्षी) की विभा आदि सभी पात्रो के किसी-न-किसी के साथ मुक्त यौन संबंध रहे है।

स्वातंत्र्योत्र नाटकों में नारी के बदलते हुए रुप को भी चित्रित किया है। व्यक्ति स्वातंत्र्य पर बल देते हुए नारी-स्वातंत्र्य को महत्व दिया गया है। या यूँ कहिए कि नारी पहले से कहीं अधिक आत्मनिर्भर बन चुकी है। वह अपने अधिकारो के प्रति सचेत हो उठी है। अन्याय को सहने की पारंपरिक भूमिका को उसने ठुकराया है। इस प्रकार के नाटकों में प्रमुख है -'टगर' (विष्णु प्रभाकर) की टगर, 'डॉक्टर' (विष्णु प्रभाकर) की डॉक्टर, 'प्रजा ही रहने दो' (गिरिराज किशोर) की द्रौपदी, 'नया रुप' (पृथ्वीराज शर्मा) की रानी, 'रातरानी' (डॉ.लाल) की कुंतल, 'गंगा माटी' (डॉ.लाल) की गंगा, 'सुर्यमुख' (डॉ.लाल) की वेनुरती, 'भूमिजा' (सर्वदानंद) की उर्मिला, 'नये हाथ' (विनोद रस्तोगी) की शालिनी, 'मादा कैक्टस' (डॉ.लाल) की मीनाक्षी तथा सुजाता, 'अषाढ का एक दिन' (मोहन राकेश) की मल्लिका,

'कैद और उडान' (उपेन्द्रनाथ अश्क) की माया आदि नारी चरित्र अपने अधिकारों के प्रति सचेत रहकर पुरुषों के अत्याचारों का ठीक समय पूरा जवाब देते है। 'प्रजा ही रहने दो'(गिरिराज किशोर) की द्रौपदी अपने अपमान का बदला लेते हुए आक्रोश से कह उठती है-

"स्वर्ण मृग पालने का ऐश्वर्य महारानी सीता के ही अनुरुप था । मैं यदि कोई स्वप्न पालूँगी तो अपने अपमान के प्रतिशोध का । मेरे चीरहरण के समय कौरवों की स्त्रीयाँ ठठा-ठठाकर हँ रही थी। अब उनके रुदन की बानगी भी देखना चाहती हूँ"। तब तक न मेरा कोई भाई होगा न पति, न ससुर और न सम्बन्ध ।"[५]

इस तरह से परिवार द्वारा प्रताडित नारी अपने अपमान का बदला विद्रोहीनी अम्बा बनकर ले रही है। वह बात विशेष रुप से उल्लेखनीय है कि अब नारी, नारी द्वारा किया अत्याचार भी नहीं सहेगी। 'टगर' (विष्णु प्रभाकर) की टगर एक पुरुष द्वारा ठुकराये जाने पर संपूर्ण पुरुष जाति से बदला ले लेती है। एक के बाद एक करके कितने सारे पुरुषों को अपने मोहजाल में फँसाकर उन्हें ठुकरा देती है। 'मादा कैक्टस' (डॉ.लाल) की सुजाता भी उच्चविद्याविभूषित बनकर अपने पति को सबक सिखाती है। 'रातरानी'(डॉ.लाल) की कुंतल अपने पति जयदेव की ठीक तरह से सुधार देती है। 'आधे अधूरे' (मोहन राकेश) की सावित्री भी अपनी भूमिका को बदल कर पुरुष जाति से बदला लेती है।

स्वातंत्र्योत्तर हिन्दुस्तान में व्याप्त जातीयता की समस्या को भी कई नाटकों में व्यक्त किया गया है । इसमें प्रमुख नाटक है 'रातरानी' (डॉ.लाल) का माली जाति व्यवस्था जगत् कर्म को महत्व देते हुए कहता है -

"मानुस इश्वर का लिखी हुई एक पाती है... हमें पाती का मजमून देखना चाहिए, उसकी जात-पात, रुप-रंग से क्या ?"[६]

'दर्पण' (डॉ.लक्ष्मीनारायण लाल) का हरिपदम मन की उदात्त भावना को महत्व देते हुए जाति को ठुकराता है। वह कहता है -

"जाति, स्थान, कुल, परंपरा मेरे लिए इनका भी महत्व नही। मेरे लिए सारा महत्व किसी के आन्तरिक परिचय का है।"[७]

इसी तरह से 'नरसिंह कथा'(डॉ.लाल) का प्रल्हाद, 'एक सत्य हरिश्चंद्र' (डॉ.लाल) का लौका, 'दीपशिखा' (रेवतीसरन शर्मा) 'माटी जागी रे' (ज्ञानदेव अग्निहोत्री) आदि नाटकों के पात्र जाति भेद की निंदा करते है।

व्यवस्थागत समस्याओं को भी कुछ रचनाओं द्वारा प्रतिपादित किया गया है। स्वातंत्र्योत्तर न्याय व्यवस्था, पुलिस व्यवस्था, प्रशासन व्यवस्था और औद्योगिक व्यवस्था में स्थित भ्रष्टाचार का चित्रण भी किया गया है। न्याय व्यवस्था संबंधी नाटकों में है - 'अब्दुल्ला दीवाना', 'मिस्टर अभिमन्यु' (डॉ.लक्ष्मीनारायण लाल), 'कोर्ट मार्शल' (स्वदेश दीपक) आदि । इन नाटकों में न्याय व्यवस्था की झूठी छवि को चित्रित किया है।

वर्तमान शिक्षा व्यवस्था तथा शिक्षकों की पोल खोलने वाले नाटकों में है -'एक और द्रोणाचार्य' (डॉ.शंकर शेष), 'गुरु', 'एक सत्य हरिश्चंद्र', 'कलंकी' (डॉ.लक्ष्मीनारायण लाल) आदि। उद्योग व्यवस्था में व्याप्त समस्या को 'रक्त कमल', 'रातरानी', 'व्यक्तिगत' (डॉ.लाल) के नाटकों में अभिव्यक्त किया गया है।

इस तरह से स्पष्ट होता है कि स्वातंत्र्योत्तर नाटकों में समकालीन परिवेश का चित्रण प्रभावी ढंग से किया गया है। समकालीन समस्याओं को जितनी प्रखरता से नाट्य साहित्य ने अभिव्यक्त किया है, उतना अन्य विद्याओं में नहीं । इसका प्रमुख कारण है - 'रंगमंच' । रंगमंच के माध्यम से ही नाटक साहित्य मनुष्य जीवन के समीप आ सका है।'

***संदर्भ संकेत :***


१. दीपशिखा-रेवतीसरन शर्मा, पृ.६३
२. मलिका रजिया-द.ला.शर्मा, पृ.८६
३. नये हाथ-विनोद रस्तोगी, पृ.१०१
४. सूर्यमुख-डॉ.लक्ष्मीनारायण लाल, पृ.७५
५. प्रजा ही रहने दो-गिरिराज किशोर, पृ.५७
६. रातरानी-डॉ.लक्ष्मीनारायण लाल, पृ.५५
७. दर्पण-डॉ.लक्ष्मीनारायण लाल, पृ.१५ ●



श्री एन.डी.देसाई सार्वजनिक हाइस्कूल, वांकल, ता.मांगरोल, जि.सुरत.
पिन कोड : ३९४४३०

## અતુલ ડોડિયા : કેન્વાસનો કવિ

*કનુ પટેલ*

મુંબઈમાં પૃથ્વી થિયેટરના પરિસરમાં ઘણાં વર્ષો પહેલાં એક ચિત્ર પ્રદર્શન જોયેલું. તે વખતે પૃથ્વી થિયેટરમાં નવીસવી આર્ટગેલેરી થયેલી. એ પ્રદર્શનનાં ચિત્રોમાંનું એક તો હજુય આંખ સામેથી ખસતું નથી : 'પોતાનું શર્ટ ઉતારતો માણસ.' આ વિષય જ મને તો ખૂબ ગમી ગયેલો. સાંપ્રત કળા અહીં જે વિનોદી રીતે રોજિંદી ઘટના એક સાવ સાધારણ કે ક્ષણ સાથે સંડોવાતી હતી તે જોઈને મને વિશેષ આનંદ થયો હતો એ ચિત્રના ચિત્રકાર હતા અતુલ ડોડિયા.

આ અતુલ ડોડિયા નામ ગુજરાતીપણું દાખવતું હોવાથી પણ મનમાં એક ચમકારો થયેલો... વાહ ક્યા બાત હૈ !

ત્યારબાદ "નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ"માં તેમની એન્ટલર એન્થોલૉજીના વિશાળ કદનાં ચિત્રોની શ્રેણી જોઈ, જેમાં છ બાય ચાર ફૂટના નવ ચિત્રો અને સાત બાય પાંચ ફૂટનાં ત્રણ ચિત્રો હતાં.

આટલા વિશાળ ફલક પર વૉટર કલર, ચારકૉલ અને મારબલ ડસ્ટથી કામ થયું હતું. આમ, માધ્યમ પણ નવતર રીતે સમર્થતાથી વિનિયોજાયું હતું. બધાં જ ચિત્રોમાં ગ્રે રંગનું સંકુલ આધિપત્ય હતું ; મારે મન આકર્ષણનું કેન્દ્ર હતી તેમાં પ્રયોજેલી ગુજરાતના આ લબ્ધપ્રતિષ્ઠ કવિઓની રચનાઓ લાભશંકર ઠાકર, સિતાંશુ યશચંદ્ર, ગુલામમહમ્મદ શેખ, કલર વોરા, વિપાશા, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા, રાવજી પટેલ અને અમારા વલ્લભ વિદ્યાનગરના હરીશ મીનાશ્રુ. ગુજરાતી કવિતા પરથી ચિત્રો થાય એ નવતર વાત તો છે પરંતુ આખે આખી કવિતા કાવ્યસંગ્રહમાં જેવી છાપી હોય તેવી, યથાતથ, એન્લાર્જ કરીને 'ચીતરી' દેવામાં આવેલી અને તેને અનુરૂપ, જુદા જુદા ચિત્રકારોએ ચિતરેલાં ફોર્મ તેમાં સમાવી દીધેલાં. તેનાથી જે દશ્યાત્મક ક્વોટેશન્સની સંકુલ અનુભૂતિ સર્જાતી હતી તેની તથા "Text"–"પાઠ" ને "દશ્ય" બંને દ્વારા કવિતાનો શબ્દ પ્રયોજાયો હતો તેની મજા પડી. આ સિવાય એન્ટલર એન્થોલૉજીમાં અન્ય ચિત્રો પણ હતાં, "ખાદીનું સેલ", "ડાયરીનું પાનું", "મારા પિતાનો પત્ર" વગેરે. આ ચિત્રશ્રેણીમાં જે કલ્પનોનો ઉપયોગ થયેલો તેનાથી દર્શકને કવિતા અને ચિત્ર બન્નેનો ઉપયોગ થયેલો તેનાથી દર્શકને કવિતા અને ચિત્ર બંનેનો યુગવત્ આસ્વાદ મળ્યો હતો. આ ચિત્રશ્રેણી ખૂબ જ વખણાઈ હતી. જે વ્યક્તિ ગુજરાતી ભાષા જાણતી હોય તેના ચિત્તમાં વિશિષ્ટ રીતે કવિતાનો ભાવ સંક્રાંત થાય અને સાથે મૂકેલી 'ઇમેજ'થી તેને અનુરૂપ દશ્યાનુભૂતિ સર્જાય. આમ શબ્દ અને ચિત્રની બેવડી અનુભૂતિ ચિત્રવ્યંજના રૂપે અનુભવાય અને એક નવતર સંકુલ રસાનુભૂતિ થાય.

આપણા સુખ્યાત કલામર્મજ્ઞ અમૃત ગંગર અતુલ ડોડિયાની મુલાકાત-લેખની પૂર્વભૂમિકા બાંધતાં લખે છે કે... "મુંબઈ નગરીની મધ્ય રેલવેની લાઇન પર આવેલું ઘાટકોપર પૂર્વનું જૂનું, જાણીતું, એક વખતનું ખૂબ શાંત, રમણીય અને ગુજરાતી પરું. અહીં કામા લેનની ડી.કે. વાડીમાં આવેલો સાંપ્રત ભારતના એક મોખરાના ચિત્રકાર અતુલ ડોડિયાનો સ્ટુડિયો. અહીં જ ૧૯૫૯માં જન્મેલા, ઉછરેલા, પાંગરેલા, ભણેલા ડોડિયા આમ તો પૂરેપૂરા ઘાટકોપરિયા. દુનિયાના મોટા મોટા કલાકારો, ક્યુરેટરો, કલારસિકો અહીં આવે..."

અતુલ ડોડિયા સરળ, તદ્દન નિરાડંબર અને મળતાવડા, એક વિખ્યાત ચિત્રકારને તમે મળતા હો તેનો તમને અહેસાસ પણ થવા ન દે એવું એમનું સાલસ વ્યક્તિત્વ. ચિત્રકળાની સાથે સાથે એમને ગુજરાતી સાહિત્યમાં પણ એટલો જ ઊંડો રસ ને પ્રેમ. ઘણા લબ્ધપ્રતિષ્ઠિત ગુજરાતી સામયિકોનાં મુખપૃષ્ઠો એમની ચિત્રકૃતિઓથી શોભી રહ્યાં છે.

• • •

એકવાર હું, ચિત્રકાર બાબુભાઈ મિસ્ત્રી અને અરવિંદ વાકાણી મુંબઈની જહાંગીર આર્ટ ગેલેરી સામે ઊભા હતા; ત્યારે એક ચશ્માધારી વ્યક્તિ, ઘણું કરીને કોઈ કોર્પોરેટ હાઉસના સીઈઓ જેવી આ વ્યક્તિનું બાબુભાઈએ 'કેમ છો?' કહી અભિવાદન કર્યું અને અમારો ન-નામો પરિચય કરાવ્યો. ચિત્રકળા વિશે ઘણી વાતો થઈ. એમના ગયા પછી બાબુભાઈએ કહ્યું કે એ અતુલ ડોડિયા હતા. મેં કહ્યું, 'ભલા માણસ, પહેલાં પરિચય આપવો જોઈએ ને...!' ખૂબ જ સરળ પ્રકૃતિ ધરાવતા અતુલ ડોડિયા સાથે આ મારી પહેલી પ્રત્યક્ષ મુલાકાત હતી. ત્યાર બાદ એમનાં ચિત્રકાર પત્ની અંજુ ડોડિયાના વડોદરાના પ્રદર્શન વખતે હરીશ મીનાશ્રુ સાથે હું, પીયૂષ જોશી અને પ્રણવ દવે ગયેલા, ત્યારે જરા નિકટતાથી પરિચય પામ્યો હતો.

અમદાવાદમાં "An Artist of Non-Violence"નાં મુદ્રિતચિત્રો (પ્રિન્ટ્સ)નું પ્રદર્શન અને વાર્તાલાપ ગાંધી આશ્રમમાં, રવિશંકર રાવળ વ્યાખ્યાન માળા અંતર્ગત રાખવામાં આવેલાં ત્યારે એમણે પોતાના ચિત્રો વિષે ખૂબ જ વિગતે કેફિયત આપેલી અને પોતાની સર્જનાત્મક યાત્રા વિશે, -સર્જનપ્રક્રિયા વિશે ઊંડાણપૂર્વક વાત કરી હતી. ચિત્રકાર કેવી રીતે પોતાના ફોર્મને શોધે છે અને પોતાની કૃતિમાં પ્રયોજે છે, એના ગૂઢ રહસ્યો એ તલ્લીનતાથી એમના ભાવકસમૂહ સમક્ષ ખોલી રહ્યા હતા.

અતુલ ડોડિયાના ચિત્રોમાં હંમેશાં ભારતના અને વિશ્વના પ્રખ્યાત ચિત્રકારોના ચૈત્રિક પ્રતીકોનો વિનિયોગ જોવા મળે છે, જેના દ્વારા એ પોતાના કથનને પુષ્ટ કરે છે અને વૈશ્વિક ફલક પર સ્વીકૃતિ પામેલાં ચિત્રસર્જનો સાથે મૂળભૂત અનુસંધાનો રચીને પોતાના દશ્યાત્મક વિચારનાં પૂરકો રચી લે છે.

અતુલ ડોડિયાની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી પણ ઘણી જ્વલંત રહી છે. સર જે.જે.સ્કૂલ ઑવ આર્ટમાંથી હજી સ્નાતક થાય એ પહેલાં તો આર્ટ સોસાયટી ઑવ ઇન્ડિયાએ એમને પ્રથમ પારિતોષિકથી નવાજી દીધેલા. ૧૯૮૨માં સર જે.જે.સ્કૂલ ઑવ આર્ટ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી બેચલર ઑવ ફાઇન આર્ટની ડિગ્રી એમણે ગોલ્ડ મેડલ સાથે મેળવી હતી.

૧૯૮૨-૮૩માં સર જે.જે.સ્કૂલ ઑવ આર્ટની ફેલોશિપ મળી અને પોતાની માતૃસંસ્થામાં ભણાવવાનું શરૂ કર્યું. ૧૯૯૨-૯૩માં ફ્રેન્ચ સરકારની

સ્કૉલરશિપ મળી અને એક વર્ષ પેરિસ રહ્યા. આ સમયગાળો તેમના માટે ખૂબ જ અગત્યનો હતો, કારણ કે તેમની કારકિર્દી માટે એ ટર્નીંગ પોઇન્ટ સમાન હતો અને ત્યાર પછી તો દુનિયાની ઘણી પ્રતિષ્ઠિત કલાદિર્ઘાઓમાં એમનાં પ્રદર્શનો ગોઠવાઇ ચૂક્યાં છે. બીજી ઘણી ફેલોશિપો ને ઘણાં અગત્યનાં કહી શકાય એવાં ઇનામ અકરામો સન્માનો એમને મળ્યાં છે.

અતુલ ડોડિયા સંવેદનશીલ અનુઆધુનિક ચિત્રકાર છે. ગૌણ વિષયને મહત્ત્વપૂર્ણ બનાવી, નિજી શૈલીમાં મૂકી અદ્વિતીય સંવેદન ઊભું કરવામાં આ ચિત્રકાર મોખરે છે. પોતાની તાલીમ અને દૃષ્ટિકોણ દ્વારા પોતાની સર્જનાને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કરવામાં એ સફળ થયા છે. એમનાં ઘણાં ચિત્રોમાં વ્યંગ વિનોદ અને વ્યંજના પરસ્પરમાં સેળભેળ થઇ જાય છે. તેમણે શબરી જેવા વિષયને પણ અનેક આયામો દ્વારા રજૂ કરી તે પાત્રને અને પાત્રમાં રહેલી અનેક સંભાવનાઓને દશ્યાત્મક કરી છે. શબરી વિશેની ચિત્રશ્રેણી ૨૦૦૫માં સિંગાપોરમાં કરેલી તે વિશે અતુલ ડોડિયા વાત કરતાં કહે છે કે, "મેં સાંભળ્યું છે કે, વાલ્મીકિના રામાયણમાં શબરી જેવું કોઇ પાત્ર જ નથી. પણ તો શું થયું? આપણને કાંઇ નિસ્બત નથી વાલ્મીકિ સાથે. અમને તો નામ પરથી ખબર છે (અને ભારતનાં દરેક નાગરિકને ખબર છે) કે એવી કોઇ બાઇ હતી જેણે આખું જીવન રામની રાહ જોવામાં ગાળ્યું. ચાખી ચાખીને બોર રાખ્યાં. એનાથી અલ્ટિમેટ કન્સર્ન હોઇ જ ન શકે, કોઇ વ્યક્તિની બીજી વ્યક્તિ માટે." આવી સંવેદના સાથે અતુલ ડોડિયાની શબરી દશ્યાત્મક નેરેટિવમાં રૂપાંતર પામે છે. તેમાં તેમણે પોતાના સમકાલીન સંદર્ભો પ્રયોજ્યા છે અને સાથે સાથે નંદલાલ બોઝના જોયેલાં ત્રણ ચિત્રોની વાત કરી છે : શબરીનું યૌવન, મધ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા. હરીશ મીનાશ્રુએ શબરી કાવ્યો રચ્યાં છે. એમાંના એક કાવ્ય 'પ્રેયસી'માં તો કવિ શબરીનો નામોલ્લેખ સુદ્ધાં કર્યા વિના કહે છે : 'એનું બીજું નામ સબૂરી'. અહીં એમનું અન્ય એક કાવ્ય 'શબરી ચિત્ર વિષે' રજૂ કર્યું છે. આ કાવ્ય અતુલ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંવેદનશીલ, સર્જકતાથી ભર્યા ભર્યા એન હંમેશાં નવતર પ્રયોગો કરતા નવનવોન્મેષી ચિત્રકાર શ્રી અતુલ ડોડિયા ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ વલ્લભ વિદ્યાનગરી ઇપ્કોવાળા સંતરામ કૉલેજ ઑફ ફાઇનઆર્ટના વાર્ષિકદિને મુખ્ય મહેમાન તરીકે પધારવાના છે. એમનું હૃદયપૂર્વક સ્વાગત. ●

૧૫,વૈવિધ્ય બંગલો, એચ.એમ.પટેલ માર્ગ, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ.

*॥ સંસ્થાવિશેષ ॥*

## *આઇઆઇટી છોડીને આઇસ્ટારને વહાલું કર્યું*

*પારુલ દોશી*

આઇઆઇટી ખડકપુરમાં પ્રવેશ મેળવવા માટે ચક્રવ્યૂહના ત્રણ કોઠા પાર કરવા પડે છે : એન્ટ્રન્સ ટેસ્ટ, ગ્રુપ ડિસકશન અને પર્સનલ ઇન્ટરવ્યુ...આ ત્રણેય કોઠા વીંધીને કોઇ વિદ્યાર્થી આઇઆઇટીમાં પ્રવેશ મેળવે, પણ પછી એ છોડીને ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇસ્ટાર કૉલેજમાં ભણવા આવે અને પિતાને પણ પોતાની સાથે અભ્યાસ કરવા પ્રેરે તો ?

અર્જુન કુલ્હારને મળો...મૂળ રાજસ્થાનના અને સુરતમાં સ્થાયી થયેલા ટેક્સટાઇલ એન્જિનિયર તથા વેલ્યુએશનના વ્યવસાય સાથે સંકળાયેલા રવીન્દ્ર અને કુસુમ કુલ્હારનો મોટો દીકરો અર્જુન તેજસ્વી છે. આત્મવિશ્વાસથી છલોછલ છે. આઇઆઇટી ખડકપુરમાં પ્રવેશ મેળવવા માટે ૧૦૦૦ વિદ્યાર્થી પરીક્ષા આપે છે. તેમાંથી માત્ર ૩૦ ની પસંદગી થાય છે. અર્જુન આ ત્રીસમાંનો એક છે. જોકે અત્યારે અર્જુન સીવીએમની આઇસ્ટાર કૉલેજમાં વેલ્યુએશનમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યો છે. તેના આગ્રહથી રવીન્દ્ર પણ આ જ કૉલેજમાં જોડાયા છે.વેલ્યુએશનમાં માસ્ટર્સ કરી રહ્યા છે. એટલે સગપણના દાવે ૫૪ વર્ષના રવીન્દ્ર અને ૨૩ વર્ષીય અર્જુન પિતાપુત્ર છે અને એક જ વર્ગમાં જોડે બેસીને ભણતા વિદ્યાર્થીઓ પણ છે ! ભારતના વડા પ્રધાન રહેલા અટલ બિહારી વાજપેયી અને તેમના પિતા કૃષ્ણ બિહારી ગ્વાલિયરની કૉલેજના એક જ વર્ગમાં સાથે બેસીને લૉનો અભ્યાસ કરતા હતા એવી જ આ બીજી જોડી અર્જુન-રવીન્દ્રની છે. .....આ સમગ્ર ઘટનાક્રમ વિશે વાત કરતાં અર્જુન કહે છેઃ 'હું સુરતમાં જ ભણ્યો. શેઠ ધનજી શાહ રુસ્તમજી ઉમરીગર મેમોરિયલ સ્કૂલમાં દસમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. પછી સેન્ટ ઝેવિયર્સમાં આગળનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ સી.કે.પીઠાવાલા કૉલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી. કૉલેજના ત્રીજા વર્ષમાં કેમ્પસ રિક્રુટમેન્ટ દરમિયાન એસ્સાર સ્ટીલ

લિમિટેડમાં મારી પસંદગી થઇ. એટલે અભ્યાસની સાથે મારી કારકિર્દીની શરૂઆત પણ થઇ ગઇ. પછી મેં લૉ ભણવાનું વિચાર્યું. આઇઆઇટી ખડકપુરમાં એલએલબી ઇન સ્પેશિયલાઇઝેશન ઇન ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના અભ્યાસમાં મને પ્રવેશ મળ્યો. ત્યારે હું ખૂબ ખુશ હતો. પણ થોડા જ દિવસોમાં મને સમજાઇ ગયું કે હું જે ભણું છું તે ખરેખર તો મારા રસનો વિષય નથી. એટલે મેં મારાં માતાપિતાને વાત કરી.'

કુસુમ અને રવીન્દ્રએ વાત આગળ વધારી :'અર્જુને વાત કરી એટલે પહેલાં તો અમે એને સમજાવ્યો. અમે કહ્યું કે આઇઆઇટીનો અભ્યાસક્રમ ખૂબ સારો છે. તને તેમાં પ્રવેશ મળ્યો છે એટલે તું અત્યંત નસીબદાર છે. તું માત્ર ભણવામાં ધ્યાન આપ. આ રીતે અમે તેને ખૂબ સમજાવ્યો. પણ અર્જુનને પેટન્ટ લૉ ભણવામાં જરાય રસ પડતો નહોતો. એટલે છેવટે અમે કહ્યું કે, કાંઇ વાંધો નહીં. તું પાછો આવી જા.'

માતાપિતાના આ સાથસહકાર બદલ અર્જુન તેમનો અત્યંત આભારી છે. ઋણી પણ છે. એ ગળગળો થઇને કહે છે : 'મારાં માતાપિતા મને સમજી શક્યાં. તેમણે મને સહકાર આપ્યો એટલે જ હું આઇઆઇટી ખડકપુર છોડવાની હિંમત કેળવી શક્યો. અમારાં સગાંસંબંધીઓ મારા નિર્ણયનો વિરોધ કરતાં હતાં. તેઓ મારું ભલું જ ઇચ્છતાં હતાં. પરંતુ મને એ અભ્યાસક્રમમાં સહેજે રસ નહોતો એ મારાં માતાપિતા સમજતાં હતાં, તેમણે મને માનસિક રીતે સંપૂર્ણ ટેકો આપ્યો. પરિણામે મેં આઇઆઇટી છોડ્યું.'

આઇઆઇટી છોડ્યા પછી અર્જુને આઇસ્ટારમાં પ્રવેશ મેળવ્યો. એ કહે છે : 'મારા પિતા વેલ્યુએશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે, એટલે આ અભ્યાસક્રમ વિશે જાણતા હતા. હું પણ તેમના વ્યવસાય સાથે જોડાવા માંગું છું. એથી વેલ્યુએશનમાં માસ્ટર્સ કરવાનું નક્કી કર્યું.'

અર્જુને તો વેલ્યુએશન ભણવાનું નક્કી કર્યું, પણ સાથે રવીન્દ્રને પણ ભણવા માટે પ્રેર્યા. એ પાછળનું એક કારણ જણાવતાં અર્જુન કહે છે : 'અમેરિકા, યુ.કે. અને અન્ય વિકસિત દેશોમાં વેલ્યુએશન એ સન્માનભર્યો વ્યવસાય ગણાય છે. પરંતુ ભારતમાં હજુ તેનો વિકાસ થઇ રહ્યો છે. સંસદમાં વેલ્યુએશન બિલ પેન્ડિંગ છે. જો તે પસાર થશે અને તેનો કાયદો બનશે તો ભારતમાં પણ આ વ્યવસાય આદરપાત્ર બનશે. અને પછી વેલ્યુએશનમાં માસ્ટર્સ કરવાનું ફરજિયાત બનશે. એટલે ભવિષ્યને ધ્યાનમાં રાખીને મેં પિતાને ભણવાનો આગ્રહ કર્યો.' કુસુમ બીજું કારણ જણાવે છે :'અમે આ અભ્યાસક્રમની તપાસ કરવા આઇસ્ટારમાં આવ્યા હતા ત્યારે જાણ્યું કે મોટી ઉંમરના લોકો અહીં વેલ્યુએશન ભણવા આવી રહ્યા છે. એટલે એમને થયું કે અર્જુન અને એના પપ્પા સાથે જ શું કામ ન ભણે ?'

અને, રવીન્દ્ર કુલ્હારે પણ અર્જુનની સાથે આઇસ્ટારમાં એડમિશન લઇ લીધું. રવીન્દ્ર કહે છે : 'છેલ્લા થોડાં વર્ષોથી જે કામ કરી રહ્યો છું તે જ હવે ભણી રહ્યો છું. ધારો કે બેન્કમાંથી કોઇએ લોન લેવી હોય ત્યારે ચલ-અચલ સંપત્તિનું વેલ્યુએશન કરવાનું હોય છે. એ રીતે અનેક બાબતોમાં હું વેલ્યુએશન કરતો રહ્યો છું. અને અત્યારે હું એ જ ભણી રહ્યો છું. શરૂઆતમાં મને એમ હતું કે હું ભણી શકીશ કે નહીં. પણ એક સત્ર પૂરું થયા પછી મારો આત્મવિશ્વાસ વધ્યો છે. હું ભણી શકીશ એવી શ્રદ્ધા બેઠી છે.'

રવીન્દ્રની વાતમાં ઉમેરણ કરતાં કુસુમ કહે છે : 'એક સમય હતો જ્યારે રવીન્દ્ર અર્જુનને ભણાવતા. પણ હવે અર્જુન એના પપ્પાને ભણાવે છે. આવો દિવસ પણ આવશે એવું તો ક્યારેય વિચાર્યું નહોતું. પણ હું બહુ ખુશ છું. પિતાપુત્રને સાથે ભણતા જોવાની મજા આવે છે. જોકે અર્જુન રવીન્દ્રને ખિજાય તો હું કહી દઉં કે, બેટા, પપ્પાને વઢવાનું નહીં, હોં કે !'

'પણ હું શું કરું ?' અર્જુન બોલી ઊઠે છે : 'પપ્પાને પ્રિન્સિપલ્સ ઑફ બુક કીપિંગના વિષયમાં તકલીફ પડે છે. એટલે મારે એમને એ શીખવવું પડે છે. જોકે હવે તો એ બહુ સારું કરી રહ્યા છે. મને ખાતરી છે કે એ વધુ ને વધુ સારું કરશે !'

અર્જુનને આ રીતે વાત કરતા જોઇને 'पापा कहते हैं' ગીતની પંક્તિમાં થોડો ફેરફાર કરીને આ રીતે ગણગણવાનું મન થાય છેઃ

बेटा कहता है बडा नाम करेगा
पापा हमारा बडा काम करेगा.... ●

સીવીએમ બંગલો નં.૧૧, ગો.જો.શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર.

*॥ પ્રસંગપરાગ ॥*

*સુધીર મુખરજી*

આઠેક વરસ પહેલાંની વાત. રાત્રે દસેક વાગે કુલપતિશ્રી ડૉ.વી.એસ.પટેલને ત્યાંથી ફોન આવ્યો : "એમ.એ.ની તમારી છોકરીને એક્સિડન્ટ થયો છે... મારા બંગલાની બહાર ખટારાની નીચે આવી ગયેલી. મેજર એક્સિડન્ટ છે...કરમસદ દવાખાને દાખલ કરી છે..." સાથી અધ્યાપક ડૉ.નરેન્દ્ર પરમારને લઇને ભાગ્યો. તાત્કાલિક ઑપરેશન કરવામાં આવ્યું. છોકરી દૂર ઉત્તર ગુજરાતના છેવાડાના કોઇ ગામની હતી. તેના ઘરનાં માણસો આવ્યાં ત્યાં સુધી અમે ત્યાં જ હૉસ્પિટલમાં રોકાયેલા. રાતના ત્રણ વાગી ગયેલા. પાછા આવતાં સદ્ભાગ્યે રિક્શા મળી ગઇ. રિક્શાવાળો જાગતો રહે એટલે તેની જોડે વાતો કરતા હતા. ઘેર આવીને ભાડું ચૂકવ્યું... બીજા દિવસે બપોર પછી ચારેક વાગે પેલી છોકરીને જોવા ફરી દવાખાને ગયો. ગેટ પાસે રિક્શામાંથી ઊતરીને અંદર જતો હતો કે દૂરથી કો'કે બૂમ પાડી : "એ ચોકડીવાળા સાહેબ, એ ચોકડીવાળા સાહેબ (બુશકોટની ડિઝાઇનને કારણે), ઊભા રહો..." હું ઊભો રહ્યો. એક માણસ ઝડપભેર આવીને પૂછે, "તમે મને ઓળખ્યો ?...કાલે રાતે તમે મારી રિક્શામાં બેઠેલા. યાદ છે ને ?"મેં હા પાડી. પછી પૂછે,"તમે મને કેટલા પૈસા આલેલા?" "કેમ ? સો રૂપિયા... તમે મને સાઇઠ પાછા આપેલા" પેલો હસવા લાગ્યો. "ઓ મારા સાહેબ, યાદ તો કરો...તમે સો નહીં પાંચસોની નોટ આલેલી..." અને સો સોની ચાર નોટો આપતાં કહે, "આ લો, તમારા પૈસા" આશ્ચર્યથી મારી તો આંખો ફાટી ગઇ. મેં એનો ખૂબ આભાર માન્યો અને ઇનામ તરીકે પચાસની નોટ બળજબરીથી આપતાં બોલ્યો, "આપ કમાલકે આદમી હૈં" ...પછી પૂછ્યું: "અચ્છા યે બતાઇએ કિ અગર મૈં ન આયા હોતા તો ?" "તમે સો ટકા આવવાના હતા જ... રાતે તમે વાત વાતમાં કહેલું કે ફરી તમે પેલી સ્ટુડન્ટને જોવા આજે સાડા ત્રણ કે ચાર વાગે આવવાના...હું તમારી રાહ જોઇને ઊભો'તો" "માન લીજિયે અગર મૈં આજ ન આયા હોતા તો?" ફરી પ્રશ્ન કર્યો. "હું આજે સાંજે તમારે ઘેર આવત. પૈસા પાછા તો આલવા જ પડે ને... હરામના પૈસામાં બરકત નહીં" પેલો બોલે...ક્યા બાત હૈ !! સલામ સુરેશ...સલામ.

● ● ● ●

મુંબઇની ઓળખ ગેટ વે ઑફ ઇન્ડિયા. ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલયની (બી.જે.વી.એમ.) ઓળખ શ્રી વિલિયમ કાળીદાસ પરમાર. Peon Emeritus. એક વખત ભગિની સંસ્થા વી.પી.કૉલેજમાં વાર્ષિક પરીક્ષામાં વધારાના એક પટાવાળાની જરૂર પડી. વિલિયમભાઇને ત્યાં મોકલવામાં આવ્યા. પરીક્ષાર્થીઓને પાણી પા'વાનું કામ સોંપાયું. એક દિવસ જ્યારે પ્રો.ઇન્દુભાઇ સિનિયર સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિલિયમ કહે, "સાહેબ, એક વાત કરવી છે...ખોટું ન લગાડતા હોં." "બોલ વિલિયમ, શું છે?" ઇન્દુભાઇ પૂછે. "સાહેબ, રૂમોના કેટલાક સુપરવાઇઝરો બરાબર ધ્યાન નથી રાખતા. હું પાણી પાવા જાઉં ત્યારે જોતો હોઉં છું... તમે કહો, ચોરી કરનારને પકડવો જોઇએ કે નહિં ? વચ્ચે વચ્ચે તમે રાઉન્ડ મારવા જાવો છો...તમે પણ પકડતા નથી..." ઇન્દુભાઇ ગુસ્સે ન થયા. હસતાં હસતાં બોલ્યાં,"વિલિયમ હવેથી બધા ધ્યાન રાખશે...હું પણ. બરાબર છે?" "ઠેંક્યુ, સર" વિલિયમે પ્રતિભાવ આપ્યો. Senior Supervisor's Supervisor !

એક વખત વિલિયમભાઇ બી.જે.વી.એમ.કૉલેજનો કાગળ લઇને ચારુતર વિદ્યામંડળના મંત્રીશ્રીની સહી માટે ગયા. મંત્રીશ્રી (કદાચ આર.સી.દેસાઇ સાહેબ) બે ત્રણ મહેમાનો સાથે વાતો કરતા હતા. કાગળ આપીને વિલિયમ રૂમની બહાર ઊભા રહ્યા. દસેક મિનિટ થઇ ગઇ. વિલિયમની ધીરજ ખૂટી. અંદર આવીને કહે,"સાહેબ, મારે બીજાં પણ ઘણાં કામ છે...તમે ક્યારના વાતે વળગ્યા છો. આમાં સહી કરી આપોને...એટલે હું છૂટો..." મંત્રીશ્રીએ વિલિયમની સામે જોયું અને મલકાતાં મલકાતાં સહી કરી આપી. "લે વિલિયમ, હવે તું છૂટો" તેઓ બોલ્યા. "ઠેંક્યુ સર" કહી તે કૉલેજ આવતો રહ્યો. Sincerity thy name is William Kalidas Parmar ! •

---

માનસરોવર, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર

## ૨૦૦૯માં રમતગમતનું અવનવું

પી.ડી.શર્મા

૧. ભારતે ટેસ્ટક્રિકેટના ૭૭ વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ વખત આઈસીસી દ્વારા રેન્કિંગમાં પ્રથમ સ્થાન ૧૨૪ પોઈન્ટ સાથે મેળવીને ઈતિહાસ સર્જ્યો હતો અને તે માટે ભારતને ટેસ્ટની નંબર વન ટીમ બનવા બદલ આઈસીસીએ 'ટેસ્ટ ચેમ્પિયન ટ્રોફી' એનાયત કરી હતી. ભારત તરફથી કેપ્ટન ધોની અને સેહવાગે આઈસીસીના સીઈઓ લોર્ગટ પાસેથી ટ્રોફી સ્વીકારી હતી.

૨. વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં ભારતે રાજકોટ ખાતે શ્રીલંકા સામે ૪૧૪ રન નોધાવીને વિશ્વમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું. શ્રીલંકાએ પણ સખત લડત આપતા ૪૧૧ રન નોંધાવતા એક જ દિવસમાં ૮૨૫ રન, આ ક્રિકેટ ઈતિહાસની બીજી ઘટના હતી. ૨૦૦૯ના વર્ષના આખરી દિવસે જાહેર થયેલા આઈસીસી વન-ડે ટીમ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને અને ભારત બીજા સ્થાને રહ્યું હતું.

૩. ૨૭મી ડિસેમ્બરના રોજ દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન પર યોજાયેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની શ્રેણીની પાંચમી અને આખરી વન-ડે જોખમી પીચને કારણે રદ કરવામાં આવી હતી. અસમાન ઉછાળ ધરાવતી પીચ પર દિલશાન-જયસૂર્યા જેવા બેટ્સમેનોએ ઈજા થયા બાદ શ્રીલંકાએ રમવાનો ઈન્કાર કરી દીધો હતો. કોચ રેફરીએ લાંબી ચર્ચા વિચારણા અને તપાસ બાદ આખરે મેચ પડતી મુકાયેલી જાહેર કરતા ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એક કલંકિત ઘટના નોંધાઈ હતી. આઈસીસીએ આ વાતની ગંભીર નોંધ લીધી હતી અને બીસીસીઆઈને શો કોઝ નોટીસ ફટકારી હતી અને ૧૪ દિવસમાં જવાબ આપવાની ફરજ પાડી હતી. આ દુ:ખદ ઘટનાને કારણે બીસીસીઆઈએ આવતા વર્ષે રમાનારી ભારત અને સાઉથ આફ્રિકાની શ્રેણીની એક પણ મેચ દિલ્હીના ફિરોઝશાહ કોટલા સ્ટેડિયમને ન ફાળવવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહિ પણ દિલ્હીમાં યોજાનારી ૨૦૧૧ના વર્લ્ડકપની મેચો સામે પણ પ્રશ્નાર્થ ચિહ્ન સર્જવા પામ્યું છે.

૪. ફ્રેન્સ ઓપન મેન્સ ડબલ્સમાં ભારતીય ખેલાડી લિએન્ડર પેસ અને રિપબ્લિકના ડીલુહીની જોડીએ સાઉથ આફ્રિકાના વેસ્લી મુડી અને બેલ્જીયમના નોર્મનને હરાવી ચેમ્પિયનશિપ જીતી હતી. એટલું જ નહિ પણ યુએસ ઓપનમાં પણ લિએન્ડર પેસ અને ડીલુહીની જોડીએ મહેશ ભૂપતિ અને નોલ્સને હરાવી ટાઈટલ જીત્યું હતું.

૫. સ્વિટ્ઝર્લેન્ડના મહાન ટેનિસ ખેલાડી રોજર ફેડરરે પહેલી વખત ફ્રેન્ચ ઓપન જીતી ચારેય ગ્રાં સ્લેમ જીતનારા છઠ્ઠા ખેલાડી તરીકે રેકોર્ડબુકમાં સ્થાન મેળવ્યું હતું. એટલું જ નહિ પણ વિમ્બલ્ડનની મેરેથોન ફાઈનલમાં રોડ્કિને હરાવી કારકિર્દીનું ૧૫મું ગ્રાં સ્લેમ જીતીને ફેડરરે અમેરિકાના પીટ સામ્પ્રસના સૌથી વધુ ૧૪ ગ્રાં સ્લેમ જીતવાના 'વર્લ્ડ રેકોર્ડ'ને તોડી નાંખ્યો હતો. એટલું જ નહિં પણ આઈટીએફ દ્વારા પણ '૨૦૦૯ના વર્ષના શ્રેષ્ઠ ખેલાડી' તરીકે તેઓની પસંદગી થઈ હતી.

૬. આઈટીએફ દ્વારા '૨૦૦૯ના વર્ષની શ્રેષ્ઠ મહિલા ટેનિસ ખેલાડી' તરીકે અમેરિકાની સેરેના વિલિયમ્સની પસંદગી કરવામાં આવી હતી.

૭. સ્પેનિશ બુલ તરીકે ટેનિસજગતમાં જાણીતા બનેલા રફાલ નડાલ માટે ૨૦૦૯નું વર્ષ અત્યંત મુશ્કેલ રહ્યું હતું.

૮. જમૈકાના યુસૈન બોલ્ટે 'ફાસ્ટેસ્ટ મેન ઓન અર્થ'નું ૨૦૦૯ના બેઈજિંગ ઓલિમ્પિક્સમાં મળેલું બિરુદ વર્ષ ૨૦૦૯માં પણ જાળવી રાખ્યું હતું. ૧૦૦ અને ૨૦૦ મીટરમાં છેલ્લા બે

વર્ષથી યુસૈન બોલ્ટને કોઇ હરાવી શક્યું નથી. બર્લિન ખાતેની 'વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'માં ૧૦૦ મીટર દોડ ૯.૫૮ સેકન્ડમાં પૂરી કરી ન કલ્પી શકાય તેવો 'વર્લ્ડ રેકોર્ડ' સ્થાપિત કર્યો હતો. તેઓએ ૨૦૦ મીટર દોડમાં પણ 'વર્લ્ડ રેકોર્ડ' સાથે પૂર્ણ કરી હતી.

૯. ભારતમાં બેંગ્લોર મુકામે શારીરિક વિકલાંગો માટે 'વર્લ્ડ ગેમ્સ'નું ખૂબ જ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩ દેશોના ૮૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

૧૦. ડિસેમ્બરમાં રમાયેલ ડેવિસકપની પ્રતિષ્ઠિત ફાઇનલ ટેનિસ સ્પર્ધા સ્પેને જીતી હતી.

૧૧. વર્ષ ૨૦૦૯માં ફીફા અન્ડર-૨૦ વર્લ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટ ઘાના દેશે જીતી હતી.

૧૨ વર્ષ ૨૦૦૯માં ઑલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા 'સર્વશ્રેષ્ઠ ભારતીય ફૂટબોલર' તરીકે સુબ્રતપાલની પસંદગી કરવામાં આવી હતી.

૧૩. ફીફા દ્વારા '૨૦૦૯ના વર્ષના શ્રેષ્ઠ ફૂટબોલર' તરીકે આર્જેન્ટીનાના 'મેસી'ની પસંદગી કરવામાં આવી હતી.

૧૪. ડિસેમ્બર, ૨૦૦૯માં સ્પેનના બાર્સેલોના ક્લબે ફૂટબોલમાં ખૂબ જ પ્રતિષ્ઠિત 'વર્લ્ડ ક્લબ કપ' જીતીને ઇતિહાસ રચ્યો હતો.

૧૫. ૨૦૦૯ વર્ષના 'સર્વેશ્રેષ્ઠ એથ્લેટ' તરીકે જમૈકાના યુસૈન બોલ્ટની પસંદગી થઇ હતી.

૧૬. ૨૦૦૯ વર્ષની 'સર્વશ્રેષ્ઠ મહિલા એથ્લેટ' તરીકે અમેરિકાની સાન્યા રીચાર્ડસની પસંદગી થઇ હતી.

૧૭. વર્ષ ૨૦૦૯ માટે 'સીએટ ઇન્ટરનેશનલ ક્રિકેટર ઑફ ધ યર'નો એવોર્ડ ભારતના ગૌતમ ગંભીરને એનાયત થયો હતો અને 'સીએટ ટીમ ઑફ ધ યર' નો એવોર્ડ 'ઓસ્ટ્રેલિયા'ની ટીમને એનાયત થયો હતો.

૧૮. ૩જી માર્ચ, ૨૦૦૯ના રોજ શ્રીલંકાની ટીમ પર પાકિસ્તાનમાં લાહોર મુકામે આતંકવાદી હુમલાને કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો અને ત્યારબાદ કોઇ પણ દેશની ટીમ  પાકિસ્તાનમાં રમવા માટે તૈયાર થઇ ન હતી. એટલું જ નહિ પણ આઇસીસીએ આ આતંકવાદી ઘટનાને કારણે પાકિસ્તાન પાસેથી ૨૦૧૧ વર્લ્ડકપની તમામ મેચો આંચકી લીધી હતી.

૧૯. ગોલ્ફની દુનિયામાં જીવંત દંતકથા સમાન અમેરિકાના ટાઇગર વુડ્ર્ઝ માટે વર્ષનો આખરી તબક્કો અત્યંત મુશ્કેલ ભર્યો રહ્યો હતો અને સેક્સ એફર્સના કારણે પોતાના લગ્નજીવનને બચાવવા માટે ગોલ્ફમાંથી અનિશ્ચિત સમય માટે બ્રેક લેવાની ફરજ પડી હતી.

૨૦. ઓસ્ટ્રેલિયાના પારવફુલ ઓપનર હેડનને વર્ષના પ્રારંભે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. આક્રમક બેટીંગ માટે જાણીતા હેડને આઇપીએલમાં ચેન્નાઇ ટીમ તરફથી રમવાનું ચાલુ રાખ્યું છે. આખરી ટેસ્ટમાં તેની પત્ની અને બાળકો મેદાન પર ખાસ હાજર રહ્યા હતા.

૨૧. વીરેન્દ્ર સેહવાગે ૨૦૦૯ વર્ષમાં વિસ્ફોટક બેટીંગ કરી હતી અને શ્રીલંકા સામેની ત્રીજી અને આખરી ટેસ્ટમાં તેણે ૨૯૩ રનની શાનદાર ઇનિંગ ફટકારી હતી અને આ રીતે તેઓ માત્ર સાત રન માટે ત્રણ ત્રેવડી ફટકારનારા ક્રિકેટવિશ્વના પ્રથમ બેટસમેન બનવાથી વંચિત રહ્યા હતા. હાલમાં સેહવાગ, બ્રેડમેન અને લારા બે-બે ત્રેવડી સદી સાથે ટોચના ક્રમે છે. વર્ષ ૨૦૦૯માં સેહવાગે કારકિર્દીની છઠ્ઠી બેવડી સદી ફટકારી ભારતીય ટેસ્ટ ઇતિહાસમાં સૌથી વધુ બેવડી સદીનો રેકોર્ડ પોતના નામે કર્યો હતો.

૨૨. વર્ષ ૨૦૦૯માં ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦ વર્ષ લાંબી સફરનો માઇલસ્ટોન પાર કરવાની સાથે વન-ડેમાં ૧૭,૦૦૦થી વધુ રન અને ટેસ્ટ મેચ તથા ટ્વેન્ટી-૨૦ સાથે ૩૦,૦૦૦ થી વધુ રન અને ૮૮ સદી કરી જે નવા ઇતિહાસ સર્જ્યા છે તે ભવિષ્યમાં ભાગ્યે જ કોઇ ખેલાડી તોડી શકે એવા છે.

૨૩. વર્ષ ૨૦૦૯માં એશિયન ગોલ્ફ ચેમ્પિયનશીપમાં ભારતના ગગનજીત ભુલ્લર ચેમ્પિયન બન્યા હતા.

૨૪. વર્ષ ૨૦૦૯માં વર્લ્ડ પ્રોફેશનલ બિલિયર્ડસનું ટાઇટલ

ગુજરાતના પંકજ અડવાણીએ ઈંગ્લેન્ડના નવ વખતના ચેમ્પિયન માઈક રસેલને હરાવી મેળવ્યું હતું.

૨૫. અમેરિકાના લેજન્ડ સ્વિમર માઈકલ ફેલ્પ્સે વર્ષ ૨૦૦૯માં ઈટાલીના રોમમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ૧૦૦ અને ૨૦૦ મીટર બટરફ્લાયમાં વર્લ્ડરેકોર્ડ નોંધાવ્યા હતા. તો બે રીલે રેસમાં વર્લ્ડરેકોર્ડ નોંધાનારી અમેરિકાની ટીમમાં પણ સામેલ હતા.

૨૬. લાહોરમાં શ્રીલંકાની ટીમ પર થયેલા આતંકવાદી હુમલા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સાવ અલગ પડી ગયેલા પાકિસ્તાને ઈંગ્લેન્ડમાં યોજાયેલા ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં બધાના આશ્ચર્ય વચ્ચે ચેમ્પિયન બની અનોખો ઈતિહાસ રચી દીધો હતો.

૨૭. આઈપીએલની પ્રથમ સિઝનમાં સુપરફ્લોપ રહેનારી ડેક્કન ચાર્જર્સની ટીમે સાઉથ આફ્રિકામાં યોજાયેલી બીજી સિઝનમાં વિજય મેળવીને ઈતિહાસ રચ્યો હતો.

૨૮. આર્જેન્ટીનાના પ્રતિભાશાળી ટેનિસ ખેલાડી પોટ્રોએ વર્ષની આખરી ગ્રાંસ્લેમ ચેમ્પિયનશીપ યુએસ ઓપનમાં વર્લ્ડ નંબર વન રોજર ફેડરરને હરાવી મેજર અપસેટ સર્જતા ટેનિસજગતનું ધ્યાન ખેંચ્યું હતું. પોટ્રો ગ્રાંસ્લેમ ચેમ્પિયનશીપની ફાઈનલમાં નડાલ બાદ ફેડરરને હરાવનારો માત્ર બીજો ખેલાડી બન્યો હતો.

૨૯. વર્ષ ૨૦૦૯માં બેલ્જીયમની કમ-બેક ક્વીન કિમ ક્લાઈસ્ટર્સે સફળ પુનરાગમન કરતાં યુએસ ઓપન ચેમ્પિયનશીપ જીતીને ઈતિહાસ રચી દીધો હતો.

૩૦. ૨૦૦૮ બેઈજિંગ ઓલિમ્પિક્સમાં ઐતિહાસિક બ્રોન્ઝમેડલ જીતનારા ભારતીય બોક્સર વિજેન્દરે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં પણ ૭૫ કિગ્રા વજન વર્ગના મિડલ વેઈટમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો હતો. વિજેન્દરે આ વર્ગમાં વર્લ્ડ નંબર વનનું સ્થાન મેળવવાની સાથે ભારતને બોક્સિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સૌપ્રથમ મેડલ જીતાડવાની સિદ્ધિ પણ પોતના નામે કરી હતી.

૩૧. સાયના નેહવાલે ભારતીય બેડમિંટનને વિશ્વસ્તરે સન્માનજનક સ્થાન અપાવ્યું છે. બેડમિંટનમાં એલિટ કક્ષાનું ગણાતું ઈન્ડોનેશિયા ઓપન સુપર સિરીઝ ટાઈટલ જીતીને સાયનાએ ભારતને ગૌરવ અપાવ્યું હતું. આ ટુર્નામેન્ટ જીતનારી તે સૌપ્રથમ ભારતીય ખેલાડી બની હતી.

૩૨. ભારતે ફરી વખત નેહરુકપ ફૂટબોલમાં જબરદસ્ત વિજય મેળવતા શ્રેષ્ઠતા સાબિત કરી હતી.

૩૩. લાંબા અંતરની દોડના નિષ્ણાત ખેલાડી કેનેનિસા બકેલે માટે પણ ૨૦૦૯નું વર્ષ યાદગાર રહ્યું હતું. બકેલેએ ૫૦૦૦ અને ૧૦૦૦૦ મીટરમાં શ્રેષ્ઠતા સાબિત કરતાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

૩૪. જર્મનીના પોલ બીડરમાને વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં ઓસ્ટ્રેલિયાના ઈયાન થોર્બ સાત વર્ષ અગાઉ નોંધાવેલા વર્લ્ડ રેકોર્ડને તોડી ગોલ્ડમેડલ જીત્યો હતો. ૨૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં બીડરમાને ઓલિમ્પિક ચેમ્પિયન ફેલ્પસને તેનો જ વર્લ્ડ રેકોર્ડ તોડીને હરાવતાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

૩૫. સાઉથ આફ્રિકાની મહિલા એથ્લીટ તરીકે મેડલ જીતનારી સેમેન્યાના જેન્ડર અંગે સર્જાયેલો વિવાદ એથ્લેટિક્સ જગતમાં છવાયેલો રહ્યો હતો. સાઉથ આફ્રિકા અને એથ્લેટિક્સ જગતની સર્વોચ્ચ સંસ્થાએ શરૂઆતના ટકરાવ બાદ સેમેન્યાને મેડલ પોતાની પાસે રાખવાની છૂટ આપી હતી. સેમેન્યા રાતોરાત સાઉથ આફ્રિકામાં સ્ટાર બની ગઈ હતી.

૩૬. ૩૦મી ડિસેમ્બરના રોજ મેલબોર્નમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને હરાવી ઓસ્ટ્રેલિયાના કેપ્ટન રિકી પોન્ટીંગે ૪૨મો વિજય મેળવ્યો હતો. આ સાથે જ પોન્ટીંગે ક્રિકેટ ટેસ્ટ ઈતિહાસમાં કેપ્ટન તરીકે સૌથી વધુ ૪૧ વિજય મેળવવાના ઓસ્ટ્રેલિયાના જ ભૂતપૂર્વ કેપ્ટન સ્ટીવ વોનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો.

૩૭. ૨૦૦૯ના વર્ષના આખરી દિવસે જાહેર થયેલા આઈસીસી ટેસ્ટ રેન્કીંગમાં ભારતનો ગૌતમ ગંભીર નંબર વન જાહેર થયો હતો અને ભારતના વીરેન્દ્ર સેહવાગે ચોથું સ્થાન મેળવ્યું હતું. •

બી-૧, સ્વિસ અવેન્યુ, પટેલ કોલોની,માણેક બાગ હોલ
સામે,આંબાવાડી,અમદાવાદ-૩૮૦૦૧૫ (મો) ૯૮૯૮૮ ૭૦૮૪૦

***સેમકોમને શ્રેષ્ઠ એક્રિડિટેશન :***

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર સંચાલિત સેમકોમ કોલેજને નેક એક્રેડિશનમાં ૩.૧૮ માર્કસ સાથે એ ગ્રેડની કોલેજ જાહેર કરવામાં આવી છે. સમગ્ર ભારતની ૭૫ કોલેજોમાંથી સર્વાધિક માર્કસ સાથે સર્વોચ્ચ સ્થાન મેળવવામાં સેમકોમ કોલેજ સફળ રહી છે. નેક કમિટી દ્વારા ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ.સી.એલ.પટેલ તથા પ્રિ.ડૉ.નિખીલ ઝવેરીની દીર્ઘદષ્ટિને બિરદાવી હતી અને ગ્રામ્ય વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા બનાવવાના સ્વપ્નને આવકાર્યું હતું.

આ પ્રસંગે ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું કે ચારુતર વિદ્યામંડળ આવી રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી સંસ્થાઓ બનાવવા માટે હંમેશા કટિબદ્ધ રહ્યું છે. આ પ્રસંગે હું આચાર્ય અને નિષ્ઠાવાન શિક્ષકોને બિરદાવું છું. કોલેજે નવીનતમ અભિગમ અને ઉચ્ચ માપદંડો સ્થાપીને ભારતભરમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રિ.ડૉ.નિખીલ ઝવેરીએ પણ સંસ્થાને નેક એક્રેડિટેશનમાં એ ગ્રેડ હાંસલ કરાવવા માટે મહત્વની પાયારૂપ ભૂમિકા ભજવી હતી. કોલેજમાં કોમર્સ, મેનેજમેન્ટ અને ઇ-બિઝનેસના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. કોલેજે કરેલા અભિનવ અભ્યાસક્રમો ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખી બનાવવામાં આવ્યા છે. તેમાં ટૂંકાગાળાનો બિઝનેસ એથિક્સનો અભ્યાસક્રમ, સિવિલ ડિફેન્સ ટ્રેનિંગ, આંત્રપ્રિનિયરશીપ ડેવલપમેન્ટ અને કોમ્પ્યુટર ટ્રેનિંગ નોંધનીય છે.

સમગ્ર ગુજરાત રાજયમાં આવેલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં સર્વોત્તમ માર્કસ મેળવનારી કોલેજ તરીકેનું બહુમાન પ્રાપ્ત કરવાનું ગૌરવ સેમકોમ કોલેજને ફાળે જાય છે. ડાયરેક્ટર ડૉ.નિખીલ ઝવેરીએ જણાવ્યું છે કે ૩.૧૮ માર્કસ સાથેનો એ ગ્રેડ કોલેજના સર્વે અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ઓફિસ સ્ટાફના અત્યંત કર્મનિષ્ઠ અભિગમ અને સમર્પિત ધ્યેયને તથા અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની પ્રેરણાને આભારી છે.

***એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ***

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ વલ્લભ વિદ્યાનગર ખાતે ELT@I ના સહયોગથી તા.૮-૧૦ જાન્યુઆરી ૨૦૧૦ દરમિયાન આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાઇ ગયો. આ પરિસંવાદનો મુખ્ય વિષય “Interactive Media in Pedagogy : Learning English in and Beyond Classroom” હતો. કુલ ૩૦૦ જેટલા પ્રાધ્યાપકો, નિષ્ણાતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ પરિસંવાદમાં સહભાગી થયા હતા. તેમાં ૧૪૦થી વધુ પેપર પ્રેઝન્ટેશન, ૪ પ્લીનરી સેશન્સ, ૧૧ વર્કશોપ અને એક પેનલ ડિસ્કશન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. વિશેષતઃ સિંગાપુર, યુકે, ઇરાન, ઇરાક, નેપાળ વગેરે દેશોમાંથી ૧૨ જેટલા વિદ્વાનોએ આ પરિસંવાદમાં હાજરી આપી હતી એ નોંધનીય છે.

કોન્ફરન્સના પ્રથમ દિવસે ઉદ્ઘાટન સમારંભમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી જયંતી રવિએ તથા EFLU, હૈદરાબાદના પ્રો-વાઇસ ચાન્સેલર ડૉ.માયા પંડિતે અનુક્રમે ઉદ્બોધન અને મુખ્ય વક્તવ્ય આપ્યાં હતાં. ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ.સી.એલ.પટેલે સૌને શુભાષીશ પાઠવી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સરકારને શક્ય તેટલી બધી જ પ્રકારની મદદ પૂરી પાડવાની ખાત્રી આપી હતી. અનિલ પાઠક (સિંગાપુર), હિલેરી નેસી(યુકે), જેમ્સ સીમ્પસન(યુકે) અને માર્ક પીર્કીન્સન(દિલ્હી) એમ ચાર વક્તાઓએ પરિસંવાદમાં મુખ્ય વક્તવ્યો આપ્યાં હતાં. જેમાં અંગ્રેજી ભાષા શિક્ષણમાં અધ્યયન, નવી કમ્યુનિકેટીવ પદ્ધતિ, E-learning અને Corpus resources જેવા વિષયો પર રસપ્રદ વાર્તાલાપ થયો હતો.

ભાગ લેનાર બધાજ લોકોએ એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સંસ્થાના ડિરેક્ટર, પ્રાધ્યાપકો અને સ્વયંસેવકોનું વ્યવસ્થાપન કૌશલ્ય અને નિષ્ઠાપૂર્વકની મહેનતને બિરદાવી હતી. અંતે વિદાય સમારંભમાં ELT@Iના વાઇસ પ્રેસિડેન્ટ ડૉ.કે.એમ.પ્રભુએ આ પરિસંવાદને એક અજોડ સફળતા ગણાવી ગુજરાત સરકાર અને એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટના અંગ્રેજી ભાષા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયાસો અને પ્રગતિની ભારોભાર પ્રશંસા કરી હતી.

***આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ :***

આજના શિક્ષણજગતમાં ગણિત, વિજ્ઞાન જેવા વિષયોનું મહત્ત્વ તો છે જ પરંતુ માનવને સમાજ અંગેનું જ્ઞાન આપે તે “સામાજિક વિજ્ઞાન”. માનવને વિશ્વ, બજાર, ભૂગોળ, ઇતિહાસ વગેરેનું જ્ઞાન જ સંપૂર્ણ બનાવે છે. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને “સામાજિક વિજ્ઞાન” વિષયમાં રુચિ જાગે, તેની ઉપયોગિતા સમજાય તે હેતુથી આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં આ વિષય ઉપર ૩૧મી ડિસેમ્બરના રોજ પ્રદર્શન તથા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલ ૨૮૭ વિદ્યાર્થીઓએ ૧૪૨ થી વધારે વિવિધ વિષયો ઉપર મોડલ તથા ચાર્ટસ્ બનાવ્યાં હતાં. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલે આ કાર્યક્રમને ઉદ્ઘોષિત જાહેર કર્યો હતો તથા માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલે પણ મહેમાન તરીકે હાજરી આપી હતી. આ પ્રદર્શનમાં મુખ્ય મહેમાને કહ્યું હતું કે આ વિષય માનવ અને રાષ્ટ્રના ઘડતરમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે અને વ્યક્તિને સાચા અર્થમાં માનવી બનાવે છે. આ

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમે દૈયા વિશ્વા, લગારિયા પૂનમ તથા સરદાર અર્ષદીપસિંહને ઇનામો પ્રાપ્ત થયાં હતાં. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે આ વિષયનાં તજ્જ્ઞ શ્રીમતી વર્ષાબેન ઠાકરે સેવા આપી હતી. પ્રદર્શનની સફળતા પાછળ શાળાના આચાર્ય શ્રી કે.એન.પટેલ તથા સમગ્ર શાળા પરિવારનો સિંહફાળો રહ્યો હતો.

***૧૭મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ :***

ગુજરાત સ્થિત સાયન્સ સિટીમાં બાળ-માનસના પ્રશ્નોનું તર્કબદ્ધ નિરાકરણ આપી તેમના વૈજ્ઞાનિક દષ્ટિકોણને પ્રોત્સાહન આપવા ૧૭મી નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ યોજાઇ. તેમાં સમગ્ર દેશમાંથી બાળ વિજ્ઞાનીઓ જોડાયા હતા. ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થિની રૂત્વિ ભાસ્કરભાઇ પટેલે(ધો.૮-બ) તેના જૂથની અન્ય વિદ્યાર્થિનીઓ-વિધિ પટેલ, ધરા પટેલ, બંસરી પટેલ તથા પાર્થવી લાડની સાથે મળીને શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી ભાસ્કરભાઇ એ.પટેલના સચોટ માર્ગદર્શન હેઠળ "અર્બન : એનર્જી સોર્સીંગ ફ્રોમ વેસ્ટ" વિષયક પ્રોજેક્ટ રજૂ કર્યો હતો.

તા.૨૭-૧૨-૦૯થી તા.૩૧-૧૨-૦૯ સુધી પાંચ દિવસીય કાર્યક્રમમાં બાળ વિજ્ઞાનીઓએ સાયન્સ સિટી ખાતે વૈજ્ઞાનિકો સાથે મુલાકાત યોજી તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું. બાળ વિજ્ઞાનીઓએ વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લીધી. 3D ફિલ્મ તથા થ્રીલ રાઇડનો આનંદ માણ્યો. કાંકરીઆ કાર્નિવલની મુલાકાત તથા ગાંધી આશ્રમની મુલાકાત લઇ જ્ઞાન સાથે ગમ્મત મેળવી 'વિવિધતામાં એકતા'નું ઉદાહરણ પૂરું પાડ્યું.

***વિજ્ઞાન વિષયક ક્વીઝ સ્પર્ધા :***

આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં SPRERI-વિદ્યાનગર દ્વારા 'રીન્યુએબલ સોર્સ ઓફ એનર્જી' વિષય અંતર્ગત ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો. આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થી વિહંગ ભાસ્કરભાઇ પટેલ તથા દીપ ભાસ્કરભાઇ પટેલની ટીમે દ્વિતીય સ્થાન મેળવ્યું અને શાળાનું ગૌરવ વધાર્યું છે.શાળાના આચાર્યશ્રી કે.એન.પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. SPRERI દ્વારા વિજેતા ટીમના વિદ્યાર્થીઓને ઇનામ-ભેટ સાથે ચંદ્રક આપવામાં આવ્યો.

***વાર્ષિક રમતોત્સવ :***

આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ વિદ્યાનગરમાં શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉજવાઇ ગયો. જેમાં ૧૦૦મી., ૮૦૦ મી., ૧૫૦૦ મી., ૩૦૦૦ મી. જેવી દોડ, ગોળાફેંક, ચક્રફેંક, લાંબો કૂદકો, કોથળાદોડ, લીંબુ ચમચી દોડ, ધીમી ગતિ સાયકલ, લોટમાંથી પૈસો શોધવો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો. મુખ્ય મહેમાન સીવીએમના માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલે રમત ઉત્સવને ખુલ્લો જાહેર કર્યો. હેડ ગર્લ-મિરાની ત્રિવેદીએ ખેલદિલીપૂર્વક રમત રમવા ખાતર શપથવિધિ કરાવી. મુખ્ય મહેમાનશ્રીએ પ્રસંગોચિત પ્રવચન આપી રમતવીરોના ઉત્સાહને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. હેડ બોય-નીરજ પરમારે આભારવિધિ કરી હતી. મુખ્ય મહેમાને પ્રવચનમાં જીવનમાં રમતનું મહત્ત્વ, તેની ઉપયોગિતા સમજાવી, ખેલદિલીપૂર્વક ભાગ લઇ નિર્ણાયકના નિર્ણયને માન આપવા સમજાવ્યું. ભાઇઓમાં અન્સારી મુજમ્મીલ તથા બહેનોમાં પટેલ રીયા ચેમ્પીઅન રહ્યાં હતાં.

***ભાવનગર ગદ્યસભા :***

ભાવનગર ગદ્યસભાના સ્થાપનાદિન નિમિત્તે તમામ સર્જકો માટે ગુજરાતી એકાંકી નાટ્યલેખન સ્પર્ધાનું આયોજન થયું છે. ૩૦ થી ૪૫ મિનિટની સમય મર્યાદામાં ભજવી શકાય તેવું(મંચનક્ષમ) ગુજરાતી એકાંકી, એ-૪ સાઇઝના કાગળની એક બાજુએ ટાઇપ કરીને તા.૨૮-૨-૧૦ સુધીમાં અજય ઓઝા ૫૮, મીરાપાર્ક, 'આસ્થા', અખિલેશ સર્કલ, ઘોઘારોડ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત) (મો-૯૮૨૫૨૫૨૮૧૧)ના સરનામે પહોંચાડવું. કૃતિ પર સર્જકે નામ-સરનામું ન લખતાં અલગ કાગળ પર જ લખવું. વિજેતાઓને પ્રથમ ઇનામ ૧૦૦૦, બીજું ઇનામ ૭૫૦, ત્રીજું ઇનામ ૫૦૦ આપવામાં આવશે.ભાવનગર ગદ્યસભાના પ્રમુખ ગંભીરસિંહ ગોહિલ, સંવાહક માય ડિયર જયુ અને મંત્રી નટવર વ્યાસે સર્જકોને આ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

***'દૂત'નો રંગારંગ શતાબ્દી સમારોહ :***

આણંદથી પ્રસિદ્ધ થતા 'દૂત'ના શતાબ્દી મહોત્સવમાં ધર્માધ્યક્ષ બિશપ થૉમસ મેકવાનને સામયિકના કર્તવ્ય-ફરજની સમજ આપી હતી. આ પ્રસંગે મહામહિમ રાજ્યપાલ ડૉ.કમલા બેરીવાલે પાઠવેલા શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતું કે, "ગુજરાતી સામયિકોમાં અવિરતપણે પ્રકાશના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવાનું બહુમાન 'બુદ્ધિપ્રકાશ' પછી 'દૂત'ને ફાળે જાય છે. સમાજની સેવા કરવામાં અખબાર અને સામયિકો સક્રિય રસ દાખવે તેવી શુભકામના." આ પ્રસંગે 'દૂત'ના તંત્રી જૉન કાનીસ, માનદ તંત્રી ફાધર વિનાયક, ફા.વર્ગીસ, ફાધર ઇસુદાસ કવેલી, ફાધર ફ્રાન્સીસ સહિતના અગ્રણીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. સમારંભ દરમિયાન હજારોની જનમેદની વચ્ચે દૂતના પ્રથમ અંક અને જાન્યુઆરી-૨૦૧૦ના અંકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમારંભમાં અતિથિવિશેષ તરીકે ફાધર કિથે ભવ્ય પરમયજ્ઞ અર્પણ કર્યો હતો. આ પ્રસંગે આણંદ સાહિત્ય પ્રકાશનની જવાબદારી સંભાળવા બ્રધર અબ્રિલ એસ.જે.ના વરદ હસ્તે દૂત શતાબ્દી પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

## -: સૂચના :-

૧ 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨ ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩ સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪ ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫ 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬ લવાજમ વાર્ષિક / આજીવન, રૂબરૂમાં - મનીઑર્ડરથી - બૅન્ક ડ્રાફ્ટ - ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું પૂરું નામ-સરનામું પિનકોડ સાથે લખવું. બહારગામના બૅન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ કાર્યાલય'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭ વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :


- ***ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો.૨૨, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૦૧૯૩***
- ***પ્રા. હરિ દેસાઈ, નિયામક : સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ.આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૩૩૧૯૧ મોઃ ૯૮૯૮૫ ૪૩૮૮૧***
  ***ઈ-મેઈલ :*** editor.vidyanagar@gmail.com


લવાજમ : વાર્ષિક : રૂ. ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ રૂ. ૧૦૦/-
આજીવનઃ રૂ. ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉંડ; આજીવન ૧૦૦ ડોલર અથવા ૭૦ પાઉંડ
છૂટક નકલની કિંમત રૂ.૧૫+ રવાનગી ખર્ચ રૂ.૧૦/-



બિઝનેસમાં નીતિમૂલ્યોના આચરણ અંગે સેમકોમ કોલેજ આયોજિત કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રસંગે મેનેજમેન્ટ ગુરુ શ્રી જી.નારાયણ, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને સેમકોમના નિયામક ડૉ.નિખીલ ઝવેરીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઉદ્‌બોધન કર્યાં હતાં.



એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના પ્રમુખપદે આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ગુજરાતનાં ઉચ્ચશિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ, ઇએફએસ યુનિવર્સિટીનાં ઉપકુલપતિ ડૉ.માયા પંડિત, ઇન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજા સહિતનાં મહાનુભાવો મંચ પર હતાં.

**V-Vidyanagar**
**P.O.Reg. No. G-AND-318**
**Valid upto 31-12-2011**
**Date of Posting 25th of Every Month**
**Posted at Vallabh Vidyanagar**

**RNI No.Guj/2009-11/5433**
**February, 2010**

**Atul Dodiya**



**Gau-Raksha Meeting,** 1998, Water Colour 70" x 45"

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat